# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૧૪ જૂન ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ વદ ૩ | અંક : ૩૪૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદની ઘટનાથી બોઈંગ વિમાનની સુરક્ષા પર સવાલો ઉઠ્યા

**।(એજન્સી) અમદાવાદ, તા.૧૩।**

અમદાવાદમાં એર ઈન્ડિયાનું લંડન જતું વિમાન ગણતરીની સેકન્ડમાં ધડાકાભેર તૂટી પડ્યું હતું. એરપોર્ટ નજીકના રહેણાક વિસ્તારમાં પડ્યા બાદ વિમાન અગનગોળામાં લપેટાઈ જતા નોંધપાત્ર ખુંવારી થઈ હતી. એર ઈન્ડિયાનું જે પ્લેન ક્રેશ થયું તે બોઈંગ કંપનીનું ૭૮૭-૮ પ્રકારનું એરક્રાફ્ટ હતું. વિશ્વમાં બોઈંગ ૭૮૭-૮ વિમાન તૂટી પડ્યું હોવાની આ સૌપ્રથમ ઘટના હોવાનું મનાય છે. આ સાથે જ ડ્રીમલાઈનર કંપનીના બોઈંગ વિમાનોની સુરક્ષા પર પણ ફરી સવાલો ઉભા થયા છે. બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈન જેવા આધુનિક અને સુરક્ષિત ગણાતા વિમાનનું ટેકઓફની ગણતરીની સેકન્ડમાં ક્રેશ થવું સમગ્ર ઉડ્ડયન ઉદ્યોગ ક્ષેત્ર માટે એક આંચકારૂપ છે. એવિએશન સેફ્ટી નેટવર્કના ડેટાના મતે અમદાવાદની દુર્ઘટનામાં બોઈંગનું આ પ્રકારનું એરક્રાફ્ટ તૂટ્યું હોવાનો સૌથી ગોઝારો બનાવ છે.

### એર ઈન્ડિયાના પાયલોટે અમદાવાદ ATCને ‘મેડે’ કોલ આપ્યો હતો

**।(એજન્સી) અમદાવાદ, તા.૧૩।**

અમદાવાદથી લંડન માટે અમદાવાદના સરદાર પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઉડાન ભરનાર એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ ૧૭૧ના પાયલોટે વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું તેની થોડીક્ષણ પૂર્વે ‘મેડે’ કોલ આપ્યો હતો. વિમાન જ્યારે ક્રેશ થવાની સ્થિતિમાં હોય છે ત્યારે પાયલોટ દ્વારા મેડે અર્થાત ઈમર્જન્સીનો કોલ આપવામાં આવે છે. અમદાવાદ-લંડન જતી એરઈન્ડિયાની ફ્લાઈટના પાયલોટે પણ વિમાન ક્રેશ થયું તે અગાઉ અમદાવાદ એરપોર્ટ સ્થિત એર ટ્રાફિક કંટ્રોલરને મેડે કોલ આપ્યો હતો.આ વિમાન ટેકઓફની ગણતરીની મિનિટોમાં જ ગરબડ થતા નજીકમાં આવેલા સિવિલ કેમ્પસમાં બિલ્ડિંગ સાથે અથડાયું હતું અને બાદમાં અગનગોળામાં ફેરવાઈ ગયું હતું. ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ)એ નિવેદનમાં જણાવ્યું કે, પાયલોટે અમદાવાદ એટીસીને મેડે કોલ આપ્યો હતો પરંતુ એટીસીએ ફ્લાઈટના પાયલોટનો વળતો સંપર્ક કર્યો ત્યારે કોઈ જ પ્રતિક્રિયા મળી નહતી. એર ઈન્ડિયાની લંડન જઈ રહેલી ફ્લાઈટનો મુખ્ય પાયલોટ કેપ્ટન સુમીત સભરવાલ હતો જે એલટીસી હોવાની સાથે ૮૨૦૦ કલાક ઉડાનનો અનુભવ ધરાવતો હતો. ફર્સ્ટ ઓફિસર અર્થાત કો-પાયલોટ ક્લાઈવ કુંદર હતો જે ૧૧૦૦ કલાક ઉડાનનો અનુભવી હતો.

# વડાપ્રધાન મોદીએ અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના સ્થળની મુલાકાત લીધી

## સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ઇજાગ્રસ્તોને મળીને વડાપ્રધાન મોદીએ સાંત્વના પાઠવી હતી





**।(એજન્સી) અમદાવાદ, તા.૧૩।**

અમદાવાદમાં થયેલી હૃદયદ્રાવક પ્લેન ક્રેશ દુર્ઘટનાથી આખો દેશ સ્તબ્ધ છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજે સવારે પરિસ્થિતિનો ચિતાર મેળવવા અમદાવાદ આવી પહોંચ્યા હતા. તેમણે દુર્ઘટનાસ્થળની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી અને ત્યાર બાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ઈજાગ્રસ્તોને મળીને સાંત્વના પાઠવી હતી. વડાપ્રધાન મોદીએ પ્લેન ક્રેશ થવાને કારણે ક્ષતિગ્રસ્ત થયેલી મેડિકલ હોસ્ટેલ અને મેસ બિલ્ડિંગનું નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન તેમની સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી કિંજારાપ્પુ રામ મોહન નાયડુ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ, કેન્દ્રીય રાજ્ય ઉડ્ડયન મંત્રી મુરલીધર મોહોલ, ગુજરાતના નાગરિક ઉડ્ડયન મંત્રી બલવંતસિંહ રાજપૂત, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા, મુખ્ય સચિવ પંકજ જોશી, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજકુમાર દાસ, રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય સહિત વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્લેન ક્રેશ દુર્ઘટનાસ્થળની મુલાકાત





લીધા બાદ વડાપ્રધાન મોદી અમદાવાદ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. ત્યાં તેમણે સારવાર મેળવી રહેલા ઈજાગ્રસ્ત દર્દીઓની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન એ દર્દીઓની સ્વાસ્થ્ય પૃચ્છા કરીને તેમના સ્વજનોને આ વિકટ પરિસ્થિતિનો સામનો કરવા હિંમત બંધાવી હતી. આ દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા તબીબો અને હેલ્થકેર વર્કર્સની મુલાકાત પણ વડાપ્રધાનએ લીધી હતી અને ઈજાગ્રસ્તોની સારવાર કરી રહેલા તબીબો પાસેથી દર્દીઓની હાલની સ્વાસ્થ્ય પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ સ્થળોની મુલાકાત લઈને નિરીક્ષણ કર્યા પછી અમદાવાદમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા કેન્દ્ર અને રાજ્ય સરકારના મંત્રીઓ અને વરિષ્ઠ સચિવઓ સાથે એક ઉચ્ચસ્તરીય બેઠક પણ યોજી

### વિજયભાઈ આપણી વચ્ચે નથી એ અકલ્પનીય છે : મોદી

# પીએમ મોદીએ અંજલિબેન અને પરિવારને મળી આપી સાંત્વના

**।(એજન્સી) અમદાવાદ, તા.૧૩।**



ગુરુવારના રોજ અમદાવાદ ખાતે બનેલી પ્લેન દુર્ઘટનામાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું નિધન થયું છે. વિજય રૂપાણીના નિધન બાદ રાજકોટ સહિત ગુજરાતભરમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. ત્યારે આજે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદની મુલાકાતે છે. આજે પીએમ મોદી વિજય રૂપાણીના પત્ની અંજલિબેન રૂપાણી તથા તેમના પરિવારને મળીને સાંત્વના આપી હતી.

વિજય રૂપાણી જ્યારે અમદાવાદથી લંડન જઈ રહ્યા હતા. ત્યારે જ ટેકઓફ વખતે આ ગોઝારી ઘટના બની હતી. આ દુર્ઘટના સમયે અંજલિબેન રૂપાણી તેમની દીકરીના ઘરે લંડન હતા. આ ઘટના બાદ તેઓ લંડનથી અમદાવાદ આવ્યા છે. આજે તેઓ પરિવાર સાથે પીએમ મોદીને મળ્યા હતા.

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે X પર લખ્યું કે, અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નિધન પર ઊંડા શોકની લાગણી વ્યક્ત કરું છું. સૌમ્ય અને સંવેદનશીલ વ્યક્તિત્વ ધરાવતા વિજયભાઈએ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં અને ત્યારબાદ પક્ષમાં કુશળ સંગઠક તરીકે વિવિધ જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક નિભાવી હતી. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પારદર્શી અને નિર્ણાયક નેતૃત્વથી રાજ્યની સર્વાંગીણ વિકાસ યાત્રાને આગળ ધપાવવામાં તેમનું યોગદાન સદૈવ યાદ રહેશે. સુજલામ સુફલામ જળ અભિયાનથી લઈને શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ માટેના તેમના સફળ અને પરિણામદાયી પ્રયાસો અવિસ્મરણીય છે. ઈશ્વર સદ્ગતના આત્માને શાંતિ અર્પે અને તેમના સ્વજનો અને સમર્થકોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના. જય જિનેન્દ્ર પીએમ મોદીએ પોતાના એક્સ પર આ અંગેની માહિતી આપી છે. જેમા વડાપ્રધાન મોદીએ જણાવ્યુ છે કે, વિજયભાઈ આપણી વચ્ચે નથી એ અકલ્પનીય છે. હું તેમને દાયકાઓથી ઓળખું છું. અમે ખભે ખભા મિલાવીને કામ કર્યું, જેમાં કેટલાક સૌથી પડકારજનક સમયનો પણ સમાવેશ થાય છે. વિજયભાઈ નમ્ર અને મહેનતુ હતા, પક્ષની વિચારધારા પ્રત્યે દૃઢ પ્રતિબદ્ધ હતા. પદ પર ચઢીને, તેમણે સંગઠનમાં વિવિધ જવાબદારીઓ નિભાવી અને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ખંતપૂર્વક સેવા આપી.

પીએમ મોદી વિજયભાઈ રૂપાણીના પરિવારજનોને મળી સાંત્વના પાઠવી. વિજયભાઈ આપણી વચ્ચે નથી એ વાત મન માનવા તૈયાર નથી. વર્ષોથી મારે તેમની સાથે નાતો રહ્યો છે. કંઈ કેટલાય પડકારજનક સમયમાં અમે ખભે ખભા મિલાવીને કામ કર્યું છે. સરળ અને સાલસ સ્વભાવના વિજયભાઈ ખૂબ મહેનતુ હતા તથા પક્ષની વિચારધારા પ્રત્યે પ્રતિબદ્ધ હતા. એક પાયાના કાર્યકર તરીકે જાહેર જીવનમાં કારકિર્દીની શરૂઆત કરી તેઓ સંગઠનમાં વિવિધ જવાબદારીઓ નિભાવતા નિભાવતા ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા.

પીએમ મોદીએ વધુમાં એક્સ પર લખ્યું છે કે, વિજયભાઈ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે મારે તેમની સાથે ઘનિષ્ઠતાથી કામ કરવાનું થયું હતું. તેઓએ ગુજરાતની વિકાસયાત્રાને આગળ ધપાવવા ઘણા પગલાં હાથ ધર્યાં હતા જેમાં ઈઝ ઑફ લિવિંગ એ નોંધપાત્ર છે. તેઓની સાથે થયેલ મુલાકાતો અને ચર્ચા હંમેશાં યાદ રહેશે. સદ્ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થનાપ ૐ શાંતિ...!!

# પરમાણુ ડીલ કરી લો નહીંતર ભયાનક હુમલો થશે : ટ્રમ્પની ઈરાનને ધમકી

### હજી પણ સમય છે, આ માનવસંહાર થતાં રોકી લો નહીં તો આગામી હુમલાઓ આના કરતાં પણ વધુ ભયાવહ હશે અને તે તબાહી મચાવશે : ડોનાલ્ડ ટ્રમ્પ

**।(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૩।**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ફરી શરુ થયેલા યુદ્ધ મામલે ઈરાનને પરમાણુ ડીલ કરવા સલાહ આપી છે. તેમણે આ સમાધાન કરવામાં નહીં આવે તો તેના અત્યંત માઠા પરિણામો ભોગવવાની ચીમકી પણ ઈરાનને આપી છે.

ઈઝરાયલના ભીષણ ડ્રોન હુમલામાં ઈરાનને મોટું નુકસાન થયું છે. ઈરાનની સેનાના ટોચના અધિકારીઓ અને પરમાણુ વિજ્ઞાનીઓ માર્યા ગયા છે. સામે ઈરાને પણ વળતો પ્રહાર કરતાં ઈઝરાયલની એર ડિફેન્સ



સિસ્ટમને ટાર્ગેટ બનાવી ૧૦૦ ડ્રોન વડે હુમલા કર્યા હતા. યુદ્ધની શરુઆત સાથે જ ટ્રમ્પે ઈરાનને સલાહ અને ચેતવણી બંને આપી છે.

ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર જણાવ્યું હતું કે, મેં ઈરાનને સમાધાન કરવાની અનેક તકો આપી હતી. મેં તેને આ યુદ્ધ આટલે જ અટકાવી દેવા અનેક વખત, આકરા શબ્દોમાં કહ્યું હતું, તેને સલાહ આપી હતી કે, તે પરમાણુ કરાર મુદ્દે સમાધાન કરે. નહીં તો તમે જે જાણો છો, અપેક્ષાછે,તેનાકરતાંપણવધુમાઠા પરિણામો ભોગવવા પડશે. મોટાપાયે જાનહાનિ થશે.

હજી પણ સમય છે, આ માનવસંહાર થતાં રોકી લો. નહીં તો આગામી હુમલાઓ આના કરતાં પણ વધુ ભયાવહ હશે અને તે તબાહી મચાવશે. ઈરાન પાસે હજી પણ તક છે તેનો ન્યુક્લિઅર પ્રોગ્રામ અટકાવી દે અને ઈરાનના સામ્રાજ્યને નષ્ટ થતું બચાવી લે. ટ્રમ્પે આગળ કહ્યું કે, અમેરિકા દુનિયામાં અત્યારસુધી સૌથી શ્રેષ્ઠ અને સૌથી ઘાતક ડિફેન્સ હથિયારો બનાવે છે. ઈઝરાયલ પાસે તેનો વિશાળ પ્રમાણમાં ભંડાર છે. આગામી સમયમાં ઈઝરાયલ તેનો ઉપયોગ કરી શકે છે. ન્યૂક્લિઅર ડીલ મુદ્દે ઈરાનના ટોચના નેતાઓ બહાદુરીપૂર્વક વાતો કરતા હતા, પરંતુ તેમને ખબર ન હતી, આગળ શું બનશે. તે તમામ માર્યા ગયા અને આગળ સ્થિતિ વધુ ભયાવહ બનશે. મોટાપ્રમાણમાં માનવસંહાર અને વિનાશ થઈ ચૂક્યો છે. ઈરાન આ વિનાશને હજી પણ અટકાવી શકે છે. ટ્રમ્પનું આ નિવેદન ઈરાનના સુપ્રીમો આયતુલ્લા અલી ખામેનેઈની ભીષણ હુમલાની ચીમકી બાદ આવ્યું છે.

### ફરી જોખમમાં આવ્યા ૧૫૬ મુસાફરોના જીવ

# એર ઇન્ડિયાની ફ્લાઇટનું ઇમરજન્સી લેન્ડિંગ કરાયું

**।(એજન્સી) ફુકેટ, તા.૧૩।**

થાઈલેન્ડના ફુકેટમાં એર ઈન્ડિયાના એક વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. આ ફ્લાઈટ ફુકેટથી નવી દિલ્હી આવી રહી હતી, પરંતુ શુક્રવારે બોમ્બની ધમકી બાદ તેનું ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ગુરુવારે અમદાવાદમાં એર ઈન્ડિયાની એક ફ્લાઈટ ક્રેશ થઈ ગઈ હતી. તેમાં સવાર ૨૪૨ લોકોમાંથી ૨૪૧ લોકોના મોત થયા હતા. રોઈટર્સના અહેવાલ મુજબ, એર ઈન્ડિયાની ફ્લાઈટ છૈં ૩૭૯ ફુકેટથી નવી દિલ્હી માટે રવાના થઈ હતી. તેમાં ૧૫૬ મુસાફરો સવાર હતા, પરંતુ ફ્લાઈટ ઉડાન ભર્યા પછી બોમ્બની ધમકી મળી હતી. આ પછી, ફ્લાઈટ આંદામાન સમુદ્રની આસપાસ ફર્યા પછી પાછી આવી અને ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. AOT દ્વારા હજુ સુધી બોમ્બની ધમકીની પુષ્ટિ કરવામાં આવી નથી. ફુકેટ એરપોર્ટના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ઈમરજન્સી લેન્ડિંગ પછી, મુસાફરોને ફ્લાઈટમાંથી બહાર કાઢવામાં આવી રહ્યા છે અને બધા સુરક્ષિત છે.

### લોકસભાની બેઠકો ઉત્તર પ્રદેશમાં વધીને ૧૪૩ થશે

**।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩।**

કેન્દ્ર સરકારની કેબિનેટે ગયા મહિને જાતિ આધારિત વસતી ગણતરીને મંજૂરી આપી દીધી છે અને સરકારે આ મહિને જાહેરાત કરી હતી કે, વર્ષ ૨૦૨૬થી બે તબક્કામાં માર્ચ ૨૦૨૭ સુધીમાં વસતી ગણતરી કરાશે. આવા સમયે ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલાં દેશમાં કેવી સ્થિતિ હશે તે અંગે એક રિપોર્ટ જાહેર થયો છે. આ રિપોર્ટ મુજબ ૨૦૨૯માં એકલા ઉત્તર પ્રદેશમાં લોકસભાની બેઠકો વર્તમાન ૮૦થી વધીને ૧૪૩ થઈ જશે જ્યારે દક્ષિણના રાજ્ય કેરળમાં લોકસભાની એક પણ બેઠક નહીં વધે.




# ફાર્મ હાઉસમાં ચાલી રહેલી ચિલિંગ પાર્ટી ઉપર દરોડાં

। (એજન્સી) સુરત, તા.૧૩ ।

શહેરમાં આવેલા એક ફાર્મ હાઉસમાં ચાલી રહેલી ડ્રગ્સ પાર્ટી પર એસએમસી દ્વારા રેડ પાડવામાં આવી હતી. જેમાં ડ્રગ્સની મહેફીલ માણી રહેલા યુવક-યુવતીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે ૭ લોકોની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે લગભગ બે દિવસમાં પાર્ટી પર રેડની આ ત્રીજી ઘટના સામે આવી છે. જ્યાં પોલીસ દ્વારા આવા ગોરખધંધાઓ પર રેડ પાડવામાં આવી છે. નોંધનીય છે કે, ઉદેપુરમાં આવેલા ફાર્મ હાઉસમાં રૂપલલનાઓ બોલાવી પાર્ટી કરતાં ૧૫ ગુજરાતીઓ ઝડપાયા બાદ આજે તલાલામાં આવેલા ફાર્મ હાઉસમાં દારુ પાર્ટી કરતાં ૨૩ લોકો ઝડપાયા છે. જ્યારે હવે સુરતમાં યુવક-યુવતીઓની ડ્રગ્સ પાર્ટી પર રેડના સમાચાર સામે આવ્યા છે. સુરતની વાત કરીએ તો, જીસ્ઝ દ્વારા શહેરમાં આવેલા એક ફાર્મ હાઉસમાં રેડ પાડવામાં આવી હતી. એસએમસી દ્વારા ડુમ્મસ રોડ પર આવેલા આશીર્વાદ ફાર્મમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જ્યાં ડ્રગની મેહફીલ માણી રહેલા યુવક-યુવતીઓની ધરપકડ કરવામાં આવી હતી.

# વડોદરાનો ગુમ થયેલો હેડ કોન્સ્ટેબલ હરિદ્વારથી મળ્યો

। (એજન્સી) વડોદરા, તા.૧૩ ।

વડોદરાના બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અલ્પેશ ખોડાજી સોમવારે (નવમી જૂન) ઘરે એક ચિઠ્ઠી લખીને નીકળી ગયો હતો. આ મામલે પાણીગેટ પોલીસે ગુમ હેડ કોન્સ્ટેબલની શોધખોળ શરૂ કરતા તે હરિદ્વારથી મળી આવ્યો છે. હાલ હેડ કોન્સ્ટેબલ હાલ હરિદ્વાર પોલીસના કબજામાં છે અને તેને વડોદરા લાવ્યા બાદ સમગ્ર મામલે તપાસ કરાશે. પ્રાપ્ત માહિતી અનુસાર, વડોદરાના પાણીગેટ વિસ્તારમાં આવેલી નવા પોલીસ લાઈનમાં રહેતા અલ્પેશ ખોડાજી (મૂળ રહેવાસી બનાસકાંઠા, વાવઃ વેજિયા) બાપોદ પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. તે સોમવારે (નવમી જૂન) રાત્રે ૧૦:૩૦ વાગે પોલીસ સ્ટેશનથી ઘરે આવ્યો હતો અને ત્યારબાદ કોઈને કશું પણ કહ્યા વગર જતા રહ્યો હતો. પરિવારે શોધખોળ હાથ ધરી હતી, પરંતુ તેમનો મોબાઈલ પણ સ્વીચ ઓફ બતાવતો હતો. ઘરમાં તપાસ કરતા એક ચિઠ્ઠી મળી આવી હતી જેમાં લખ્યું હતું કે 'મને મારા દાદા બોલાવે છે અને હું ત્યાં જવું છું.' આ બનાવ અંગે પાણીગેટ પોલીસે જાણવા જોગ નોંધ લઈ તાત્કાલિક સ્થાનિક પોલીસ, ડીવીઝનની ટીમ અને ક્રાઈમ બ્રાન્ચ મળી કુલ ત્રણ ટીમો બનાવી હેડ કોન્સ્ટેબલની શોધખોળ હાથધરી હતી.

# ગુજરાતના તમામ અભયારણ્યો ચાર મહિના માટે રહેશે બંધ

## ૧૫ ઓક્ટોબર સુધી રાજ્યના તમામ અભયારણ્યો તેમજ રાષ્ટ્રીય ઉદ્યાનો પ્રવાસીઓ માટે સંપૂર્ણ બંધ રહેશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૩ ।

ગુજરાતમાં ચોમાસા દરમિયાન આગામી તા. ૧૫ જૂનથી ચાર માસ માટે એટલે કે તારીખ ૧૫ ઓક્ટોબર-૨૦૨૫ સુધી રાજ્યના તમામ અભયારણ્યો તેમજ રાષ્ટ્રીય ઉદ્યાનો દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રવાસીઓ માટે સંપૂર્ણ બંધ રહેશે. વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ની જોગવાઈ મુજબ ચોમાસા દરમિયાન આ વિસ્તારમાં ભારે વરસાદને કારણે અચાનક પૂર, ચક્રવાત તેમજ ખરાબ રસ્તા જેવી પરિસ્થિતિ ઉભી થાય છે. વધુમાં આ સમયગાળો અનેક પક્ષીઓ, સસ્તનપ્રાણીઓ, સરીસૃપ વિગેરે પ્રજાતિઓ માટે પ્રજનનકાળ હોવાથી તેમાં અવરોધ થવાની શકયતાને ધ્યાનમાં લેતાં, વન વિભાગ દ્વારા ગુજરાતના તમામ અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનો ખાતે આવતાં પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તેમ, વન વિભાગના જાહેરનામામાં જણાવાયું છે. વધુમાં જણાવ્યાનુસાર આગામી તા. ૧૬ ઓક્ટોબર-૨૦૨૫થી તમામ અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનો પ્રવાસીઓ માટે રાબેતા મુજબ ચાલુ કરવામાં આવશે. નોંધનીય છે કે, આ પ્રતિબંધના સમયગાળા દરમિયાન કોઈપણ ખાનગી કે સરકારી વેબસાઈટ-પોર્ટલ પર પ્રવાસીઓ માટે આ સ્થળોની મુલાકાત કરવા ઓનલાઈન બુકિંગ કરવામાં આવતું નથી જેની પ્રવાસીઓએ ખાસ નોંધ લેવા વન વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. ઉત્તર પશ્ચિમી પવનોને કારણે રાજ્યમાં હજુ ચાર દિવસ ગરમીનો અહેસાસ થશે. આગામી ચારથી પાંચ દિવસ સુધી શહેરમાં ગરમીનો પારો ૪૧ ડિગ્રી રહેવાની શક્યતા હવામાન વિભાગે વ્યકત કરી છે. મંગળવારે અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૦.૨ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૮.૮ ડિગ્રી નોંધાયું હતું. બુધવારે શહેરમાં વાતાવરણ સ્વચ્છ રહ્યા બાદ ગુરૂવારથી સોમવાર સુધી વાદળિયા વાતાવરણના કારણે ગરમીથી થોડી રાહત મળી શકે છે. જોકે અસહ્ય બફારાનું પ્રમાણ યથાવત રહેવાનો અંદાજ છે. મંગળવારે અમદાવાદ ઉપરાંત ગાંધીનગર, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં તાપમાન ૪૦ ડિગ્રી આસપાસ નોંધાયું હતું. ભારતમાં આ વખતે એક સપ્તાહ વહેલા ચોમાસુ બેસતા લોકો ખુશખુશાલ થઈ ગયા હતા. નૈઋત્યનો વરસાદ એક જ સપ્તાહમાં કેરળથી મુંબઈ સુધી પહોંચી ગયો હતો. પરંતુ પછી અચાનક વાતાવરણે પલટો મારતા હાલ ઉત્તર ભારત આગ ઝરતી ગરમીમાં તપી રહ્યું છે. ચોમાસુ નજીક છે તેવા સમયે પણ માત્ર રાજસ્થાન, દિલ્હી, પંજાબ, હરિયાણામાં જ નહીં હિમાચ્છાદિત પર્વતોવાળા શ્રીનગરમાં પણ લોકો કાળઝાળ ગરમીથી પરેશાન થઈ ગયા છે.

### ૬૫ વર્ષીય વૃદ્ધ માટે કેરીનો સ્વાદ ભારે પડ્યો

# અજાણતા ગળી ગયેલો કેરીનો ગોટલો અન્નનળીમાં ફસાઈ ગયો

## વડોદરાના ગોત્રી હોસ્પિટલમાં ૬૫ વર્ષીય વૃદ્ધના અન્નનળીમાંથી સફળતાપૂર્વક કેરીનો ગોટલો દૂર કરાયો

। (એજન્સી) વડોદરા, તા.૧૩ ।

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં સૌથી મોટી ગોત્રી હોસ્પિટલમાં સારવાર માટે આવેલ દર્દી છોટાઉદેપુરના ૬૫ વર્ષીય વૃદ્ધ માટે કેરીનો સ્વાદ ભારે પડ્યો જ્યારે અજાણતા ગળી ગયેલો કેરીનો ગોટલો તેમની અન્નનળીમાં ફસાઈ ગયો. આ ઘટના બાદ દર્દી કંઈપણ ગળી શકવામાં અસમર્થ બન્યા હતા, જેના કારણે તાત્કાલિક તબીબી સારવારની જરૂર પડી.

દર્દીને વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં ફરજ બજાવતા ડો. હિરેન સોની એ આ પડકારજનક કેસ હાથ ધર્યો. ડો. હિરેન સોનીએ કોઈપણ પ્રકારના ચીરા કે ટાંકા વગર એન્ડોસ્કોપી પદ્ધતિનો ઉપયોગ કરીને અન્નનળીમાં ફસાયેલા કેરીના ગોટલાને સફળતાપૂર્વક બહાર કાઢ્યો. આ પ્રક્રિયા દર્દી માટે પીડારહિત અને અત્યંત સફળ રહી. એન્ડોસ્કોપી આધુનિક સાધનોનો ઉપયોગ કરીને શરીરના આંતરિક અવયવોની તપાસ કરવામાં આવે છે. ડો. હિરેન સોની ની કુશળતા અને આધુનિક તબીબી ટેકનોલોજીના સમન્વયથી વૃદ્ધ દર્દીને નવજીવન મળ્યું છે. આ સફળ ઓપરેશન ગોત્રી હોસ્પિટલની તબીબી ક્ષમતા અને ડો. હિરેન સોની નિપુણતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

### પોલીસે રૂ.૨.૩૫ લાખની સોનાની રણી જપ્ત કરી

# મહેસાણાના જગુદણ ગામેથી સોનાની બંગડીઓ ચોરનાર યુવતી ઝડપાઈ

। (એજન્સી) મહેસાણા, તા.૧૩ ।

મહેસાણા તાલુકાના જગુદણ ગામના એક મકાનમાંથી ચાર મહિના પહેલાં ચાર તોલા સોનાની બે બંગડીઓ ચોરનાર ગામની જ યુવતીને ઝડપી લઈ પોલીસે રૂ.૨.૩૫ લાખની સોનાની રણી જપ્ત કરી હતી.જગુદણના નાના બારોટવાસમાં રહેતા પ્રવિણચંદ્ર વ્રજલાલ બારોટના ઘરમાં બેડરૂમમાંથી ચાર તોલા સોનાની બે બંગડીઓ કિં.રૂ.૨.૪૦ લાખની ચોરી ગત તા.૭-૨-૨૫ના રોજ થઈ હતી. જે અંગે તેમણે મહેસાણા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પીઆઈ ડી.જી.બડવાની સૂચનાથી પીએસાઈ પી.એસ.જોશી તથા સર્વેલન્સ સ્ટાફના માણસોએ હાથ ધરેલી તપાસમાં ટેકનિકલ એનાલિસિસ તથા હ્યુમન સોર્સની મદદથી ગામના ઠાકોરવાસમાં રહેતી ઠાકોર નીશાબેન સંજયજીએ ચોરી કરી હોવાનું જણાયું હતું. જેથી તેને પકડીને પૂછપરછ કરતાં તે ગલ્લાંતલ્લાં કરતી હતી. ગાંધીનગર એફએસએલમાં આરોપીનો લેયર્ડ વોઈસ એનાલિસિસ ટેસ્ટ કરાવતાં તેણે ચોરી કરી હોવાનું જણાયું હતું. યુવતીને વિશ્વાસમાં લઈ યુક્તિ પ્રયુક્તિથી સઘન પૂછપરછ કરતાં આખરે તેણે ચારેક મહિના પહેલાં ઉપરોક્ત ઘરના બેડરૂમમાં ડ્રેસિંગ ટેબલ ઉપર મુકેલી સોનાની બે બંગડીઓની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપી યુવતીની અટક કરીને સોનાની બંગડીઓ ઓગાળીને બનાવેલી ૪૦ ગ્રામ સોનાની રણી કિ.રૂ.૨.૩૫ લાખ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કેસમાં ઉછાળો

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨૦૩ કેસ નોંધાયા

।(એજન્સી) અમદાવાદ, તા.૧૩।

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨૦૩ કેસ નોંધાયા હતા. નવા કેસની સાથે રાજ્યમાં હાલ કોરોનાના કુલ એક હજાર ૨૮૧ એક્ટિવ કેસ છે. જેમાંથી ૨૩ દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યારે એક હજાર ૨૫૮ દર્દીઓ ઓપીડી બેઝ સારવાર હેઠળ છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં સાજા થયેલા ૧૪૯ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જો કે સત્તાવાર રીતે રાજ્યમાં એક પણ દર્દીનું કોરોનાથી મોત થયું નથી.અમદાવાદ શહેરની વાત કરીએ તો શહેરમાં કોરોનાના નવા ૧૬૯ કેસ નોંધાયા હતા. અમદાવાદમાં કોરોનાના એક્ટિવ કેસનો આંક ૮૫૯ પર પહોંચ્યો હતો. શહેરમાં અત્યાર સુધી કોરોનાના ૧,૨૬૦ કેસ નોંધાયા હતા. પાલડી, વાસણા, નવરંગપુરા, સાબરમતી સહિતના વિસ્તારોમાં ૨૪૩ એક્ટિવ કેસ નોંધાયા છે. તે સિવાય જોધપુર-બોપલ-સરખેજ સહિતના વિસ્તારોમાં ૧૫૨ એક્ટિવ કેસ છે. ઉપરાંત મણિનગર-દાણીલીમડા-બહેરામપુરા સહિતના વિસ્તારોમાં ૯૯ એક્ટિવ કેસ નોંધાયા હતા.

અમદાવાદ શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૬૯ કેસ નોંધાયા હતા પણ તેની સામે માત્ર ૭૧ દર્દી સ્વસ્થ થયા હતા. છેલ્લા ૪૨ દિવસમાં કોરોનાના ૧ હજાર ૨૬૦ કેસ નોંધાયા હતા. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે લોકોને તાવ, શરદી, ખાંસી હોય તો ૨૭ જૂનના જગન્નાથજીની રથયાત્રામાં જોડાવવાનું ટાળવા અપીલ કરી હતી. કોરોનાની સ્થિતિ હાલ ગંભીર નથી પરંતુ સાવચેતી રાખવી ખૂબ જરૂરી છે. ત્યારે લોકોને કોરોનાના લક્ષણો હોય તો રથયાત્રામાં જવાનું ટાળવાની સલાહ આપી છે.

### માતાના મઢથી અમદાવાદ રૂટની એસ.ટી.બસને અકસ્માત નડયો

# અમદાવાદ-કચ્છ હાઈવે પર એસ.ટી. બસ, ટ્રકની પાછળ ઘુસી જતા અકસ્માત સર્જાયો

## એસ.ટી. બસમાં સવાર ૧૫થી વધુ મુસાફરોને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પીટલ ખસેડવામાં આવ્યા

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૩ ।

સુરેન્દ્રનગર જીલ્લામાં અકસ્માતના બનાવો દિન-પ્રતિદિન વધી રહ્યાં છે ત્યારે અમદાવાદ-કચ્છ હાઈવે પર એસ.ટી. બસ ટ્રક પાછળ ઘુસી જતા ગત બુધવારે મોડીરાત્રે અકસ્માત સર્જાયો હતો જેમાં એસ.ટી. બસમાં સવાર ૧૫થી વધુ મુસાફરોને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પીટલ ખસેડવામાં આવ્યા હતા જે બનાવ અંગે પોલીસે સ્થળ પર પહોંચી વધુ તપાસ હાથધરી છે.

આ અંગે મળતી માહિતી મુજબ અમદાવાદ-કચ્છ હાઈવે પર કચ્છના માતાના મઢથી અમદાવાદ રૂટની એસ.ટી.બસ મુસાફરોને લઈ જઈ રહી હતી તે દરમ્યાન હાઈવે પર ધ્રાંગધ્રા તાલુકાના ધૂમઠ ચોકડી પાસે એસ.ટી.બસ ટ્રક પાછળ ઘુસી જતા ઘડાકાભેર અકસ્માત સર્જાયો હતો જેમાં બસમાં સવાર અંદાજે ૧૫થી વધુ મુસાફરો (૧) ક્રિપાલસિંહ ગુમાનસિંહ જાડેજા રહે. મુન્દ્રા ઉ.વ.૨૦ (૨) ગુમાનસિંહ ભીમસિંહ જાડેજા રહે. મુન્દ્રા ઉ.વ.૪૧ (૩) હેમંતકુમાર વરસીંગભાઈ ડામોર રહે. દાહોદ ઉ.વ.૨૭ (૪) ભાવનાબેન હમીરભાઈ રહે. એંજાર ઉ.વ.૫૦ (૫) હમીરભાઈ ઈસુભાઈ કોટી રહે.અંજાર ઉ.વ.૫૫ (૬) સુરેશભાઈ મંગાભાઈ પાયર રહે. લાખી વીરા ઉ.વ.૩૬ (૭) નમન હેમંતકુમાર સોમપુરા રહે. અમદાવાદ ઉ.વ.૨૦ (૮) હેમંત બિહારી લાલ સોમપુરા રહે.અમદાવાદ ઉ.વ.૫૮ (૯) દિલીપભાઈ માણેકભાઈ શાહ રહે. અમદાવાદ ઉ.વ.૪૫ (૧૦) ધમાબેન દિલીપભાઈ શાહ રહે. અમદાવાદ ઉ.વ. ૪૫ (૧૧) વિપુલભાઈ અરવિંદભાઈ અધ્યારુ રહે. અમદાવાદ ઉ.વ.૫૦ (૧૨) હર્ષદભાઈ જયંતીલાલ મેવાડા રહે.ગાંધીધામ ઉ.વ.૪૯ (૧૩) આરતીબેન હર્ષદભાઈ મેવાડા રહે. ગાંધીધામ ઉ.વ.૪૨ (૧૪) ભગવતસિંહ ગંભીરસિંહ જાડેજા રહે.વમોટી કચ્છ ઉ.વ.૪૫ (૧૫) ઉષાબા ભગવતસિંહ જાડેજા રહે.વમોટી કચ્છ ઉ.વ.૪૪ (૧૬) સમીરભાઈ જીતેન્દ્રકુમાર નાઈ રહે.હાથ રોડ ઉ.વ.૩૦ (૧૭) યશપાલસિંહ ભરતસિંહ રાઠોડ રહે.સિંન વાળા ઉ.વ.૪૦ (૧૮) કનૈયાભાઈ ભુરાજી લુહાર રહે.રાજસ્થાન ઉ.વ.૬૨ (૧૯) અર્ચનાબેન હર્ષદભાઈ મેવાડા રહે.ગાંધીધામ ઉ.વ.૧૮વાળાને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ધ્રાંગધ્રા સરકારી હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

# અમદાવાદ વિમાન દુર્ઘટનામાં આખો પરિવાર સાફ થઈ ગયો

। (એજન્સી) બાંસવાડા, તા.૧૩ ।

અમદાવાદમાં થયેલી એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં બાંસવાડા જિલ્લા સાથે સંબંધિત એક દુ:ખદ મામલો સામે આવ્યો છે. આ દુર્ઘટનામાં બાંસવાડાના રહેવાસી પ્રતીક જોશી પોતાના આખા પરિવાર સાથે ફ્લાઈટમાં સવાર હતા. પ્રતીક જોશી આશરે છ વર્ષ પહેલાં લંડન શિફ્ટ થઈ ગયા હતા. હવે તે પોતાની પત્ની અને ત્રણ બાળકો સાથે સ્થાયી રીતે વસવાટ માટે લંડન જઈ રહ્યા હતા. પ્રતીક જોશીની પત્નીનું નામ ડો. કોમી વ્યાસ છે. તે એક ડોક્ટર હતી અને તેણે બે દિવસ પહેલાં જ પોતાની નોકરીમાંથી રાજીનામું આપી દીધું હતું, જેથી તે લંડનમાં નવી શરૂઆત કરી શકે. આ પરિવારમાં ત્રણ બાળકો છે. જેમાં બે જોડિયા દીકરીઓ છે અને બંનેની ઉંમર પાંચ વર્ષ છે. આખો પરિવાર લંડનમાં સ્થાયી થવાના ઈરાદે આ ફ્લાઈટમાં સવાર થયો હતો. પ્રતીકની લાંબા સમયથી યોજના હતી કે, તે હવે પત્ની અને બાળકોને પણ લંડન લઈ જાય અને એક સાથે નવી જિંદગીની શરૂઆત કરે. પરંતુ કિસ્મતને કંઈક અલગ જ મંજૂર હતું.

## વિશેષ

### આજે ૧૪ જૂન વિશ્વ રક્તદાન દિવસ

# જન્મ મરણ વચ્ચે ઝોલા ખાતા દર્દીને મળતા રક્તદાનનો સંતોષ રક્તદાતા માટે આશીર્વાદ સમાન છે

## રક્તદાન કરી અકસ્માત કે બિમારીમાં સંડોવાયેલા કોઇના માડીજાયા કે પ્રીયતમના નવ જીવનના સાક્ષી બનીયે : મેડીકલ સુપ્રિટેન્ડેન્ટશ્રી ડો.આશિષ કટારકર










। (માહિતી) સાબરકાંઠા ।

કોઈનો દિકરો કે સબંધી પોતાના પરીવારના ખુશીઓના પ્રસંગમાં શામેલ થવા માટે કે કોઈ કાર્ય માટે બજારમાં જાય અને ઘરે પરત દિકરો કે સબંધી નહિં પણ એની ડેડ બોડી આવે ત્યારે ખુશ ખુશાલીના માહોલમાં પરીવારની આંખમાં આંસુ અને હૈયાફાટ રૂદન સાથે જાણવા મળે કે જરૂરીયાતના સમયે લોહી ન મળવાના કારણે મોતે ઘર માંડ્યુ છે ત્યારે બેબસ અને લાચાર પરીવારના હાથમાં અફસોસ સિવાય કંઈ જ નથી રહેતુ. સમાજમાં બનતા આવા અનેક કિસ્સાઓ લોકોને રક્તદાનની મહત્વતા સમજાવી જાય છે.

વર્તમાન સમયમાં જ્યાં વિજ્ઞાન અને પરીવહન આસમાને પહોંચ્યુ છે ત્યારે ગંભીર બિમારીઓ અને અકસ્માતના આંકડાઓએ પણ માઝા મુકી છે. આવા સમયમાં લોકોનું સ્વાસ્થ જળવાય તેમજ જરૂરીયાતમંદ દર્દીને સમય સર રક્ત મળી રહે તો માનવ કલ્યાણનું કાર્ય થઈ શકે છે.

માનવ જીવનનું કલ્યાણ કરતી સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર સિવિલ ખાતે છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ૧૨ હજાર થી વધુ યુનિટ રક્ત એકઠુ કરવામાં આવ્યું છે. જેમાં વર્ષ ૨૦૨૩માં ૩૯૪૭ યુનિટ, વર્ષ ૨૦૨૪માં ૪૬૩૪ યુનિટ અને વર્ષ ૨૦૨૫ ની મે મહિનાની સ્થિતિએ ૩૫૩૦ યુનિટ બ્લડ એકત્રિત કરાયું છે.

સમાજમાં હજુ પણ રક્તદાન અંગેની જાગૃતતા ઓછી છે. વળી રક્તની જરૂરીયાત સામે ફક્ત રક્ત જ વિકલ્પ હોઈ તે અંગે જાગૃતતા આવે તે ખુબ જ જરૂરી છે. જેને લઈ સિવિલ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં ૧૨૫ જેટલા કેમ્પ કરવામાં આવ્યા છે. હિંમતનગર સિવીલના મેડીકલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ.આશિષ કટારકર જણાવે છે કે ૧૪ જૂનને વિશ્વ રક્તદાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેનો મુખ્ય ઉદ્દેશ લોકોમાં રક્તદાન અંગે જાગૃતિ કેળવાય તેમજ જરૂરીયાતમંદ લોકોને સમયસર રક્ત મળી રહે તે છે. ઘણી વખતે દર્દીઓને રક્તની જરૂરીયાત સામે રક્ત મળતા અનુભવાતો સંતોષ રક્તદાતા માટે આશીર્વાદ સમાન બની જતો હોય છે. આપણે સૌ રક્તદાનની મહત્વતા સમજી રક્તદાન કરીને જરૂરીયાતમંદ દર્દીને મળતા નવ જીવનના સાક્ષી બનીયે.

રકતદાન અંગેની ખોટી માન્યતાઓમાં રક્તદાન કરવાથી શરીર નબળું પડે છે અને તે લોહી પાછું મેળવવામાં મહિના લાગી જાય છે. નિયમિત લોહી આપવાથી લોકોની રોગપ્રતિકારક ક્ષમતા નબળી બને છે અને વ્યક્તિને બીમારીઓ જલ્દી જકડી લે છે. આવી ખોટી માન્યતાથી લોકોએ ગભરાવાની જરૂર નથી. આ સાથે જિલ્લાના સૌ લોકો રક્તદાન કરે તે માટે અપીલ કરી હતી.

પૃથ્વી ઉપર દરેક જીવોમાં મનુષ્ય જીવ અમૂલ્ય છે. કુદરતે આપેલા દરેક અંગો મહામૂલા છે. સૌ માનવી અંગદાન તેમજ રક્તદાન થકી એકબીજાની મદદ કરીને કુદરતે આપેલા દાનને દાન સ્વરૂપે પરત કરી કુદરતનું ઋણ અદા કરવું જોઈએ.

હિંમતનગર સિવિલના બ્લડ બેંકના ઈન્ચાર્જ ડૉ.સંજય ચૌહાણ જણાવે છે કે રક્તદાન થકી ઘણાં લોકોના જીવન બચાવી શકાય છે. સિવિલ ખાતે સગર્ભા માતા, લોહીની ઊણપ ધરાવતા દર્દીઓ, ઓપરેશન વારા દર્દીઓ, આઈ.સી.યુના દર્દી, ડાયાલીસીસ દર્દી, નવજાત શીશું, ટી.બીના દર્દીઓને રક્તદાન કરી જીવ બચાવવામાં આવ્યો છે.જેની વિસ્તારે વિગતો રજૂ કરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

ન્યૂઝ બ્રિફ

## SoBo ફાલ્કન્સની મુંબઈ T20 લીગની ફાઇનલમાં હાર



। (એજન્સી) મુંબઈ, તા.૧૩ ।

શ્રેયસ ઐયરની આગેવાની હેઠળની પંજાબ કિંગ્સ ૩ જૂને IPL 2025 ની ટાઇટલ મેચ હારી ગઈ હતી. તે જ સમયે, હવે તેની કેપ્ટનશીપવાળી SoBo મુંબઈ ફાલ્કન્સને પણ મુંબઈ T20 લીગની ફાઇનલમાં હારનો સામનો કરવો પડ્યો છે. ૧૦ દિવસમાં બીજું ટાઇટલ ગુમાવ્યા બાદ, શ્રેયસના ચહેરા પર નિરાશા જોવા મળી હતી. મેચ પછી, તેણે કહ્યું કે આ ખૂબ જ હેકટીક છે, ખાસ કરીને જયારે તમે હારતા હોય. ત્યાર તમારા મગજમાં ઘણું બધું ચાલી રહ્યું હોય છે. આ સાથે તેણે ટીમની હાર માટે કોઈને દોષી ઠેરવ્યા નહીં અને કહ્યું કે, એવું કરવું એ પીઠમાં છરો મારવા જેવુ છે. શ્રેયસ ઐયરે મેચ પછી કહ્યું, આ ખૂબ જ હેકટીક છે (૧૦ દિવસમાં બે ફાઇનલ). ખાસ કરીને જ્યારે તમે હારી જાઓ છો, ત્યારે તે તમારા મગજમાં ચાલ્યા કરે છે. જે રીતે મોટી સંખ્યામાં બધા આવ્યા તે જોવા જેવું હતું. આખું સ્ટેડિયમ ઉત્સાહથી ભરેલું હતું. (ચાહકોનો) આવવા અને સપોર્ટ આપવા બદલ ખૂબ ખૂબ આભાર. હું કોઈ ખાસ ઘટનાનો ઉલ્લેખ કરવા માંગતો નથી.

## ઈરાની એરસ્પેસ બંધઃ અમેરિકા-ઈંગ્લેન્ડ જનારા મુશ્કેલીમાં મૂકાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ઈઝરાયલ-ઈરાન જંગના કારણે ઈરાની હવાઈ ક્ષેત્ર અચાનક બંધ થવાના કારણે એર ઈંડિયાને પોતાની ૧૬ આંતરરાષ્ટ્રીય ફલાઈટને કાં તો ડાયવર્ટ કરવી પડી છે અથવા તો રદ કરવી પડી છે. અમુક ફલાઈટને રસ્તામાંથી જ મૂળ સ્થાન પર પાછી બોલાવી લેવામાં આવી છે. ઈરાની એરસ્પેસ બંધ થવાથી ભારતથી પશ્ચિમી એશિયા અને યુરોપ તરફથી કેટલીય ફલાઈટની અવરજવર પર અસર પડી છે. એર ઈંડિયાએ યાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખતા આ ફલાઈટના રુટ બદલવા અથવા તેને પાછી બોલાવાનો નિર્ણય લીધો છે. એર ઈંડિયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર નિવેદન જાહેર કરીને કહ્યું કે, અમે યાત્રીઓને થયેલી અસુવિધા માટે ખેદ વ્યક્ત કરીએ છીએ અને આ અપ્રત્યાશિત સ્થિતિમાં ન્યૂનતમ અસર સુનિશ્ચિત કરવા માટે દરેક શક્ય પ્રયાસ કરી રહ્યા છીએ. એરલાઈને પ્રભાવિત યાત્રીઓને સંપૂર્ણ રિફંડ અથવા મફત રી શિડ્યૂલિંગનો વિકલ્પ પણ આપ્યો છે. આ ઉપરાંત વૈકલ્પિક ફલાઈટની વ્યવસ્થા કરી યાત્રીઓને તેમના ગંતવ્ય સુધી પહોંચાડવામાં આવી રહ્યા છે. અહીં નીચેલી આપેલી ફલાઈટ બીજી જગ્યાએ ડાયવર્ટ કરી છે, AI130 લંડન-હીથ્રોથી મુંબઈ-વિયના, AI102 ન્યૂયોર્કથી દિલ્હી- શારજાહ, AI116 ન્યૂયોર્કથી મુંબઈ-જેદ્દા.

### ટેકનિકલ ખામીના લીધે ખેતરમાં ઉતારવું પડ્યું હતું

# ભારતીય વાયુસેનાના Boeing AH-64 હેલિકોપ્ટરનું ઇમરજન્સી લેન્ડિંગ

। (એજન્સી) નાંગલપુર, તા.૧૩ ।

ભારતીય વાયુસેનાના (IAF) એક અપાચે હેલિકોપ્ટરે નાંગલપુર વિસ્તારમાં ઈમરજન્સી લેન્ડિંગ કર્યું છે. અધિકારીઓએ જણાવ્યું કે હેલિકોપ્ટર ને કોઈ પણ પ્રકારની ક્ષતિ પહોંચી નથી અને તમામ ક્રૂ સભ્યો સુરક્ષિત છે. ગત અઠવાડિયે પણ એવું જ એક ઘટના ઉત્તર પ્રદેશના સહારનપુર નજીક બની હતી, જ્યાં ટેકનિકલ ખામીના ઈશારા મળતા એક અપાચે હેલિકોપ્ટર ને ખેતી વાળા ખેતરમાં ઉતારવું પડ્યું હતું. ઘટના બાદ જમીન પર વિશાળ ટેકનિકલ તપાસ કરવામાં આવી હતી અને ત્યારબાદ હેલિકોપ્ટર સુરક્ષિત રીતે સહારનપુરથી માત્ર



૧૨ કિલોમીટર દૂર આવેલા સરસાવા એરસ્ટેશન પર પાછું લઈ જવાયું હતું. ગયા વર્ષ ૪ એપ્રિલે લદ્દાખના ખાર્દુંગલા નજીક એક અન્ય અપાચે હેલિકોપ્ટર ઓપરેશનલ મિશન દરમિયાન હાર્ડ લેન્ડિંગ બાદ ગંભીર રીતે નુકસાન પામ્યું હતું. અપાચે હેલિકોપ્ટર, જેને ઔપચારિક રીતે Boeing AH-64 Apache તરીકે ઓળખવામાં આવે છે, વિશ્વના સૌથી આધુનિક અને ખતરનાક એટેક હેલિકોપ્ટર્સ વડે થાય છે. ૧૯૭૦ના દાયકામાં હ્યુઝ હેલિકોપ્ટર્સ દ્વારા વિકાસ પામેલું અને ત્યારબાદ મેકડોનલ ડગ્લસ તથા બોઈંગ દ્વારા ઉત્પાદિત અપાચે, તેની ઘાતક ફાયરપાવર, ચપળતા અને યુદ્ધમેદાનમાં ટકાવૂ શક્યતા માટે જાણીતું છે. આ હેલિકોપ્ટરમાં ટાર્ગેટ એક્વિઝિશન અને નાઈટ વિઝન માટે નાકે માઉન્ટેડ સેન્સર સુઈટ હોય છે, જે દિવસ કે રાત્રિમાં તેમજ ખરાબ હવામાનમાં પણ કાર્યક્ષમ બની રહે છે. તેની મુખ્ય હથિયાર સિસ્ટમોમાં ૩૦ મિ.મી. સ્ર૩૦ ચેઈન ગન, હેલફાયર એન્ટી-ટેંક મિસાઈલ્સ અને હાઈડ્રા ૭૦ રોકેટ પોડ્સનો સમાવેશ થાય છે.

### ગ્લોબલ માર્કેટમાં સોનું ૫૦ ડોલર ચડ્યું હતું

# સોનાએ લગાવી ઐતિહાસિક છલાંગ, ફરી એક લાખ પાર પહોંચ્યો ભાવ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ઈરાન-ઈઝરાયેલ વચ્ચે તણાવના પગલે કોમોડિટી બજારમાં જબરદસ્ત તેજી જોવા મળી રહી છે. ખાસ કરીને બુલિયનમાં. સોના અને ચાંદીમાં આજે જોરદાર ખરીદી જોવા મળી. જેનાથી સોનાનો ભાવ ફરીથી એક લાખ ઉપર પહોંચી ગયો છે. ગ્લોબલ માર્કેટમાં સોનું ૫૦ ડોલર ચડ્યું હતુ. તે કોમેક્સ પર ૩૪૪૦ ડોલર પર જોવા મળ્યું. આ ઓલ ટાઈમ હાઈની નજીક હતું. આ એક મહિનાના હાઈ પર ચાલી રહ્યું છે. સોનું એક અઠવાડિયામાં ૩ ટકાથી વધુ મોંઘુ થયું છે. આજે ઘરેલુ વાયદા બજારમાં પણ તે લગભગ ૨,૦૦૦ રૂપિયાના વધારા સાથે હતું. પહેલીવાર ૧ લાખ



૩ હજાર રૂપિયાના રેકોર્ડ હાઈ પર ૫ હોંચ્યું છે. MCX (મલ્ટી કોમોડિટી એક્સચેન્જ) પર સવારે ૧૦.૧૫ વાગ્યાની આસપાસ ઓગસ્ટ કોન્ટ્રાક્ટવાળું સોનું ૧૭૭૦ રૂપિયાની તેજી સાથે ૧,૦૦,૧૬૨ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના ભાવ પર ટ્રેડ કરી રહ્યું હતું. ઈન્ટ્રાડેમાં ૧,૦૦,૪૦૩ રૂપિયાના હાઈ પર ગયું હતું. કાલે તે ૯૮,૩૯૨ રૂપિયા પર ક્લોઝ થયું હતું. ચાંદી આ દરમિયાન ૫૫૭ રૂપિયાની તેજી સાથે ૧,૦૬,૪૪૨ રૂપિયાના વધારા સાથે જોવા મળી. ઈન્ટ્રાડેમાં તે ૧,૦૬,૭૯૯ રૂપિયા પ્રતિ કિલોગ્રામ હાઈ પર પહોંચી ગઈ. કાલે તેનું ક્લોઝિંગ ૧,૦૫,૮૮૫ રૂપિયા પર થયું હતું. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના રેટ્સ જોઈએ તો ૯૯૯ શુદ્ધતાવાળા ૧૦ ગ્રામ સોનાના ભાવમાં આજે ૧,૭૧૫ રૂપિયાની તેજી જોવા મળી અને ભાવ ૯૯,૧૭૦ રૂપિયા પર પહોંચી ગયો. જે કાલે ૯૭,૪૫૫ રૂપિયા પર ક્લોઝ થયો હતો. જ્યારે ચાંદીમાં ૭૪૨ રૂપિયાનો વધારો જોવા મળ્યો છે અને ભાવ આજે ૧,૦૬,૨૪૦ રૂપિયાની સપાટીએ છે જે કાલે ૧,૦૫,૪૯૮ રૂપિયા પર ક્લોઝ થયો હતો.



મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર રનવે પર પાર્ક કરેલી ફ્લાઇટ્સ, ઈરાન અને ઇઝરાયલ વચ્ચે વધતા તણાવને કારણે એર ઇન્ડિયાની ઘણી ફ્લાઇટ્સ કાં તો ડાયવર્ટ કરવામાં આવી અથવા મૂળ સ્થાને પરત ફરી.

### સૂચિ ઉપાધ્યાય ઘાયલ થતાં રાધા યાદવ ઇંગ્લેન્ડના પ્રવાસે જશે

# ઇંગ્લેન્ડ સામે રમનારી ભારતીય વિમેન્સ ટીમમાં રાધા યાદવ સામેલ



। (એજન્સી) મુંબઈ, તા.૧૩ ।

ઈંગ્લેન્ડમાં પાંચ ટી૨૦ અને ત્રણ વન-ડે મેચની સિરીઝ રમવા જનારી ભારતીય વિમેન્સ ટીમમાં ગુરુવારે ઈજાગ્રસ્ત સૂચિ ઉપાધ્યાયને સ્થાને અનુભવી લેફ્ટ આર્મ સ્પિનર રાધા યાદવનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતીય ટીમ ૨૮મી જૂનથી ઈંગ્લેન્ડ સામે ટી૨૦ સિરીઝનો પ્રારંભ કરશે. બીસીસીઆઈએ માહિતી આપી હતી કે ૨૦ વર્ષીય સ્પિનર સૂચિ ઉપાધ્યાયે ગયા મહિને શ્રીલંકા સામેની સિરીઝ સાથે કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો પરંતુ હવે તે ઈજાને કારણે ઈંગ્લેન્ડ સામે રમી શકે તેમ નથી.ભારતીય ક્રિકેટ બોર્ડની મહિલા ટીમની પસંદગી સમિતિએ સૂચિને સ્થાને રાધા યાદવની પસંદગી કરી છે. સૂચિને ડાબા પગે ઈજા પહોંચી હતી. હરમનપ્રિત કૌરની ટીમ બેંગલોરમાં બીસીસીઆઈના સેન્ટર ઓફ એક્સેલન્સ (સીઓઈ) ખાતે ટ્રેનિંગ લઈ રહી હતી ત્યારે સૂચિ ઘાયલ થઈ હતી. જેથી તે ઈંગ્લેન્ડમાં રમી શકે તેમ નથી.ભારતની વિમેન્સ ટીમ ૨૮મી જૂને નોટ્ટિંગહામ ખાતેની ટી૨૦ સાથે આ પ્રવાસનો પ્રારંભ કરશે અને તેની બીજી મેચ પહેલી જુલાઈએ રમાશે. ત્રીજી ટી૨૦ ઓવલ ખાતે ચોથી જુલાઈએ રમાશે જ્યારે નવમીએ માન્ચેસ્ટર અને ૧૨મીએ બર્મિંગહામના એજબસ્ટન ખાતે પાંચમી અને અંતિમ ટી૨૦ મેચ રમાશે. ત્યાર બાદ બંને ટીમ ૧૬, ૧૯ અને ૨૨મી જુલાઈએ સાઉધમ્પ્ટન, લોર્ડ્ઝ અને ચેસ્ટર-લી-સ્ટ્રીટ ખાતે ત્રણ વન-ડે મેચ રમશે.ટી૨૦ માટે ભારતની વિમેન્સ ટીમઃ હરમનપ્રિત કૌર (સુકાની), સ્મૃતિ મંધાના, શેફાલી વર્મા, જેમિમાહ રોડ્રિગ્સ, રિચા ઘોષ, યાસ્તિકા ભાટીયા, હરલિન દેઓલ, દિપ્તી શર્મા, સ્નેહ રાણા, શ્રી ચારાણી, અમનજોત કૌર, અરૂંધતી રેડ્ડી, ક્રાંતિ ગૌડ, સયાલી સાટઘારે, રાધા યાદવ. વન-ડે માટેની ભારતની વિમેન્સ ટીમઃ ટીમઃ હરમનપ્રિત કૌર (સુકાની), સ્મૃતિ મંધાના, પ્રતિકા રાવલ, જેમિમાહ રોડ્રિગ્સ, હરલિન દેઓલ, રિચા ઘોષ, યાસ્તિકા ભાટીયા, તેજસ હસબનિસ, દિપ્તી શર્મા, સ્નેહ રાણા, શ્રી ચારાણી, અમનજોત કૌર, અરૂંધતી રેડ્ડી, ક્રાંતિ ગૌડ, સયાલી સાટઘારે, રાધા યાદવ.

### એરલાઈન કંપનીઓએ લીધો મોટો નિર્ણય

# ઘણી એરલાઈન્સે તેમના ભાડામાં વધારો કરવાનો પ્રસ્તાવ આપ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયા બાદ હવાઈ યાત્રીઓને વધુ એક ઝટકો લાગવાનો છે. ઘણી એરલાઈન્સે તેમના ભાડામાં વધારો કરવાનો પ્રસ્તાવ આપ્યો છે. ઈન્શ્યોરન્સ બ્રોકર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ નરેન્દ્ર ભરિંડવાલનું કહેવું છે કે, એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયા બાદ વિમાન કંપનીઓના ઈન્શ્યોરન્સનું પ્રીમિયમ વધી શકે છે, જેની સીધી અસર હવાઈ ભાડા પર પડી શકે છે.

ભરિંડવાલનું કહેવું છે કે, બોઈંગ વિમાનોનો ઉપયોગ કરનારી એરલાઈન્સ એર ઈન્ડિયા, આકાશા એર અને સ્પાઈસજેટને આગામી તબક્કામાં ઈન્શ્યોરન્સનું પ્રીમિયમ વધારવું પડી શકે છે. તેનાથી ભાડામાં પણ વધારો થઈ શકે છે. કારણ કે વિમાન કંપનીઓ પોતાના પર આવનારા ભારને નિશ્ચિત રૂપથી ગ્રાહકો પર જ નાખશે. જેથી એવો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે, હવાઈ ભાડામાં પણ વધારો થઈ શકે છે. કેટલા રૂપિયા વધશે વીમા પ્રીમિયમ?- ઉડ્ડયન ક્ષેત્રના નિષ્ણાતો કહે છે કે, એર ઈન્ડિયાની પાસે બોઈંગ ૭૮૭ તબક્કાના ૩૪ વિમાન છે અને ૨૦ અન્ય વિમાનોનો ઓર્ડર પણ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત સ્પાઈસજેટની પાસે ૭૩૭ મેક્સ 8S પણ છે. આ વિમાનોનું પ્રીમિયમ ૨.૮ કરોડ ડોલરથી વધીને ૫ કરોડ ડોલર સુધી જઈ શકે છે. જો કે, પ્રીમિયમમાં આવનારો આ બમણો ઉછાળો ભાડામાં પણ વધારો કરી શકે છે. કેટલું વધી શકે છે ભાડુ?- એર ઈન્ડિયા સહિત ડ્રીમલાઈનર બોઈંગના વિમાનોનો ઉપયોગ કરનારી અન્ય કંપનીઓ પણ તેમના ભાડામાં ૨થી ૫ ટકા સુધી વધારો કરી શકે છે. એર ઈન્ડિયાના મોટાભાગના વિમાનો ભાડા પર છે, જેનાથી તેમનો ઓપરેટિંગ કોસ્ટ પણ વધી શકે છે અને આ જ કારણ છે કે, આવનારા સમયમાં કંપનીઓ તેમના ભાડામાં પણ ૫ ટકા સુધી વધારો કરી શકે છે.

એક દુર્ઘટનાએ વધારી દીધું જોખમ- એવિએશન ઈન્ડસ્ટ્રીમાં ઈન્શ્યોરન્સનું પ્રીમિયમ જોખમના અંદાજ અને એરક્રાફ્ટના પ્રકાર પર નિર્ભર કરે છે. આ ઉપરાંત પ્રીમિયમનો ખર્ચ સેફ્ટી ફીચર અને દુર્ઘટનાના ઈતિહાસ પર પણ નિર્ભર કરે છે. એર ઈન્ડિયાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ આ એરક્રાફ્ટને લઈને જોખમ પણ વધી ગયું છે.

### રાજા રઘુવંશી હત્યાકાંડમાં મોટો ઘટસ્ફોટ

# સોનમને મૃત બતાવવા બીજી એક મહિલાની હત્યાનું પણ આયોજન હતું

। (એજન્સી) ઈન્દોર, તા.૧૩ ।

ઈન્દોરના ઉદ્યોગપતિ રાજા રઘુવંશીની હત્યામાં મેઘાલય પોલીસે એક ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. આ કેસની તપાસમાં સામે આવ્યું છે કે હત્યારાઓએ એક અજાણી મહિલાની હત્યા કરીને તેના શરીરને બાળી નાંખીને પછી એને રાજાની પત્ની સોનમ રઘુવંશીના શબ તરીકે ખપાવી દેવાની યોજના બનાવી હતી. રાજાની હત્યાના કેસમાં પાંચ જણની ધરપકડ કરાઈ છે, જેમાં રાજાની પત્ની સોનમ, સોનમના પ્રેમી રાજ કુશવાહા અને ત્રણ કોન્ટ્રાક્ટ કિલર આનંદ, આકાશ રાજપૂત અને વિશાલ ઉર્ફે વિકી ઠાકુરનો સમાવેશ થાય છે. રાજા રઘુવંશીની હત્યાનું સમગ્ર કાવતરું તેમના લગ્નના અગાઉ ઈન્દોરમાં જ ઘડી કઢાયું હતું. આરોપીઓએ કબૂલ કર્યું છે કે, રાજાની હત્યાનું આયોજન લગ્નના ત્રણ મહિના પહેલા ફેબ્રુઆરીમાં શરૂ થયું હતું. રાજાની હત્યા સાથે સંબંધિત અન્ય ત્રણ યોજના પણ એમણે ઘડી હતી, પરંતુ એ અમલમાં નહોતી મૂકી શકાઈ. આ ગુનેગારોની પૂછપરછ કરનારા મેઘાલય પોલીસના અધિકારીએ જણાવ્યું હતું કે, હત્યારાઓએ એકથી વધુ યોજના વિચારી રાખી હતી, જેમાંની એક યોજના એવી હતી કે સોનમ



નદીમાં તણાઈ ગઈ છે એમ કહી દેવું. બીજી યોજના એવી હતી કે કોઈપણ મહિલાની હત્યા કરીને એનો મૃતદેહ સોનમના સ્કૂટર પર મૂકી દેવાનો અને પછી એને આગ ચાંપી દેવાની. જેથી એવો દાવો કરી શકાય કે સોનમ બળીને મરી ગઈ. નવદંપતી ૧૯ મેના રોજ આસામ પહોંચ્યું એના થોડા દિવસો પહેલા રાજ કુશવાહાના સાથીઓ ગુવાહાટી પહોંચી ગયા હતા. તેમણે ગુવાહાટીમાં જ ક્યાંક રાજાને મારી નાખવાની યોજના બનાવી હતી. જો કે, એ યોજના સફળ ન થતાં તેઓ પહેલાં શિલોંગ ગયા હતા અને પછી સોહરા ગયા હતા, જ્યાં હત્યા કરાઈ હતી. આ ચારેય હત્યારા રાજા અને સોનમને નોંગરિયાટમાં મળ્યા હતા. બાદમાં તે બધા સાથે વેઈસાવડોંગ ફોલ્સ તરફ રવાના થયા હતા. ત્યાં તક જોઈને રાજા પર છરી વડે હુમલો કરાયો. આ હત્યા સોનમની નજર સામે જ કરાઈ હતી. ત્યાર પછી રાજાની લાશને ખીણમાં ફેંકી દેવાઈ.

### અચાનક ઈંગ્લેન્ડ સીરિઝ છોડી ભારત પરત ફર્યા

# ભારતીય ક્રિકેટ ટીમનો મુખ્ય કોચ ગૌતમની માતાને આવ્યો હાર્ટ અટેક

### તબિયત બગડતા ગંભીરની માતાને ICUમાં દાખલ કરવામાં આવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ભારતીય ક્રિકેટ ટીમ ઈંગ્લેન્ડમાં ૫ મેચની ટેસ્ટ સીરિઝ માટે તૈયારી કરી રહી છે. આ દરમિયાન એક ખરાબ સમાચાર આવ્યા છે. ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીર ભારત પરત ફરી રહ્યા છે. કેટલાક ટ્વિટમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે તેમની માતાની તબિયત બગડતા તેમને ICUમાં દાખલ કરવામાં આવ્યા છે. ગૌતમ ગંભીર ૭ જૂને ટીમ સાથે લંડન પહોંચ્યો હતો. ટીમ હાલમાં બેકેનહામમાં પ્રેક્ટિસ કરી રહી છે. આજથી અહીં એક ઈન્ટ્રા-સ્ક્વોડ પ્રેક્ટિસ મેચ રમવાની છે, પરંતુ તે પહેલાં તેણે ટીમ છોડીને ભારત



પરત ફરવું પડ્યું હતું. જોકે, ૨૦ જૂનથી શરૂ થનારી ટેસ્ટ પહેલા તે ટીમ સાથે ઈંગ્લેન્ડમાં રહેશે. ગૌતમ ગંભીરની માતાનું નામ સીમા ગંભીર છે. તેમને હાર્ટ એટેક આવ્યો હતો. મળતી માહિતી મુજબ, તેઓ હાલમાં ICUમાં દાખલ છે, પરંતુ સારી વાત એ છે કે તેઓ ખતરાની બહાર છે. હવે પ્રાપ્ત માહિતી મુજબ, ગંભીર ૧૭ જૂને ઈંગ્લેન્ડ પરત ફરશે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પહેલી ટેસ્ટ ૨૦ જૂનથી લીડ્સના હેડિંગ્લી ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાશે. ગંભીરનો પરિવાર દિલ્હીમાં રહે છે, તેમના પિતાનું નામ દીપક ગંભીર છે. તેમનો ટેક્સટાઈલ્સનો વ્યવસાય છે. તેમની માતા સીમા ગંભીર ગૃહિણી છે. ગંભીરની એક નાની બહેન છે, જેનું નામ એકતા છે. ઓક્ટોબર ૨૦૨૧માં ગંભીરે નતાશા જૈન સાથે લગ્ન કર્યા. તેમને બે પુત્રીઓ છે જેમનું નામ Aazeen અને Anaiza છે. ગૌતમ ગંભીર જાણે છે કે આ યુવા ખેલાડીઓને ઈંગ્લેન્ડમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

## પ્રમોટર તરફથી $1 બિલિયનના હિસ્સા વેચાણની અફવાઓ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ઈન્ડિગોના પેરેન્ટ કંપની ઈન્ટરગ્લોબ એવિએશનના શેરોમાં શુક્રવારે લગભગ ૬%નો ઘટાડો, રૂ. ૫,૧૭૫ સુધી નોંધાયો છે. આ ઘટાડો એ અહેવાલો બાદ જોવા મળ્યો કે ઈન્ટરગ્લોબ એન્ટરપ્રાઈઝિસે અંદાજે ૪% હિસ્સો બ્લોક ડીલ્સ મારફતે વેચવાનો આયોજન કર્યો છે. CNBC-TV18ના રિપોર્ટ મુજબ, પ્રમોટર ગ્રુપ આ હિસ્સા વેચાણમાંથી અંદાજે $1 બિલિયન મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે. હાલમાં, ઈન્ટરગ્લોબ એન્ટરપ્રાઈઝિસ પાસે કંપનીમાં ૩૫.૭૦% માલિકી છે. આ પગલું કોઅપ્રમોટર રાકેશ ગંગવાલ દ્વારા ૨૦૨૨ પછીથી સતત હિસ્સા ઘટાડવાની પ્રક્રિયા પછીનું છે. તેમણે અત્યાર સુધીમાં રૂ. ૪૦,૦૦૦ કરોડના શેર વેચી ચૂક્યા છે.

### ધૂબરી વિસ્તારમાં સામપ્રદાયિક જૂથ સક્રિય

# સામપ્રદાયિક જૂથ હિંદુ મંદિરોને નુકસાન પહોંચાડવાની યોજના બનાવી રહ્યું છે

### આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સર્માએ કાયદા અને વ્યવસ્થા જાળવનાર "શૂટ એટ સાઈટ"ની સૂચના આપી

। (એજન્સી) દિસપુર, તા.૧૩ ।

આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સર્માએ શુક્રવારે કહ્યું કે રાજ્યના ધૂબરી વિસ્તારમાં સામપ્રદાયિક જૂથ સક્રિય થયા બાદ તેમણે કાયદા અને વ્યવસ્થા જાળવનાર અધિકારીઓને "શૂટ એટ સાઈટ" (દેખાતા ગોળી મારવાની) સૂચના આપી છે. તેમણે આરોપ મૂક્યો કે આ સામપ્રદાયિક જૂથ હિંદુ મંદિરોને નુકસાન પહોંચાડવાની યોજના બનાવી રહ્યું છે. આ પગલું તેણે ધૂબરીની મુલાકાત પછી લીધું



હતું, જ્યાં ઈદના દિવસે હનુમાન મંદિરમાં ગાયનું માંસ ફેંકવામાં આવ્યું હતું. તેમણે તેમના પ્રવાસ દરમિયાન અધિકારીઓને મંદિરો, નામઘર અને પવિત્ર સ્થળોને અપવિત્ર કરનાર તત્વો વિરુદ્ધ "શૂન્ય સહિષ્ણુતા" દાખવવાનો આદેશ આપ્યો હતો. તેમણે જણાવ્યું કે ઘટનાના ગુનેગારોને છોડવામાં નહીં આવે. "હું ધૂબરી ગયો હતો અને કાયદો અમલવાહક અધિકારીઓને મંદિરો, નામઘર અને પવિત્ર સ્થળોને અપવિત્ર કરનાર તત્વો સામે ZERO tolerance રાખવાનો આદેશ આપ્યો. ધૂબરીના હનુમાન મંદિરમાં ગાયનું માંસ ફેંકવામાં આવ્યું હતું. આવી ઘટના ક્યારેય બનવી ન્હોતી જોઈએ અને જે લોકોએ આ કર્યું છે, તેમને માફ નહીં કરાય."

## તંત્રી લેખ...

# ઇઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધના ભણકારા

ઇઝરાયલના હુમલામાં ઈરાનને મોટું નુકસાન થયું છે. ઈરાનના આર્મી ચીફ મહોમ્મદ ઘાવેરીનું મૃત્યુ થયું છે. વળી, એલિટ ફોર્સ કહેવાતા ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડના લીડર હુસૈન સલામીનું પણ મૃત્યુ થયું છે. એટલું જ નહીં આ હુમલામાં ઈરાનના ટોચના નેતા અયાતુલ્લાહ અલી ખામેનેઈના નજીકના સલાહકાર પણ ઈજાગ્રસ્ત થયા છે. ઈરાનના સરકારી ટેલિવિઝને પોતાના રિપોર્ટમાં આ વાતની પુષ્ટિ કરી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ટોચના નેતાના સલાહકાર અલી શમખાની પણ આજના યહૂદી એટેકમાં ઈજાગ્રસ્ત થયા હતા. આ દરમિયાન ઈઝરાયલ અને ઈરાન વચ્ચે શરુ થયેલી આ લડાઈ મહાયુદ્ધમાં પરિણમે તેવી આશંકા છે. એકબાજુ ઈઝરાયલના જવાબમાં ઈરાને ૧૦૦ ડ્રોન્સથી વળતો જવાબ આપવાનો પ્રયાસ કર્યો હતો. વળી, ઈઝરાયલનું કહેવું છે કે, હજુ તો આ શરુઆત છે. આ દરમિયાન મિડલ ઈસ્ટના દેશોએ પોતાના એરસ્પેસને બંધ કરી દીધા છે, જેના કારણે કોઈ યાત્રી વિમાન ઈરાન અને ઈઝરાયલના હુમલાનો શિકાર ન બને. ઈરાન અને ઈઝરાયલના પાડોશી દેશો ઈરાક, લેબેનોન, સીરિયા અને જૉર્ડને પોતાના એરસ્પેસ હાલ બંધ કરી દીધા છે. જેના કારણે અનેક દેશોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઈરાનનું એરસ્પેસ બંધ થવાથી ભારતની તમામ ઉડાનને દિલ્હી અથવા મુંબઈ પરત ફરવું પડ્યું હતું. આ સિવાય વિદેશથી આવી રહેલી ફ્લાઈટને પણ ડાયવર્ટ કરવામાં આવી રહી છે. ઈઝરાયલે આવનારી સૂચના સુધી પોતાના દેશમાં વિમાનનું સંચાલન રોકી દીધું છે. ઈરાને તેહરાનના પોતાના મુખ્ય ઍરપોર્ટને પણ બંધ કરી દીધું છે. માનવામાં આવી રહ્યું છે કે, બંને દેશો વચ્ચે યુદ્ધ હજુ વધી શકે છે. ઈઝરાયલનું કહેવું છે કે, હજુ પણ ઈરાનના પરમાણુ ઠેકાણા પર હુમલા કરવામાં આવશે. ઈરાન પાસે પરમાણુ હથિયાર હોય તે સ્વીકાર નહીં લેવાય. જોકે, ડોનાલ્ડ ટ્રમ્પે પણ આ જ વાતનું પુનરાવર્તન કર્યું હતું અને તેમણે ઈઝરાયલની સુરક્ષા માટે તૈયાર રહેવાની વાત કહી હતી. આ પ્રકારે નેતન્યાહૂથી લઈને ટ્રમ્પ સુધીના વલણથી મહાયુદ્ધનું જોખમ વધ્યું છે. નોંધનીય છે કે, ઈઝરાયલે આશરે ૧૦૦ ઠેકાણા પર ઈરાનની અંદર એટેક કર્યો છે. આ હુમલા બાદથી દુનિયાભરમાં અટકળો તેજ થઈ છે. વૈશ્વિક બજાર પર પણ તેની અસર જોવા મળ્યો છે.



વિશેષ
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

# મનને હંમેશાં વશમાં રાખો


એક યક્ષ પ્રશ્ન આપણને હંમેશાં સતાવતો હોય છે કે, આપણું શરીર મનને આધિન છે કે મન શરીરને આધિન છે. કારણકે, આપણું મન બહુ ચંચળ છે, તેથી ક્યાંય સ્થિર રહી શકતું નથી.આપણા મનને મર્કટ (માંકડા) સાથે સરખાવવામાં આવે છે. જેમ માંકડું કોઈ જગાએ સ્થિર બેસી રહે નહીં અને અહીં તહીં કૂદાકૂદ કરી મૂકે છે, એવી રીતે આપણું મન પણ આપણાં વશમાં નથી અને ગમે ત્યાં ભટકતું ફરે છે. બહુ ઓછાં લોકો એવા હશે, જે પોતાનું મન વશમાં રાખી શકતાં હશે.જે મનુષ્ય પોતાના મનને વશમાં રાખે છે; તે મનુષ્ય પોતાની ઈન્દ્રિયોને પણ વશમાં રાખી શકે છે. આપણને લોભ, લાલસા, તૃષ્ણા, ક્રોધ,લાગણી, પ્રેમ, અનુરાગ, વિષય વાસના, કામના વિગેરે જેવા ભાવો અને લાગણીઓ હરહંમેશ થતી રહે છે, આમ થવાનું કારણ આપણું મન છે. જે વ્યક્તિનું મન પોતાના વશમાં નથી, તે વ્યક્તિ ઈચ્છવા છતાંય કાંઈ કરી શકતો નથી.જેમ કે કોઈ વ્યક્તિને તમાકુ કે ગુટખા ખાવાની આદત હોય અને તે કોઈ કથા સાંભળીને વિચારે કે, આવતીકાલથી હું તમાકુ કે પડીકી ખાવાનું બંધ કરીશ, પરંતુ જેવી એ કોઈના હાથમાં તમાકુ કે પડીકી જોશે કે તરતજ તેની તમાકુ કે પડીકી ખાવાની તલપ જાગૃત થઈ જશે અને તે પડીકી કે તમાકુ ખાઈ લેશે.આમ થવાનું કારણ એ છે કે, તે વ્યક્તિનું મન મક્કમ નથી પણ ચંચળ છે, તેથી તે મનની આગળ હાર માની લે છે અને પોતે જે વિચાર કર્યો હતો તે વિચાર અભેરાઈ પર ચડી જાય છે.

આપણાં મન વિશે કોઈ કવિએ લખ્યું છે કે'' મન લોભી મન લાલચુ, મન ચંચળ મન ચોર, મનના ગુલામ ના બનીએ, મન છે હરાયું ઢોર''. કવિએ મનને હરાયા ઢોરની સાથે સરખાવ્યું છે. જેમ હરાયા ઢોર ઉપર તેના માલિક કે રખેવાળનો કોઈ કાબુ હોતો નથી અને જેમ મરજી ફાવે તેમ ફર્યા કરે છે તેવી જ રીતે, જે વ્યક્તિનો પોતાના મન ઉપર કાબુ નથી એ માણસ હરાયા ઢોર સમાન છે. આવા માણસને કોઈ લાગણી હોતી નથી કે પોતાની ઈજ્જતની કાંઈ પડી હોતી નથી, તેઓ તો મસ્તરામ બનીને, પોતાની મરજી મુજબ વરત્યા કરે છે. આવા વ્યક્તિઓની કિંમત કોડીની હોય છે. આવા વ્યક્તિ ઓનાં મનમાં દુર્ભાવ,કુભાવ, ઈર્ષ્યા, કાર, વેરઝેર, વાણીવિલાસ, અહંકાર, તોરણ, હુંપદ, ઝનૂન, ઉદ્વેગ વિગેરે જેવા દૂષણો કાયમી ધોરણે ઘર કરી ગયા હોય છે, તેને છોડવાને બદલે તેઓ તેને બહોળા પ્રમાણમાં બહેકાવે છે. જ્યારે સદભાવના, સજ્જનતા, માનવતા, કરૂણા, દયા, સ્નેહ, મૃદુતા, ભાઈચારો, લાગણી, આત્મીયતા જેવા સદગુણોને આપણે ધિક્કારીયે છીએ અને તેનો સહજ સ્વીકાર કરી શકતાં નથી.

આપણાં મનમાં જે વિકારો ભરાઈ ગયા છે એમાં જ આપણને રસ હોય છે અને સારી પ્રવૃત્તિમાં રસ નથી, કારણ-કે આવા વિકારોના આદી અને ગુલામ બની ગયા છીએ. આવા દુર્ગુણોનો આપણે બહુ ઝડપથી ત્યાગ કરી શકતાં નથી. કારણકે આપણા મન ઉપર, આ બધાં દૂષણોની ચટ્ટાન કે ખડક જેવી છાપ પડી ગઈ હોય છે. જેમ ચટ્ટાન કે ખડકને સહેલાઈથી તોડી શકાતો નથી, એમ આપણે આપણા મનમાંથી દુર્ગુણ રૂપી દૂષણો આપણે સહેલાઈથી અને સહજતાથી કાઢી શકતા નથી. આપણે આપણા મનને મક્કમ નહીં રાખીએ તો આપણામાં પણ હજાર દુર્ગુણ રૂપી દૂષણો પ્રવેશ કરી દેશે, પરંતુ જે વ્યક્તિ, પોતાના મનને મક્કમ અને અડગ રાખી શકે છે, તેનામાં કોઈ પણ પ્રકારના દુર્ગુણો પ્રવેશ કરી શકતાં નથી. આપણે આપણા મનને સંતુલિત રાખી દુર્ગુણોને પ્રવેશ આપવાને બદલે સદગુણોને વિકસાવવા જોઈએ. જે ક્ષણે આપણે ફાલતું અને નકામી બાબતોને મન પર લેવાનું છોડીશું તે જ ક્ષણથી આપણે સુખી થઈશું. માટે જ મના ગુલામ બનવાને બદલે પોતાના મન ઉપર કાબુ મેળવી મનને વશમાં લેવું જરૂરી છે.

## આપણાથી જે કંઈ થાય હોય એ કરવું! કદાચ કોઈ ને કંઈ આપી શકાય નહીં, તો કોઈ આપે એમાં રાજી થવું!

# શ્રીમદ્ ગીતામાં પંચ યજ્ઞની વાત છે અને એ પાંચેય આ સેવાયજ્ઞ સાથે સંકળાયેલા છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ઈશ્વર તત્વ જે પગ વગર ચાલે, હાથ વગર કર્મ કરે, કાન વગર સાંભળે, આંખ વગર જુએ, નાક વગર સૂંઘે, શરીર વગર બધાને સ્પર્શ કરે, આવી અલૌકિક જેને કરણી છે, એ પરમાત્મા રામ છે! અને આવું બ્રહ્મ તત્વ શા માટે અવતાર લે છે, એના અનેક કારણ અનેક છે, પણ તેમાંથી પાંચ કારણ હે દેવી હું તમને સંભળાવું છું, એમ કહી ભગવાન શિવ પાર્વતીને રામ જન્મની કથા કહે છે.**

સાવરકુંડલાને આંગણે ચાલતા માનસ સેવાયજ્ઞનાં ચોથા દિવસની કથામાં પ્રવેશતા પૂજ્ય બાપુએ કહ્યું કે હું કંઈ રૂપિયા ગણવા આવ્યો નથી, પરંતુ ખૂબ જ દાન આવી રહ્યું છે, અને એ સૌને નમન! પણ જે કોઈ દાન આપી શકે નહીં એ ગ્લાનિ ન કરે! કારણ કે આ હેતુ સર્વના હિત માટે છે! કથા તો એક યજ્ઞ છે જ પરંતુ આ જે આરોગ્ય ધામ માટે સેવાયજ્ઞ અહીં મંડાણો છે, એનાં રોજ રોજ સવાયા શુકન થાય છે. આ સેવાયજ્ઞમાં દાન કરનારને તાકીદ કરી કે દાન સત્યની નીતિથી આપવું, એમાં કોઈ સ્વાર્થ ન હોવો જોઈએ! પોતાના નામની તકતી લાગશે પ્રસિદ્ધિ વધશે, એવું પણ ન હોવું જોઈએ!: પોતાના ઈષ્ટ દેવનું સ્મરણ કરી હસતાં હસતાં દાન આપો! જીવનમાં અમુક દ્વન્દ્વ નિશ્ચિત હોય જેમ કે, સુખ દુઃખ, સન્માન અપમાન, સ્વીકાર તિરસ્કાર, નિંદા સ્તુતિ!: અને આવા સમયે કાયર બની પરિસ્થિતિના રોદણાં રોવા એ યોગ્ય નથી! આવા સંઘર્ષોમાંથી બહાર આવીને આપણાથી જે કંઈ થાય હોય એ કરવું! કદાચ કોઈ ને કંઈ આપી શકાય નહીં, તો કોઈ આપે એમાં રાજી થવું! આપનારે પણ રાજી થઈ આપવું. સેવાયજ્ઞનું સાત્વિક તાત્વિક ચિંતન કરતાં કહ્યું કે શ્રીમદ ભાગવતમાં પંચયજ્ઞની વાત આવે છે, જ્યારે શ્રીમદ્ ભગવદ્ ગીતામા પણ પંચયજ્ઞની વાત આવે છે, અને એ પાંચે પાંચ ભિન્ન છે, તો એને સેવા યજ્ઞ સાથે કંઈ રીતે સાંકળી શકાય એ જોઈએ. ભાગવત મુજબ (૧) બ્રહ્મ યજ્ઞ જેમાં આપણા વૈદિક શાસ્ત્રો પુરાણો રામાયણ મહાભારત ગીતા નું અધ્યયન કરવું, પઠન કરવું કે શ્રવણ કરવું! તેમાં સ્થૂળ રુપે યજ્ઞ ની આવશ્યકતા બતાવી નથી! પણ હા એ શાસ્ત્ર વતનમાંથી ગુણ વર્ધક વાતો તારવી લેવાની આવશ્યકતા બતાવી છે. (૨) પિતૃ યજ્ઞ આ યજ્ઞ જળ થી થાય છે આપણે પિતૃ ને જળથી તર્પણ કરીએ છીએ! પિતૃ પ્રત્યે પ્રેમનો ભાવ વાળા જળની વાત છે! કે સ્મરણમાં આવે અને આંખ ભીની થાય. (૩) દેવ યજ્ઞ, આમાં વિધિવિધાન આવશ્યક છે, અને એ રીતે યજ્ઞ કુંડ બનાવી પૂજન અર્ચન કરીને આહુતિ આપવી પડે! ત્યારે આ યજ્ઞ સંપન્ન થાય. (૪) ભૂતયજ્ઞ એટલે જીવદયા! પ્રાણી માત્ર માટે આપણાથી થાય એ કરવું એ ભૂતયજ્ઞ છે! આ ઉપરાંત મનુષ્ય પણ એક પ્રાણી છે, એટલે ભૂખ્યાને અન્ન આપવું, દર્દીની ફીમાં સેવા કરવી, વિદ્યાર્થીની ફી ભરવી, ચોપડી અપાવવી વગેરે ભૂતયજ્ઞ છે. (૫) નૃ યજ્ઞ કે નર યજ્ઞ. આંગણે આવેલ અતિથિનું સન્માન કરવું, ભોજન કરાવવું તેમજ એનાં દુઃખ સુખમાં સહભાગી બનવું, એને નૃ યજ્ઞ કહેવાય છે. ગીતાનાં પાંચ યજ્ઞ, આમ તો અહીં જે યજ્ઞ મંડાણો છે, એમાં પાંચે પાંચ યજ્ઞ સામેલ છે. (૧) દ્રવ્ય યજ્ઞ. આ સેવા યજ્ઞમાં કોઈ ત્રણ સો આપે કે કોઈ ત્રણ કરોડ પણ, બેયમાં દ્રવ્ય આપનારની નિયત સરખી હોય તો આહુતિ પણ સરખી ગણાય. આ ઉપરાંત કોઈનું દુઃખ જોઈ દ્રવીભૂત થવાય તો એ દ્રવ્ય યજ્ઞ છે. (૨) તપ યજ્ઞ, આ આરોગ્ય ધામનાં ડોક્ટર અને દર્દી બેયને તપ કરવું પડશે! એટલે કે સહન કરવું પડશે!: દર્દી ને દર્દ સહન કરવાનું અને વ્યવસ્થાપકો એ પોતાના વધુ ને વધુ સમયનું યોગદાન આપવાં છતાં કંઈક સાંભળવું પડે! અથવા ઉપરીના કોપને સહન કરવો પડે! આ બધું તપ છે. (૩)યોગ યજ્ઞ, ભક્ત અને ભગવાનને જોડે એ યોગ ! પણ અહીં દર્દી અને ડોક્ટર જોડાય ! એકબીજાની સમસ્યાને સમજી ઉકેલ લાવે તો આ જોડાણ યોગયજ્ઞ છે. ઈશ્વર કરે એમાં ક્યારેય વિયોગ ન આવે! (૪) સ્વાધ્યાય યજ્ઞ, ભક્તિ માટેના જે સાધનને પસંદ કરાયું હોય એનો નિત્ય સ્વાધ્યાયથી આપણે એ પંથે વધુ ઝડપથી પ્રગતિ કરીએ છીએ. આ યજ્ઞમાં ડોક્ટર તથા ટ્રસ્ટી ઓ દર્દીને ભવિષ્યમાં પણ કંઈ રીતે વધુ ને વધુ રાહત થાય એનું આયોજન કરે તો એ સ્વાધ્યાય યજ્ઞ છે. (૫) જ્ઞાન યજ્ઞ. જ્ઞાન એટલે સમજણ ! પછી તે ભગવાન પ્રેરિત હોય કે સેવા પ્રેરિત! આ યુગમાં આવું આરોગ્ય ધામ હોવું જોઈએ! એ સમજણ જ પરિપક્વ જ્ઞાન છે, અને યજમાન પરિવાર આ માટે નિમિત્ત બન્યો એની સમજણને નમન. આ ઉપરાંત આ યજ્ઞમાં જેણે જેણે આહુતિ આપી છે એ તમામ ધન્યવાદને પાત્ર છે નમનનાં અધિકારી છે. આ યજ્ઞમાં આહુતિ આપનાર લૌકિક જીવન આનંદથી જીવે, અને અલૌકિક વિચારો તરફ પ્રયાણ કરો! કથાનાં ક્રમમાં રામ જન્મ સુધીની કથાને લઈ જવી છે, એમ કરી શંકર પરણીને આવ્યાં પછી કૈલાસમા વટવૃક્ષ નીચે બેસે છે, અને પાર્વતીનાં પુછતાં કથાના મંડાણ થાય છે. રામચરિત માનસ યુવાનોને છૂટ આપે છે કે, પરણીને હરોફરો તરત કથા આવવાની જરૂર નથી! હા રામાયણ મહાભારત કે ગીતા તમારી જોળીમાં રાખો એ તમારું ઓળખપત્ર છે.

**કથાના ક્રમમાં**

**ધન્ય ધન્ય ગિરિ**
**રાજકુમારી,**
**તુમ સમાન નહિ કોઉ**
**ઉપકારી!**
**પુછેઉ રઘુપતિ કથા પ્રસંગા,**
**સકલ લોક જગ**
**પાવનિ ગંગા.**

પર્વત રાજની પુત્રીને બે વાર ધન્ય હો, ધન્ય હો, કહ્યું, કારણ કે કથા એ સમસ્ત લોક ને પવિત્ર કરનારી ગંગા છે. ઈશ્વર તત્વ જે પગ વગર ચાલે, હાથ વગર કર્મ કરે, કાન વગર સાંભળે, આંખ વગર જુએ, નાક વગર સૂંઘે, શરીર વગર બધાને સ્પર્શ કરે, આવી અલૌકિક જેને કરણી છે, એ પરમાત્મા રામ છે! અને આવું બ્રહ્મ તત્વ શા માટે અવતાર લે છે, એના અનેક કારણ અનેક છે,પણ તેમાંથી પાંચ કારણ હે દેવી હું તમને સંભળાવું છું, એમ કહી ભગવાન શિવ પાર્વતીને રામ જન્મની કથા કહે છે.

પહેલું કારણ વૈકુંઠના દરવાજે જય વિજય સનત કુમારને રોકે છે અને સનત કુમારો જય વિજયને શ્રાપ આપે છે. જય વિજયને સાત જન્મ લેવા પડ્યાં, અને અંતિમ જન્મમાં રાવણ અને કુંભકરણ તરીકે જનની ભગવાન રામને હાથે મુક્તિ મેળવી ફરી પાછા વૈકુંઠનાં દ્વારપાલ બને છે.

બીજું કારણ ભગવાન વિષ્ણુએ છળ કર્યું ત્યારે સતી વૃંદાએ શ્રાપ આપ્યો અને તેને લીધે રામ અવતાર લેવો પડ્યો.

ત્રીજું કારણ, ભરી સભામાં મશ્કરીને પાત્ર બનતાં નારદજીએ શ્રાપ આપ્યો.

ચોથું કારણ નૈમિષારણ્યમા ધેનમતી નદીના કિનારે મનુ અને શતરૂપાએ કઠિન તપસ્યા કરીને ભગવાન પાસે માગ્યું કે, આવતાં જન્મે અમને તમારા જેવો દીકરો મળે. ભગવાન કહે મારા સમાન કોઈ નથી, હું જ તમારો પુત્ર બનીને અયોધ્યામાં અવતાર લઈશ.

પાંચમું કારણ પ્રતાપ ભાનુએ બ્રહ્મ ભોજનમાં અમિષ પીરસતાં બ્રાહ્મણોએ શ્રાપ આપ્યો, પ્રતાપ ભાનુ એનાં બીજા જન્મમાં રાવણ બન્યો અને અરિમર્દન કુંભકરણ બન્યો, ધર્મરુચિ નામનો પ્રધાન મંત્રી વિભીષણ બન્યો!; આમ રામકથામાં રામ અવતાર પહેલા રાવણના અવતારની વાત આવે છે, સુરજ ઉગે તે પહેલા અંધારું જ હોય! એટલે નિશીચર વંશનો જન્મ પહેલા, અને પછી સૂર્યવંશની કથા છે. રાવણ કુંભકરણ અને વિભીષણ કઠિન તપ કરીને દુર્ગમ અને દુર્લભ વરદાન પ્રાપ્ત કરે છે, એ વરદાનનો દુરુપયોગ કરીને પૃથ્વી પર ભ્રષ્ટાચાર અને આતંક ફેલાવે છે. ધરતી દુઃખી થઈને ગાયનું રૂપ ધારણ કરી, ઋષિમુનિઓ સાથે બ્રહ્મલોકમાં સ્તુતિ કરે છે, બધા જ ભેગા થઈને પરમ તત્વને પુકારે છે!

**હરિ વ્યાપક સર્વત્ર સમાના,**
**પ્રેમ તે પ્રગટ હોઈ મે જાના.**

આમ રામ જન્મની પૂર્વભૂમિકા બની ગઈ, અને તુલસીદાસ અયોધ્યામાં લઈ જાય છે, જ્યાંએ સમયે અયોધ્યાના રાજા દશરથ પોતાની ચોથી અવસ્થામાં પુત્ર ન હોવાને કારણે ગ્લાનિ અનુભવે છે, અને ગુરુદ્વારે જાય છે. ગુરુ વશિષ્ઠ રાજનને ધીરજ રાખવાનું કહી, પુત્રકામેષ્ટિ યજ્ઞ કરવા કહે છે. યજ્ઞના પ્રસાદ રૂપે મળેલ ખીરને બધી રાણીઓમાં વહેંચે છે, અને બધી રાણીઓ સગર્ભાવસ્થાનો અનુભવ કરે છે. અંતે ત્રેતા યુગમાં, ચૈત્રમા શુક્લ પક્ષ, નવા વર્ષની પહેલી નવરાત્રી શક્તિ ઉપાસનાના દિવસો પૂરો થયાં, અને વિશ્વનો સર્વ શક્તિમાન નવમીના દિવસે પ્રગટ થયો. ભયે પ્રગટ કૃપાલા દિનદયાલા કૌશલ્યા હિતકારી, હર્ષિત મહતારી મુનિ મનહારી અદભુત રૂપ વિચારી. અને આમ સકલલોકનો બ્રહ્માં ઈશ્વર નવજાત શિશ રૂપે મા કૌશલ્યાના અંકમાં બિરાજમાન થાય છે,આમ કહી ચોથા દિવસની કથાને વિરામ આપ્યો.

## ભાગવતશાસ્ત્ર એ પ્રેમશાસ્ત્ર છે, પ્રેમ એ પાંચમો પુરુષાર્થ છે, શ્રીકૃષ્ણપ્રેમમાં દેહભાન ભુલાય, તે ઉત્તમ પ્રેમનું લક્ષણ છે

# કથા સાંભળ્યા પછી જીવનમાં ફેરફાર ન થાય તો માનજો કે કથા સાંભળી નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પરમાત્મા પ્રેમીને જ પોતાનું સ્વરૂપ બતાવે છે, જ્ઞાનમાર્ગમાં પ્રાપ્તની પ્રાપ્તિ છે. જ્ઞાનમાર્ગમાં જે મળેલું છે તેનો જ અનુભવ કરવાનો છે, ભક્તિમાર્ગમાં ભક્તિ દ્વારા ભેદનો વિનાશ કરવાનો છે, જ્ઞાનમાર્ગમાં જ્ઞાનથી ભેદનો નિષેધ કરવામાં આવે છે, બંનેનું લક્ષ્ય એક જ છે, પૂર્વજન્મના પુણ્યનો ઉદય થાય છે, ત્યારે આ પવિત્ર કથા સાંભળવાનો યોગ થાય છે.**

અમદાવાદ સરદાર વલ્લભ ભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટથી લંડન બસો બેતાલીસ માણસો સવાલાખ લીટર ઈંધણ ભરીને જતું એર ઈન્ડિયાનું વિમાન ટેક ઓફની થોડીક જ ક્ષણોમાં મેઘાણીનગર ઘોડા કેમ્પ પાસ બી જે મેડિકલ કોલેજના મેસ અને રેસિડન્સ હોસ્ટેલ બિલ્ડિંગને ટેકરાઈ આગના ગોળામાં ફેરવાઈ જતાં વિમાનમાં મુસાફરી કરી રહેલા રાજ્યના પૂર્વ. મુખ્ય મંત્રી વિજય રૂપાણી,કર્ગો મોટર્સ, લૂબી પાઈપના માલિક સહિત બસો ઓગણત્રીસ મુસાફરો અને બાર ક્રૂમેમ્બરના મૃત્યુ થતાં સમગ્ર દેશ માં હાહાકાર મચી ગયો.આવા બનાવો ચોક્કસ કંઈક બોધપાઠ આપે છે ગઈકાલના લેખમાં કહ્યું હતું કે, સમભાવ જાગે તેનું નામ સ્મશાન.સ્મશાનમાં રાજા આવે કે રંક, મુર્ખ આવે કે વિદ્વાન સૌના શરીરની ત્યાં રાખ જ થાય છે. વિમાન દુર્ઘટના આઘાત જનક છે પણ એ વિમાન તૂટ્યા પછીની ભયાનક આગમાં કોણ કયા દરજામાં હતું કંઈ જ નહિ ફક્ત રાખ.. હાડકાં જ..આપ સૌ સમજી ગયા હશો આ કાયામાં જીવ છે ત્યાં સુધી જ બધું જીવ નિકળી ગયા પછી તો લાશ.. નનામી..નિધન જ..આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જ્ઞાન વૈરાગ્ય સાથે ભક્તિને વધાર નારી આ કથા છે. કથા રડવા માટે છે.મહાન ભક્તોનાં મહાનપુરુષો નાં ચરિત્રો સાંભળી આપણને ભાન થાય કે,હાય હાથ મેં મારા આત્માના ઉદ્ધાર અર્થે કાંઈ કર્યું નહીં!કથા સાંભળ્યા પછી સંસાર ના વિષયો પ્રત્યે જો વૈરાગ્ય ન આવે અને પ્રભુ પ્રત્યે પ્રેમ ન જાગે તો તેવી કથા કથા જ નથી. કથા મનુષ્ય જીવનને સુધારે છે, જીવનનું પરિવર્તન કરે છે.કથા મનુષ્યના જીવનમાં ક્રાંતિ કરે છે. કથા સાંભળ્યા પછી જીવનમાં ફેરફાર ન થાય તો માનજો કે કથા સાંભળી નથી. શૌનકમુનિએ તેથી જ્ઞાન વધે, વૈરાગ્ય-ભક્તિ વધે એવી કથા સાંભળવા માગી છે. શીરામાં અર્થદષ્ટિએ ઘઉંની કિંમત ઓછી છે, છતાં લોટ વિના શીરો થતો નથી.તત્ત્વદષ્ટિથી વિચાર કરો તો તેની કિંમત ઘી જેટલી જ છે. શીરો કરવામાં ઘઉં,ગોળ અને ઘી ની સરખી જરૂર છે. તેવી રીતે જ્ઞાન,ભક્તિ અને વૈરાગ્યએ સમાન છે. જીવનમાં એ ત્રણેની જરૂર છે. સોળ આની જ્ઞાન અને સોળ આની વૈરાગ્ય આવે, ત્યારે જીવનો જીવભાવ જાય છે. જેનામાં જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય પરિપૂર્ણ હોય તે ઉત્તમ વક્તા છે. અનેક ઋષિમુનિઓ ત્યાં ગંગા કિનારે બેઠા હતા પણ કોઈ કથા સાંભળવા તૈયાર ન થયું, કેવળ શુકદેવજીનાં જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય પરિપૂર્ણ હતાં. ભાગવતશાસ્ત્ર એ પ્રેમશાસ્ત્ર છે. પ્રેમ એ પાંચમો પુરુષાર્થ છે. શ્રીકૃષ્ણપ્રેમમાં દેહભાન ભુલાય, તે ઉત્તમ પ્રેમનું લક્ષણ છે. પરમાત્મા પ્રેમીને જ પોતાનું સ્વરૂપ બતાવે છે.જ્ઞાનમાર્ગમાં પ્રાપ્તની પ્રાપ્તિ છે. જ્ઞાનમાર્ગમાં જે મળેલું છે તેનો જ અનુભવ કરવાનો છે. ભક્તિમાર્ગમાં ભક્તિ દ્વારા ભેદનો વિનાશ કરવાનો છે. જ્ઞાનમાર્ગમાં જ્ઞાનથી ભેદનો નિષેધ કરવામાં આવે છે. બંનેનું લક્ષ્ય એક જ છે. પૂર્વજન્મના પુણ્યનો ઉદય થાય છે, ત્યારે આ પવિત્ર કથા સાંભળવાનો યોગ થાય છે. કળિયુગમાં જીવોને કાળરૂપ સર્પના મુખમાંથી છોડાવવા શુકદેવજીએ ભાગવતની કથા કહી છે. જ્યારે શુકદેવજી પરીક્ષિત રાજાને આ કથા સંભળાવતા હતા ત્યારે સ્વર્ગનું અમૃત લઈ દેવો ત્યાં આવેલા. દેવોએ કહ્યું કે, સ્વર્ગનું અમૃત અમે રાજાને આપીએ અને કથા અમૃત આપ અમને આપો. શુકદેવજીએ પરીક્ષિતને પૂછ્યું, તારે આ કથાનું અમૃત પીવું છે કે સ્વર્ગનું અમૃત પીવું છે? પરીક્ષિતે મહારાજને પૂછ્યું, મહારાજ સ્વર્ગ નું અમૃત પીવાથી શું લાભ? શુકદેવજી કહે છે, સ્વર્ગનું અમૃત પીવાથી પુણ્યનો ક્ષય થાય છે. પરંતુ પાપનો ક્ષય થતો નથી. પાપનો ક્ષય તો કથામૃતના પાનથી જ થશે.કથામૃતથી ભોગવાસના નો વિનાશ થાય છે. તેથી સ્વર્ગના અમૃત કરતાં આ કથામૃત શ્રેષ્ઠ છે, રાજાએ કહ્યું,ભગવાન,મારે સ્વર્ગ નું અમૃત પીવું નથી.મારે આ કથા મૃતનું જ પાન કરવું છે. સાત જ દિવસમાં જ્ઞાન-વૈરાગ્યને જાગૃત કરી ભક્તિરસ ઉત્પન્ન કરનારી આ કથા છે. આપણામાં જ્ઞાન અને વૈરાગ્ય તો છે,પણ સૂતેલાં છે તેને જાગૃત કરવાનાં છે. એવો બીજો કોઈ ગ્રંથ નથી જે સાત દિવસમાં મુક્તિ અપાવી શકે. સૂતજીએ કહ્યું કે, સાત દિવસમાં પરીક્ષિતને જે કથાથી મુક્તિ મળી તે કથા હું તમને સંભળાવું છું. સાત દિવસમાં મુક્તિ મળી. વક્તા શુકદેવજી જેવો હોય અને શ્રોતા પરીક્ષિત જેવો હોય તો, સાત દિવસમાં મુક્તિ મળે છે. વક્તા શ્રોતા બંને અધિકારી હોવા જોઈએ. કરંટ અને ગોળો બંને સારા હોવા જોઈએ. કથા સાંભળી પરીક્ષિતને સદ્ગતિ મળી. તેઓ વિમાનમાં બેસીને પરમાત્માના ધામમાં ગયા છે. આજકાલ લોકો કથા બહુ સાંભળે છે, પરંતુ તેઓને લેવા માટે વિમાન કેમ આવતું નથી? વિમાન આવતું નથી કારણ કે વક્તા-શ્રોતા અધિકારી નથી. વિમાન આવે તો મનુષ્યનીજવાની તૈયારી ક્યાં છે? મનુષ્ય પત્ની, પુત્ર, ધન વગેરેમાં ફસાયેલો છે. આ આસક્તિ છૂટે ત્યાં સુધી મુક્તિ નથી. જેનું મન પરમાત્માના રંગથી રંગાયેલું છે, તે જ્યાં બેઠો છે ત્યાં જ તેને મુક્તિ છે. ત્યાં જ તેનું વિમાન છે. તેને માટે વિમાન આવે તો પણ શું અને ન આવે તો પણ શું? ઈશ્વર સાથે તન્મયતા થતાં જ આનંદ મળે છે તેથી વિશેષ આનંદ વૈકુંઠમાં નથી. તુકારામને લેવા વિમાન આવ્યું. તુકારામજી પત્નીને કહે છે કે ચાલ,તને વિમાનમાં બેસાડીને પરમાત્માના ધામમાં લઈ જાઉં, પરંતુ પત્નીએ કહ્યું, તમારે જવું હોય તો જાવ, મારે આવવું નથી અને તે ગઈ નહીં. સંસારનો મોહ આવો છે.વાસના ઉપર અંકુશ ન આવે ત્યાં સુધી શાંતિ મળતી નથી કથાનો એકાદ સિદ્ધાંત પણ જો મગજમાં ઠસી જશે, તો જીવન મધુર બની જશે. વાસના ક્ષીણ ન થાય, ત્યાં સુધી મુક્તિ મળતી નથી. પૂર્વજન્મનું શરીર ગયું, પણ મન ગયું નથી. લોકો તન અને કપડાંની કાળજી રાખે છે, પરંતુ મર્યા પછી પણ જે સાથે આવે છે તેની કાળજી રાખતા નથી, મર્યા પછી પણ મન સાથે આવવાનું છે. માટે તેની કાળજી રાખજો. ધન, શરીર વગેરેની કાળજી રાખશો નહીં. મર્યા પછી આંગળીમાં વીંટી હશે, તો તે પણ લોકો કાઢી લેશે. આચાર,વિચાર વિના મનની શુદ્ધિ થતી નથી અને મનની શુદ્ધિ થાય નહીં ત્યાં લગી ભક્તિ થઈ શકતી નથી. વિવેકથી સંસારનો અંત ન લાવો ત્યાં સુધી અંત આવવાનો નથી. જીવનમાં સંયમ,સદાચાર જ્યાં સુધી ન આવે,ત્યાં સુધી પુસ્તકમાં જ્ઞાન કાંઈ કામ લાગશે નહીં. ઘણા ઘણા ગ્રંથો વાંચવાથી બુદ્ધિમાં વિક્ષેપ થાય છે. કેવળ જ્ઞાન શું કામનું? એક ગૃહસ્થનો પુત્ર મરણ પામ્યો. ગૃહસ્થ રુદન કરે છે. તેને ત્યાં જ્ઞાની સાધુ આવે છે અને ઉપદેશ આપે છે કે, “આત્મા અમર છે. મરણ તો શરીરનું થયું છે, તો તમારે પુત્રના મરણનો શોક કરવો ઉચિત નથી.'' થોડા દિવસ પછી તે જ્ઞાની સાધુની બકરી મરી ગઈ. તેથી તે રડવા લાગ્યો. સાધુને રડતો જોઈ તે ગૃહસ્થે સાધુને કહ્યું કે, બાપુજી તમે તો મને ઉપદેશ આપતા હતા ને કે કોઈના મરણનો શોક કરવો નહીં અને તેમ કેમ રડો છો! ત્યારે સાધુએ કહ્યું કે, છોકરો તારો હતો. પણ બકરી મારી હતી તેથી રડું છું. આનું નામ પરોપદેશે પાંડિત્યમ્! કથા જીવનને સુધારે છે અને મુક્તિ આપે છે એ વાત સાચી છે. રોજ રોજ મૃત્યુને એક-બે વખત યાદ કરો, કદાચ આજે જ મને યમદૂત લેવા આવે તો? એમ રોજ વિચારો તો પાપ થશે નહીં. મનુષ્યો રોજ ભોજનનો વિચાર કરે છે, પણ મૃત્યુનો વિચાર કરતો નથી. દુઃખની વાત છે. આ ભાગવત કથાનું માહાત્મય એકવાર સનતકુમારોએ નારદજી ને કહી સંભળાવ્યું હતું. મહાત્મ્યમાં એવું લખ્યું છે કે, મોટા મોટા ઋષિઓ, દેવો, બ્રહ્મલોક છોડી વિશાલ ક્ષેત્રમાં કથા સાંભળવા આવ્યા છે, કારણ કે કથાનો આનંદ બ્રહ્માનંદ કરતાં પણ શ્રેષ્ઠ છે. યોગી એકલો તરે છે. સત્સંગી પોતે તરે છે અને સંગમાં આવેલાં સર્વને તારે છે. વાચક ચાહક મિત્રો,અમદાવાદમાં પ્લેન ક્રેશ થયું અને તેના કારણે ત્રણસો જેટલા નિર્દોષ નાગરિકો એ જીવ ગુમાવ્યા આ આઘાત જનક ઘટના છે. પરમ કૃપાળુ પરમાત્માએ દિવંગત આત્માઓને ચિર શાંતિ અને પરીવારજનોને સ્વજન ગુમાવ્યાનું દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના સહ શ્રદ્ધા સુમન અર્પણ કરીએ.અસ્તુ.

### ક્લિફર્ડ તેના સગા કાકા નહીં પરંતુ ફેમિલી ફ્રેન્ડઃ વિક્રાંત

# અમદાવાદ પ્લેન ક્રેશમાં અભિનેતા વિક્રાંતના નજીકની વ્યક્તિનું નિધન

ગુજરાતના અમદાવાદમાં ૧૨મી જૂને ભીષણ વિમાન દુર્ઘટનાના કારણે સમગ્ર દેશ આઘાતમાં છે. વિમાનમાં સવાર મોટા ભાગના મુસાફરોએ જીવ ગુમાવ્યા છે. વિક્રાંત મેસીએ સ્પષ્ટ કર્યું છે ક્લિફર્ડ તેના સગા કાકા નહીં પરંતુ ફેમિલી ફ્રેન્ડ છે તેથી તે તેમને કાકા કહીને બોલાવે છે વિમાન અમદાવાદથી લંડન જઈ રહ્યું હતું જેમાં ૨૪૨ લોકો સવાર હતા. જેમાં બે પાયલટ અને ૧૦ કેબિન ક્રૂ સદસ્યો સામેલ છે. વિમાન મેઘાણીનગર નજીક એક હોસ્ટેલમાં ક્રેશ થયું તે બિલ્ડિંગમાં પણ મોટા પાયે જાનહાનિના અહેવાલ છે. પ્લેન ટેકઓફ થયાની બે જ મિનિટમાં ક્રેશ થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પણ નિધન થયું છે. તેઓ પરિવારને મળવા માટે લંડન જઈ રહ્યા હતા. ફ્લાઈટ છૈં૧૭૧માં ૧૬૯ ભારતીય, ૫૩ બ્રિટિશ,



૧ કેનેડિયન અને ૭ પોર્ટુગીઝ નાગરિકો હતા. આ દુર્ઘટનામાં બોલિવૂડ અભિનેતા વિક્રાંત મેસીના નજીકની વ્યક્તિનું નિધન થયું છે, જેઓ ફ્લાઈટમાં કો-પાયલટ હતા. બોલિવૂડ અભિનેતા વિક્રાંત મેસીએ સોશિયલ મીડિયામાં કહ્યું, કે 'અમદાવાદમાં પ્લેન દુર્ઘટનામાં જેમણે પોતાના જીવ ગુમાવ્યા છે તેમના પરિવાર પ્રત્યે મારી સંવેદના. મારા કાકા ક્લિફર્ડ કુંદરે તેમનો પુત્ર ક્લાઈવ કુંદર ગુમાવ્યો, જે ફ્લાઈટમાં ફર્સ્ટ ઓફિસર હતો. આ મુશ્કેલ ક્ષણમાં ઈશ્વર તમને અને તમારા પરિવારને શક્તિ આપે.' નોંધનીય છે કે વિમાનના ફર્સ્ટ ઓફિસરને કોપાયલટ કહેવામાં આવે છે. નોંધનીય છે કે વિક્રાંત મેસીએ સ્પષ્ટ કર્યું છે ક્લિફર્ડ તેના સગા કાકા નહીં પરંતુ ફેમિલી ફ્રેન્ડ છે તેથી તે તેમને કાકા કહીને બોલાવે છે. અમદાવાદના પ્લેન ક્રેશમાં ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પણ નિધન થયું છે. ૬૮ વર્ષના રૂપાણી લંડન જતી ફ્લાઈટમાં સવાર હતા. તેઓ પુત્રી અને પત્નીને મળવા માટે જઈ રહ્યા હતા. દેશભરના વિવિધ નેતાઓએ તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી.




# અમદાવાદમાં AIની પ્લેન ક્રેશ દુર્ઘટના અંગે બોલીવુડના કલાકારોએ વ્યક્ત કર્યું દુઃખ

## તમામ કલાકારોએ મૃતકો-તેમના પરિવારજનો સાથે પોતાની સંવેદના વ્યક્ત કરી છે

અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં અમદાવાદથી લંડન જઈ રહેલું વિમાન ક્રેશ થયું છે. આ પ્લેનમાં ૨૪૨ મુસાફર સવાર હતા. પ્લેન જે જગ્યાએ ક્રેશ થયું એ સિવિલ હોસ્પિટલના ઈન્ટર્ન અને રેસિડેન્ડ ડૉક્ટર્સની હોસ્ટેલ હતી, જેથી મોટી જાનહાનિ થઈ છે. સમગ્ર દેશને હચમચાવી નાખનારી દુર્ઘટનાને લઈને બોલીવુડના ફિલ્મી અભિનેતા અને અભિનેત્રીઓએ સંવેદના વ્યક્ત કરી હતી. સોશિયલ મીડિયા પર તમામ કલાકારોએ મૃતકો અને તેમના પરિવારજનો સાથે પોતાની સંવેદના વ્યક્ત કરી છે. અક્ષય કુમારે એક્સ પર જણાવ્યું કે, ''એર ઈન્ડિયાના પ્લેન ક્રેશથી આઘાત અને અવાચક છું. આ સમયે ફક્ત પ્રાર્થના કરીએ.'' સોનુ સુદે પણ લખ્યું કે, ''લંડન માટે ટેક ઓફ થયા બાદ અમદાવાદમાં ક્રેશ થયેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ માટે પ્રાર્થના.''રિતેશ દેશમુખે દુર્ઘટનાને લઈને ચિંતા વ્યક્ત કરી છે. તેમણે એક્સ પર લખ્યું છે કે, ''વિમાન ક્રેશ થયાની દુઃખદ ઘટના હૃદયદ્રાવક છે, હું ખરેખર આઘાતમાં છું. મારી સંવેદનાઓ તમામ મુસાફરો અને તેમના પરિવારજનો અને ઘટનાસ્થળ પર અસરગ્રસ્ત તમામ લોકો સાથે છે. આ કપરા સમયમાં મારા વિચારો અને પ્રાર્થનામાં તેમને યાદ કરૂં છું.''અભિનેતા રણદીપ હુડાએ પણ એક્સ પર પોસ્ટ કરી છે. તેમણે લખ્યું કે, ''અમદાવાદમાં થયેલી દુઃખદ વિમાન દુર્ઘટના વિશે સાંભળીને હૃદયદ્રવી ઉઠ્યું છે. મારી સંવેદનાઓ અસરગ્રસ્તો સાથે છે. દુર્ઘટનામાં બચી ગયેલા લોકો અને બચાવ ટીમોને શક્તિ મળે તેવી આશા રાખું છું. મૃતકોના આત્માને શાંતિ મળે અને તેમના પરિવારોને આ અપાર નુકસાન સહન કરવાની શક્તિ મળે તેવી પ્રાર્થના.''સન્ની દેઓલે એક્સ પર લખ્યું કે અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનાના સમાચારથી દુઃખી થયો છું. દુર્ઘટનામાં બચી જનાર લોકો માટે હું હૃદયપૂર્વક પ્રાર્થના કરૂં છું. તેઓની શોધખોળ થાય અને તેમની જરૂરી સંભાળ રાખવામાં આવે. જે લોકોએ જીવ ગુમાવ્યો છે તેમના આત્માને શાંતિ મળે અને તેમના પરિવારજનોને કપરા સમયમાં હિંમત મળે. જાન્વી કપૂર અને પરિણિતી ચોપડા સહિતની અભિનેત્રીઓએ પણ સોશિયલ મીડિયા પર પર પોસ્ટ કરીને મૃતકો માટે પ્રાર્થના કરી છે. જાન્હવી કપૂરે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે, અમદાવાદથી ઉડાન ભર્યા પછી તરત જ એર ઈન્ડિયાની ફ્લાઈટ ક્રેશના સમાચારથી હું વ્યથિત થઈ છું. આવી દુર્ઘટનાને શબ્દોમાં વર્ણવવી અશક્ય છે. આજે રાત્રે જવાબોની રાહ જોઈ રહેલા મુસાફરો, ક્રૂ અને દરેક પરિવારજનો માટે હું હૃદયપૂર્વક પ્રાર્થના કરું છું.''પરણિતી ચોપડાએ એક્સ પર લખ્યું કે, ''દુર્ઘટનાગ્રસ્ત એર ઈન્ડિયાની ફ્લાઈટના મુસાફરોના પરિવારજનોનું દુઃખ અકલ્પનીય છે. ઈશ્વરને પ્રાર્થના કે આ સમયે તેઓને હિંમત આપે.''એર ઈન્ડિયાની ક્રેશ થયેલી ફ્લાઈટમાં ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી પણ પ્રવાસ કરતા હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. પરંતુ તેઓને લઈને હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી મળી શકી નથી.



### ધનુષે તાજેતરમાં ફિલ્મ વિશે વાત કરી અને શૂટિંગનો અનુભવ શેર કર્યો

# ૬ થી ૭ કલાક કચરાના ઢગલામાં સુવું પડ્યું

## ધનુષ મુંબઈમાં એક કાર્યક્રમમાં હાજર હતો, જ્યાં તેણે 'પિપ્પી પિપ્પી દમ દમ' ગીત લોન્ચ કર્યું

ધનુષ અને રશ્મિકા મંદન્ના હાલમાં તેમની આગામી ફિલ્મ 'કુબેરા' માટે સમાચારમાં છે. નાગાર્જુન શેખર કમ્મુલા દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં પણ જોવા મળશે. ધનુષે તાજેતરમાં આ ફિલ્મ વિશે વાત કરી અને શૂટિંગનો અનુભવ શેર કર્યો. ધનુષે જણાવ્યું કે તેને અને રશ્મિકા મંદન્નાએ ૬ થી ૭ કલાક કચરાના ઢગલામાં શૂટિંગ કરવું પડ્યું.અભિનેતા ધનુષ મુંબઈમાં એક કાર્યક્રમમાં હાજર હતો, જ્યાં તેણે 'પિપ્પી પિપ્પી દમ દમ' ગીત લોન્ચ કર્યું. અહીં, જ્યારે અભિનેતાને પૂછવામાં આવ્યું કે 'કુબેરા'ના શૂટિંગ દરમિયાન કઈ યાદગાર ઘટના બની, ત્યારે તેણે કચરાના ઢગલામાં સૂવા વિશે જણાવ્યું.ધનુષે કહ્યું કે તે અને રશ્મિકા મંદાન્ના ૬-૭ કલાક સુધી કચરાના ઢગલામાં પડ્યા રહ્યા. રશ્મિકા બિલકુલ ઠીક હતી. તેણીએ કહ્યું કે મને કોઈ ગંધ નથી આવતી. મેં ઘણી બધી વાતો વાંચી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે અમે અમારા ચહેરા પર માસ્ક લગાવીને શૂટિંગ કર્યું. તે કોઈ મોટી વાત નહપોતી (માસ્ક વગર કચરાના



ઢગલામાં શૂટિંગ). તે ઠીક હતું, કોઈ સમસ્યા નહોતી. ધનુષે આગળ કહ્યું, 'જ્યારે તમે તમારા કમ્ફર્ટ ઝોનમાં હોવ છો, ત્યારે તમે ખરેખર ખૂબ જ આરામદાયક છો. તમે જે અનુકૂળ હોય તે કરો છો. સુરક્ષિત રહેવા માટે. ઓછામાં ઓછું આપણામાંથી કેટલાક ખૂબ જ સુરક્ષિત છીએ. હું ત્યાંથી આવ્યો છું. હું ખૂબ જ નમ્ર રહ્યો છું. આજે હું ભગવાનની કૃપાથી અહીં છું. મેં તે જોયું છે. ત્યાં પાછા જવું અને તે દુનિયાને ફરીથી જોવી ખૂબ જ જ્ઞાનવર્ધક અને જૂની યાદોને તાજી કરતી હતી.' ધનુષે જણાવ્યું કે તેણે કોઈ પણ પાત્રનું પુનરાવર્તન કેવી રીતે કર્યું નથી. ધનુષ બે દાયકાથી ફિલ્મોનો ભાગ છે, પરંતુ આજ સુધી તેણે તેની કારકિર્દીમાં એક પણ ભૂમિકાનું પુનરાવર્તન કર્યું નથી. આ વિશે પૂછવામાં આવતા તેણે કહ્યું, 'હું એક પ્રોસેસર જેવો છું. કમ્પ્યુટર. હું સખત મહેનત કરતો નથી. તમને ડેટાની જરૂર છે. મારા દિગ્દર્શકો મને ડેટા આપે છે. તેઓ ગમે તે કરે, હું તેને પ્રોસેસ કરું છું. હું ફક્ત એક પ્રોસેસર છું. જેનો શ્રેય તે ફિલ્મ નિર્માતાઓને જાય છે જેમની સાથે મેં કામ કર્યું છે.''કુબેર'ના કલાકારો'કુબેર' વિશે વાત કરીએ તો, તે ૨૦ જૂને સમગ્ર ભારતમાં રિલીઝ થશે. રશ્મિકા મંદન્ના અને ધનુષ ઉપરાંત, ફિલ્મમાં જીમ સર્ભ, પ્રિયાંશુ ચેટર્જી અને દલીપ તાહિલ પણ છે. 'કુબેર'નું ટીઝર ૨૫ મેના રોજ રિલીઝ થયું હતું, જેને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. ત્યારથી ચાહકો ફિલ્મની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આમાં, ધનુષ એક માફિયા નેતાની ભૂમિકા ભજવી રહ્યો છે. ધનુષે તાજેતરમાં ફિલ્મ વિશે વાત કરી અને શૂટિંગનો અનુભવ શેર કર્યો.

### નિવૃત્તિની અફવાઓ પર મૌન તોડ્યું

# 'મહાભારત' મારી આખરી ફિલ્મ નહી હોય : આમિર

## આમિર ખાને ચાહકોને કોઈપણ નિષ્કર્ષ પર પહોંચતા પહેલા તેમની ટિપ્પણીઓનો સંપૂર્ણ સંદર્ભ સાંભળવા વિનંતી કરી

આમિર ખાને મહાભારત પછી નિવૃત્તિની અફવાઓ પર મૌન તોડ્યું છે. તેમણે કહ્યું કે હું જે કંઈ કહું છું , તેનું ખોટું અર્થઘટન કરવામાં આવે છે.આમિર ખાન હાલમાં તેની આગામી ફિલ્મ સિતારે જમીન પરના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ બધા વચ્ચે, અફવાઓ ફેલાઈ રહી છે કે મહાભારત બોલીવુડના મિસ્ટર પરફેક્શનિસ્ટની છેલ્લી ફિલ્મ હોઈ શકે છે અને તે ફિલ્મ બનાવ્યા પછી તે નિવૃત્ત થઈ શકે છે. તે જ સમયે, આમિર ખાને હવે આ અફવાઓ પર મૌન તોડ્યું છે. આમિરે કહ્યું, ''મહાભારત મારી છેલ્લી ફિલ્મ નહીં હોય. સમસ્યા એ છે કે તમે જે કંઈ પણ કહો છો, તેનું હંમેશા ખોટું અર્થઘટન કરવામાં આવે છે.'' તેમણે કહ્યું કે તેમને એક એવી ફિલ્મ વિશે કહેવા માટે એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો જે કર્યા પછી તેમને બીજું કંઈ કરવાનું મન થતું ન હતું. ત્યારે તેમણે મહાભારતનો ઉલ્લેખ વિદાય તરીકે નહીં, પરંતુ એક શક્તિશાળી વિષય તરીકે કર્યો હતો જેની સાથે તેઓ ભાવનાત્મક રીતે જોડાયેલા છે. તેમણે કહ્યું, ''સામગ્રી ની દ્રષ્ટિએ, મને ફક્ત એક જ વસ્તુ દેખાય છે જેમાં તે શક્તિ છે... મેં આ સંદર્ભમાં તેનો જવાબ આપ્યો. લોકોને લાગ્યું કે મહાભારત મારી છેલ્લી ફિલ્મ છે.આમિર ખાને ચાહકોને કોઈપણ નિષ્કર્ષ પર પહોંચતા પહેલા તેમની ટિપ્પણીઓનો સંપૂર્ણ સંદર્ભ સાંભળવા વિનંતી કરી. તેમની સ્પષ્ટતા ચાહકો માટે રાહત છે જેઓ ચિંતા કરતા હતા કે સુપરસ્ટાર મહાકાવ્ય ફિલ્મ પછી ઉદ્યોગ છોડી દેશે. ઉદ્યોગસાહસિક રાજ શમની સાથેની તેમની અગાઉની વાતચીતમાં, આમિરે મહાભારત વિશે ઉત્સાહપૂર્વક વાત કરી હતી અને તેને બહુસ્તરીય, ભાવનાત્મક અને વિશાળ કદ તરીકે વર્ણવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, ''દુનિયામાં જે કંઈ છે તે મહાભારતમાં જોવા મળશે.'' તેમણે આ સમય દરમિયાન સ્વીકાર્યું હતું કે આ ફિલ્મ તેમને સર્જનાત્મક બંધનો અહેસાસ આપી શકે છે, પરંતુ તેમણે ક્યાંય નિવૃત્તિની પુષ્ટિ કરી નથી.આમિર મહાભારત પહેલાં તેની આગામી ફિલ્મ, સિતારે જમીન પર, ની રિલીઝ માટે તૈયારી કરી રહ્યો છે. આ ફિલ્મનું નિર્દેશન આર. એસ. પ્રસન્ના દ્વારા કરવામાં આવ્યું છે. જેનેલિયા દેશમુખે પણ ફિલ્મમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ ફિલ્મ ૨૦ જૂને સિનેમાઘરોમાં રિલીઝ થશે.



# કરિશ્માના Ex-હસબન્ડ સંજય કપૂરનું નિધન

## મૃત્યુના થોડા કલાકો પહેલા જ સંજય કપૂરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરી હતી

બોલિવૂડ અભિનેત્રી કરિશ્મા કપૂરના એક્સ હસબન્ડ અને બિઝનેસમેન સંજય કપૂરનું આજે ઈંગ્લેન્ડમાં નિધન થયું. તેઓ પોલો રમી રહ્યા હતા અને અચાનક જ મેદાન પર ઢળી પડ્યા. જે બાદ તેમને હોસ્પિટલ લઈ જવાયા પરંતુ ડોક્ટર્સ તેમને બચાવી શક્યા નહીં. મૃત્યુના થોડા કલાકો પહેલા જ સંજય કપૂરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરી હતી સંજય કપૂર જાણીતા બિઝનેસમેન હતા અને તેમને પોલો રમવાનો ખૂબ શોખ હતો.સંજય કપૂર અને કરિશ્મા કપૂરના લગ્ન વર્ષ ૨૦૦૩માં



થયા હતા, તેમના બે બાળકો છે- પુત્રી સમાયરા અને પુત્ર કિયાન. વર્ષ ૨૦૧૬માં બંનેએ છૂટાછેડા લીધા હતા. છૂટાછેડા લેતા સમયે કરિશ્માએ સંજય કપૂર પર ગંભીર આક્ષેપ લગાવ્યા હતા. કરિશ્માથી અલગ થયા બાદ સંજય કપૂરે વર્ષ ૨૦૧૭માં પ્રિયા સચદેવ સાથે લગ્ન કર્યા હતા. નોંધનીય છે કે મૃત્યુના થોડા કલાકો પહેલા જ સંજય કપૂરે સોશિયલ મીડયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરી હતી. તેમણે અમદાવાદમાં થયેલા પ્લેન ક્રેશ પર દુઃખ વ્યક્ત કર્યું હતું. મૃત્યુના થોડા કલાકો પહેલા જ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરી હતી.



# વ્યસ્તતાને લીધે રામાયણમાં શૂર્પણખા ન બની

## પ્રિયંકાના પ્રોજેક્ટ્સ વિશે વાત કરીએ તો, તે હાલમાં તેના આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરી છે



રામાયણ ફિલ્મમાં ઘણા સ્ટાર્સ સામેલ છે. પરંતુ એક સ્ટાર એવો પણ છે જેને ફિલ્મમાં રોલ માટે ઓફર મળી હતી, પરંતુ તે તે કરી શકી નહીં. અહીં પ્રિયંકા ચોપરા વિશે વાત થઈ રહી છે જેમને શૂર્પણખાનો રોલ ઓફર કરવામાં આવ્યો હતો.નિતેશ તિવારીની રામાયણ આજકાલ ખૂબ જ ચર્ચામાં છે. ઘણા સ્ટાર્સ આ ફિલ્મમાં જોડાયા છે. રણબીર કપૂર અહીં રામનો રોલ ભજવી રહ્યા છે, જ્યારે સાઈ પલ્લવી ફિલ્મમાં સીતાનો રોલ ભજવી રહી છે. ફિલ્મમાં રકુલ પ્રીત શૂર્પણખાનો રોલ ભજવી રહી છે, પરંતુ હવે સમાચાર આવી રહ્યા છે કે રકુલ પહેલા પ્રિયંકા ચોપરાને ફિલ્મમાં




શૂર્પણખાનો રોલ ભજવવાની ઓફર કરવામાં આવી હતી.એક અહેવાલ મુજબ, પ્રિયંકાને શૂર્પણખાનો રોલ ઓફર કરવામાં આવ્યો હતો, પરંતુ આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સમાં વ્યસ્ત હોવાને કારણે, અભિનેત્રી પાસે સમય નથી. આ પછી, રકુલને ફિલ્મમાં લેવામાં આવી. રકુલ ભૂમિકામાં સંપૂર્ણ રીતે ફિટ બેસે છે અને પાત્રમાં તાજગી લાવે છે.બાય ધ વે, પ્રિયંકાને હિન્દી ફિલ્મમાં જોવા માટે ચાહકો ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હતા. છેલ્લે તે ફિલ્મ ધ સ્કાય ઈઝ પિંકમાં જોવા મળી હતી જેમાં ફરહાન અખ્તર તેની સાથે મુખ્ય ભૂમિકામાં હતો.રામાયણની બાકીની કાસ્ટ વિશે વાત કરીએ તો, યશ તેમાં રાવણની ભૂમિકા ભજવશે. સની દેઓલ હનુમાનની ભૂમિકા ભજવશે, રવિ દુબે લક્ષ્મણની ભૂમિકા ભજવશે અને મોહિત રૈના ભગવાન શિવની ભૂમિકા ભજવશે. અરુણ ગોવિલ રાજા દશરથની ભૂમિકા ભજવશે, લારા દત્તા કૈકેયીની ભૂમિકા ભજવશે અને કાજલ અગ્રવાલ મંદોદરીની ભૂમિકા ભજવશે. પ્રિયંકાના પ્રોજેક્ટ્સ વિશે વાત કરીએ તો, તે હાલમાં તેના આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. તે હેડ ઓફ સ્ટેટ અને ધ બ્લફમાં જોવા મળશે. આ ઉપરાંત, તે એસએસ રાજામૌલીની ફિલ્મ SSMB29 માં પણ જોવા મળશે, જેમાં મહેશ બાબુ તેની સાથે મુખ્ય ભૂમિકામાં છે.

# હું દર મહીને પ્રેગ્નન્ટ બની જતીઃ વિદ્યા બાલને કર્યો કટાક્ષ

## આ મારું જીવન છે અને ફક્ત હું જ નક્કી કરીશ કે હું શું કરવા માંગુ છું

બોલિવૂડમાં એક લોકપ્રિય અભિનેત્રી છે, જેણે તેની ગર્ભાવસ્થા વિશે મોટો ખુલાસો કર્યો. અભિનેત્રીનું નિવેદન સાંભળીને બધા આશ્ચર્યચકિત થઈ ગયા. બોલિવૂડ ઉદ્યોગની સુંદર અભિનેત્રી કે જે કોઈપણ મુદ્દા પર પોતાનો સ્પષ્ટ અભિપ્રાય રાખે છે. અભિનેત્રીએ કહ્યું કે આ મારું જીવન છે અને ફક્ત હું જ નક્કી કરીશ કે હું શું કરવા માંગુ છું એક સમયે અભિનેત્રીએ ગર્ભાવસ્થા વિશે કંઈક એવું કહ્યું હતું જેનાથી હંગામો મચી ગયો હતો.તે સુંદરતા બીજું કોઈ નહીં પણ વિદ્યા બાલન છે જેણે ૨૦૧૨ માં સિદ્ધાર્થ રોય કપૂર સાથે લગ્ન કર્યા હતા. અભિનેત્રી ૪૬ વર્ષની છે પરંતુ માતા બનવા માટે તૈયાર નથી. વિદ્યાએ ૩૩ વર્ષની ઉંમરે લગ્ન કર્યા હતા. અભિનેત્રીએ કહ્યું કે લગ્ન પછી લોકો તેને ગર્ભાવસ્થા વિશે પૂછતા હતા, લગ્ન પહેલા પણ પરિસ્થિતિ આવી જ હતી.વિદ્યાએ કહ્યું કે એક સમય હતો જ્યારે લોકો કહેતા હતા કે તમે લગ્ન અને બાળક માટે ક્યારેય તૈયાર નહીં થાઓ, તમારે તમારી જાતને દબાણ કરવું પડશે. આ બેબી બમ્પ છે, તો હું જવાબમાં કહેતી હતી કે ના આ મારું પેટ છે. મને લાગે છે કે લોકોએ મને બાળકો સંબંધિત પ્રશ્નો પૂછવાનું બંધ કરવું જોઈએ. અભિનેત્રીએ કહ્યું કે આ મારું જીવન છે અને ફક્ત હું જ નક્કી કરીશ કે હું શું કરવા માંગુ છું. વિદ્યાએ કહ્યું કે લગ્ન કે બાળક કોઈ સમસ્યાનો ઉકેલ નથી. અભિનેત્રીના મતે, માતા બનવું એ જીવનનું લક્ષ્ય ન હોઈ શકે.



# અમદાવાદમાં થયેલ વિમાન દુર્ઘટના બાદ અમદાવાદ રેલ્વે ડિવિઝનની ત્વરિત કાર્યવાહી





| અમદાવાદ, તા.૧૩ |

અમદાવાદ માં થયેલ દુખદ વિમાન દુર્ઘટના બાદ પશ્ચિમ રેલવે ના અમદાવાદ મંડળ દ્વારા તાત્કાલિક રાહત અને બચાવકાર્યો માં મદદ કરવા માટે રેલવે પ્રોટેક્સન ફોર્સ (આરપીએફ) ટીમ અને એમ્બ્યુલન્સ સહિત મેડિકલ ટીમને બચાવ અને રાહત કાર્યોમાં મદદ કરવા મોકલવામાં આવ્યા.

૧૨ જૂન, ૨૦૨૫ ના રોજ ૨૪૨ મુસાફરો ને લઈને એર ઈન્ડિયા નું એક વિમાન ટેકઓફ્ કર્યાના તુરંત બાદ અમદાવાદના મેઘાણીનગરમાં બી. જે. મેડિકલ કોલેજ હોસ્ટેલ ની પાસે દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું. બપોરે ૧૪:૨૦ કલાકે સમાચાર મળ્યા બાદ આરપીએફ દ્વારા ૧૨ સભ્યો ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ અને ઍમ્બ્યુલન્સ ની સાથે તુરંત કાર્યવાહી કરી. એમ્બ્યુલન્સની સાથે ડોક્ટરો, પેરા-મેડિકલ સ્ટાફ સહિત રેલવે હોસ્પિટલની મેડિકલ ટીમે ઘાયલ વ્યક્તિઓની મદદ કરી. આરપીએફ ને માહિતી મળતાં સિનિયર ડિવિઝનલ સિક્યુરિટી કમિશનર શ્રીમતી ભવપ્રીતા સોનીની સૂચના પર, શ્રી સંજય ચૌધરી એએસસી/લાઈન્સ, શ્રી મનુ છોકર આઈપીએફ અસારવા અને અન્ય રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ) કર્મચારીઓ તાત્કાલિક દુર્ઘટના સ્થળ તરફ રવાના થયા.

આરપીએફ ટીમ ફર્સ્ટ રિસ્પોન્સ માં સામેલ રહી. ટીમે રાજ્ય એજન્સીઓ જેમકે એસડીઆરએફ, સિવિલ ડિફેન્સ અને કેન્દ્રીય એજન્સીઓ જેમકે સીઆઈએસએફ, એનએસજી અને મેડિકલ ટીમો સાથે મળીને રાહત અને બચાવકાર્ય શરૂ કર્યું. તેમણે મૃતકોને એમ્બ્યુલન્સ સુધી પહોંચાડવામાં પણ મદદ કરી.

શ્રીમતી ભવપ્રીતા સોની સિનિયર ડિવિઝનલ સિક્યુરિટી કમિશનર અને શ્રી અન્નુ ત્યાગી સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર પણ ઘટનાસ્થળે પહોંચ્યા. તેમણે સમગ્ર ટીમને જરૂરી માર્ગદર્શન આપ્યું અને વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલન સુનિશ્ચિત કર્યું.

# અમદાવાદ ગ્રામ્ય જિલ્લાની શાળાઓએ વિશેષ પ્રાર્થના સભા દ્વારા પ્લેન ક્રેશ દુર્ઘટનાના દિવંગતોને શ્રદ્ધાંજલિ પાઠવી



| (માહિતી) અમદાવાદ, તા.૧૩ |

અમદાવાદથી લંડન જઈ રહેલા પ્લેનના ગોઝારા અકસ્માતમાં પોતાના જીવ ગુમાવનારા હતભાગી નાગરિકોને શ્રદ્ધાંજલિ પાઠવવા અમદાવાદ ગ્રામ્ય જિલ્લાની શાળાઓમાં વિશેષ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાર્થના સભા અંતર્ગત વિદ્યાર્થીઓ, શિક્ષકો, કર્મચારીઓ સૌએ બે મિનિટનું મૌન પાળીને સર્વે મૃતકોના આત્માને પરમાત્મા પરમ શાંતિ આપે અને તેમના પરિવારજનોને આ દુ:ખ સહન કરવાની શક્તિ અર્પે તે માટે પ્રાર્થના કરી હતી. મૃતકોના પરિવાર પ્રતિ સાંત્વના સંદેશ પણ પાઠવવામાં આવ્યો હતો. આવી દુર્ઘટના બને ત્યારે એક નાગરિક તરીકેની આપણી ફરજો/કર્તવ્યો વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. સાથે જ, કર્મચારીઓ અને શિક્ષકોને સરકારશ્રી દ્વારા અપીલ કરવામાં આવે ત્યારે રક્તદાન ઈત્યાદી રાહત અને બચાવની પ્રવૃત્તિઓમાં સામેલ થવાની તત્પરતા દાખવવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.

# ચોમાસુ સીઝન માટે બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે ખેડૂતો દ્વારા કાળજી રાખવા અનુરોધ કરાયો

| (માહિતી) અમદાવાદ, તા.૧૩ |

અમદાવાદ જીલ્લાના ખેડૂતોએ ચોમાસુ સીઝન માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે ખેડુતો દ્વારા રાખવાની થતી કાળજી રાખવા માટે ખાસ અનુરોધ કર્યો હતો. જેમાં બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ ખરીદી કરવાનો આગ્રહ રાખવા જણાવ્યું છે આ ઉપરાંત કોઈપણ સંજોગોમાં લાયસન્સ/પરવાનો ધરાવતા ન હોય તેવા વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ ખેતી માટે જરૂરી વિવિધ ઈનપુટોની ખરીદી કરવી નહી, જેથી, છેતરપીંડી થી બચી શકાય. બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પુરુ નામ, સરનામું, ખરીદેલ ઈનપુટનું નામ, લોટ નંબર વિગેરે વિગત દર્શાવતુ બીલ સહી સાથે અવશ્ય લેવા જણાવાયું છે.

# ઝાલોદ જય દશામા વિદ્યામંદિર ખાતે અમદાવાદ ખાતે થયેલ પ્લેન ક્રેસમા થયેલ મૃતત્માઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ |

આજરોજ જય દશામાં વિદ્યામંદિરના પટાંગણમાં પ્રમુખ મૂકેશ ડામોર, નાના ભૂલકાઓ સ્ટાફ મિત્રો દ્વારા તારિખ ૧૨/૦૬/૨૦૨૫ ના રોજ અમદાવાદમાં બનેલ પ્લેન ક્રેશની દુર્ઘટનામાં દેવલોક પામેલ પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, કર્મચારીઓ, યાત્રીગણો, વિધાર્થીઓ તથા ડોક્ટરની મૃતાત્માઓની શાંતિ માટે બે મિનિટ નું મૌન પાળીને હૃદયપૂર્વક શ્રધાંજલિ પાઠવવામાં આવી હતી.

# પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદથી મુંબઈ અને દિલ્હી માટે બે સ્પેશિયલ ટ્રેનોનું સંચાલન

| અમદાવાદ, તા.૧૩ |

પશ્ચિમ રેલ્વે મુસાફરોની માંગ અને સુવિધા માટે અમદાવાદથી બે જોડી સ્પેશિયલ ટ્રેનો ચલાવી રહી છે. જેમાં એક ટ્રેન અમદાવાદથી મુંબઈ અને એક ટ્રેન અમદાવાદથી દિલ્હી માટે દોડાવી રહી છે, આ સ્પેશિયલ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.

ટ્રેન સંખ્યા ૦૯૪૯૭/૦૯૪૯૮ અમદાવાદ-દિલ્હી-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશિયલ (૨ ટ્રીપ)

ટ્રેન સંખ્યા ૦૯૪૯૭ અમદાવાદ-દિલ્હી સ્પેશિયલ આજે ૧૨ જૂન ૨૦૨૫ ના રોજ અમદાવાદથી રાત્રિ ૨૩.૪૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે બપોરે ૧૪.૩૦ વાગ્યે દિલ્હી પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન સંખ્યા ૦૯૪૯૮ દિલ્હી-અમદાવાદ સ્પેશિયલ ૧૩ જૂન ૨૦૨૫ ના રોજ દિલ્હીથી ૧૭.૩૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૮.૩૦ વાગ્યે અમદાવાદ પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુરોડ, મારવાડ, અજમેર, જયપુર, અલવર, રેવાડી, ગુડગાંવ અને દિલ્હી કેન્ટ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૩-ટાયર શ્રેણી ના કોચ હશે.

ટ્રેન સંખ્યા ૦૯૪૯૪/૦૯૪૯૩ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશિયલ (૨ ટ્રીપ)

ટ્રેન સંખ્યા ૦૯૪૯૪ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ સ્પેશિયલ આજે ૧૨ જૂન ૨૦૨૫ ના રોજ અમદાવાદથી ૨૩.૫૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૮.૧૦ વાગ્યે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન સંખ્યા ૦૯૪૯૩ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ સુપરફાસ્ટ સ્પેશિયલ ૧૩ જૂન ૨૦૨૫ ના રોજ મુંબઈ સેન્ટ્રલથી ૧૧.૧૦ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે ૧૯.૩૦ વાગ્યે અમદાવાદ પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓ માં આ ટ્રેન આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, વાપી અને બોરીવલી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૩ ટાયર અને એસી ચેરકાર ના કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૪૯૭, ૦૯૪૯૪ અને ૦૯૪૯૩ માટે બુકિંગ તાત્કાલિક અસર થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થઈ ગયું છે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# ૧૪ જૂનથી ગાંધીધામ-જોધપુર એક્સપ્રેસમાં ૬ કોચ ઉમેરવામાં આવ્યા

| અમદાવાદ, તા.૧૩ |

રેલવે પ્રશાસન દ્વારા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને, ટ્રેન સંખ્યા ૨૨૪૮૪/૨૨૪૮૩ ગાંધીધામ-જોધપુર સુપરફાસ્ટ એક્સપ્રેસમાં ૬ વધારાના કોચ ઉમેરવામાં આવી રહ્યા છે. જેની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન સંખ્યા ૨૨૪૮૪/૨૨૪૮૩ ગાંધીધામ-જોધપુર-ગાંધીધામ સુપરફાસ્ટ એક્સપ્રેસમાં ૧૪ જૂન ૨૦૨૫થી ગાંધીધામ થી અને ૧૩ જૂન ૨૦૨૫ થી જોધપુર થી એક એસી-૨ ટાયર, એક એસી-૩ ટાયર, બે એસી-૩ ટાયર ઈકોનોમી અને બે સ્લીપર ક્લાસ સહિત કુલ ૬ કોચ ઉમેરવામાં આવી રહ્યા છે.

ટ્રેનોના સ્ટોપેજ સમય અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indian-rail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# વિશ્વમાં તાજેતરના વર્ષોમાં બનેલા સૌથી ભયાનક હવાઈ અકસ્માતો વિશે જાણો

## તાજેતરના વર્ષોમાં થયેલા જીવલેણ અકસ્માતોમાં ભારત, અમેરિકા, પાકિસ્તાન, દક્ષિણ કોરિયા, કઝાકિસ્તાન, જાપાન, ચીન, ઈરાન, ઇથોપિયા, ઇન્ડોનેશિયા અને મલેશિયાનો સમાવેશ થાય છે

**ભારત ૨૦૨૫**

ગુરુવારે ભારતના પશ્ચિમ શહેર અમદાવાદથી ૨૪૨ મુસાફરો સાથે લંડન જઈ રહેલું એર ઈન્ડિયાનું (AI-171) વિમાન ઉડાન ભર્યાના થોડી મિનિટો પછી જ ક્રેશ થયું હતું, સવાર મુસાફરોમાં ઓછામાં ઓછા ૨૪૧ લોકો માર્યા ગયા હતા અને એક વ્યક્તિ બચી ગયો હતો, અધિકારીઓએ જણાવ્યું હતું કે મૃત્યુઆંક વધવાની ધારણા છે.

ડીજીસીએ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ એર ઈન્ડિયાનું વિમાન (AI-171) ૧.૩૮ વાગ્યે ટૅક ઑફ થયું હતું. જે બે મિનિટમાં જ ૧.૪૦ વાગ્યે પહેલાં વૃક્ષ અને પછી સિવિલ સ્ટાફ ક્વાર્ટર્સ અતુલ્યમ બિલ્ડિંગ સાથે ધડાકાભેર અથડાયું હતું. એવું કહેવાય છે કે, ટેક ઓફ પછી પ્લેનના ટાયર ઈન્સર્ટ અંદર ના ગયા હોવાથી આ દુર્ઘટના સર્જાઈ હતી. હજુ સુધી ઓફિશિયલ માહિતી બાહાર આવી નથી કયા કારણે વિમાન ક્રેશ થયું.

**યુનાઇટેડ સ્ટેટ્સ (અમેરિકા) ૨૦૨૫**

૨૯ જાન્યુઆરીના રોજ અમેરિકન એરલાઈન્સનું પ્રાદેશિક પેસેન્જર જેટ યુએસ આર્મી બ્લેક હોક હેલિકોપ્ટર સાથે અથડાતાં અને રોનાલ્ડ રીગન વોશિંગ્ટન નેશનલ એરપોર્ટ નજીક ઠંડા પોટોમેક નદીમાં ક્રેશ થતાં ૬૦ થી વધુ લોકો માર્યા ગયા હતા.

**દક્ષિણ કોરિયા ૨૦૨૪**

7C2216 જેજુ એર ઈન્ટરનેશનલ ફ્લાઈટ ૨૯ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ મુઆન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ક્રેશ થયું હતું, જેમાં તમામ ૧૭૫ મુસાફરો અને છ ક્રૂ મેમ્બર માંથી ચાર સાઉથ કોરિયાની ધરતી પર સૌથી ભયંકર હવાઈ દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા હતા.

**કઝાકિસ્તાન ૨૦૨૪**

અઝરબૈજાન એરલાઈન્સની આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ J2-8243, એમ્બ્રેર ઈ૧૯૦, ૨૫ ડિસેમ્બરે રશિયાથી કઝાકિસ્તાન તરફ વાળ્યા પછી ક્રેશ થયું, જેમાં ૩૮ લોકોનાં મોત થયાં. અઝરબૈજાનના રાષ્ટ્રપતિ ઈલ્હામ અલીયેવે ડિસેમ્બરમાં કહ્યું હતું કે રશિયામાં જમીન પરથી આકસ્મિક ગોળીબાર થતાં વિમાનને નુકસાન થયું હતું. મોસ્કોએ આ વાતની પુષ્ટિ કરી નથી.

**જાપાન ૨૦૨૪**

જાપાન એરલાઈન્સ (JAL)નું વિમાન ૨ જાન્યુઆરીએ ટોક્યોના હાનેડા એરપોર્ટના રનવે પર નાના કોસ્ટ ગાર્ડ એરક્રાફ્ટ સાથે અથડાયું હતું. JAL પ્લેનમાં સવાર તમામ ૩૭૯ લોકો, એરબસ A350-941 ફ્લાઈટ, સળગતા એરલાઈનરમાંથી બચી ગયા હતા. નાના વિમાનમાં સવાર છ ક્રૂ સભ્યોમાંથી પાંચના મોત થયા હતા.

**ચીન ૨૦૨૨**

ચાઈના ઈસ્ટર્ન એરલાઈન્સનું બોઈંગ ૭૩૭-૮૦૦ ૨૧ માર્ચ, ૨૦૨૨ ના રોજ દક્ષિણપશ્ચિમ ગુઆંગસી પ્રદેશમાં પર્વતીય પ્રદેશમાં ક્રેશ થયું હતું, જેમાં ૨૮ વર્ષમાં ચીનની સૌથી ભયંકર ઉડ્ડયન દુર્ઘટનામાં તેમાં સવાર તમામ ૧૩૨ લોકો માર્યા ગયા હતા.

**પાકિસ્તાન ૨૦૨૦**

પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સ (PIA)નું પેસેન્જર પ્લેન, જેમાં ૯૯ લોકો સવાર હતા, ૨૨ મે, ૨૦૨૦ ના રોજ જિન્નાહ ઈન્ટરનેશનલ એરપોર્ટ નજીક કરાચીની મોડલ કોલોનીમાં ક્રેશ થયું હતું. સિંધના આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે ૯૭ લોકોના મૃત્યુની પુષ્ટિ થઈ હતી, જ્યારે બે અકસ્માતમાં બચી ગયા હતા.

PIAના પ્રવક્તા અબ્દુલ્લા હફીઝે જણાવ્યું હતું કે A320 એરબસ PK 8303 પર ૯૧ મુસાફરો અને ૮ ક્રૂ સભ્યોને લાહોરથી કરાચી જઈ રહી હતી. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે એરબસ છ૩૨૦ એરપોર્ટ નજીકના રહેણાંક વિસ્તારમાં ક્રેશ થતાં પહેલાં બે કે ત્રણ વાર ઉતરાણ કરવાનો પ્રયાસ કરતી દેખાઈ હતી.

**ઈરાન ૨૦૨૦**

ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે ૮ જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ યુક્રેન ઈન્ટરનેશનલ એરલાઈન્સ (UIA) બોઈંગ ૭૩૭-૮૦૦ ને તેહરાન એરપોર્ટ પરથી ઉડાન ભર્યા પછી તરત જ તોડી પાડ્યું, જેમાં સવાર તમામ ૧૭૬ લોકો માર્યા ગયા. ઈરાનની નાગરિક ઉડ્ડયન સંસ્થાએ રડાર ખોટી રીતે અને એર ડિફેન્સ ઓપરેટરની ભૂલને દોષી ઠેરવી હતી.

**ઇથોપિયા ૨૦૧૯**

બોઈંગ 737-MAX ૮ ઈથોપિયન એરલાઈન્સનું જેટ ૧૯ માર્ચ, ૨૦૧૯ ના રોજ અદીસ અબાબાથી નૈરોબી માટે ટેકઓફ કર્યાની થોડી મિનિટોમાં ક્રેશ થયું હતું, જેમાં સવાર તમામ ૧૫૭ લોકો માર્યા ગયા હતા.

થોડા સમય પછી, સલામતીની ચિંતાઓને કારણે બોઈંગ ૭૩૭ સ્છ૮ વૈશ્વિક કાફલાને ગ્રાઉન્ડેડ કરવામાં આવ્યો.

**ઇન્ડોનેશિયા ૨૦૧૮**

બોઈંગ 737 MAX લાયન એર પ્લેન ૨૯ ઓક્ટોબર, ૨૦૧૮ ના રોજ જકાર્તાથી ઉડાન ભર્યા પછી તરત જ જાવા સમુદ્રમાં ક્રેશ થયું હતું, જેમાં સવાર તમામ ૧૮૯ લોકો માર્યા ગયા હતા.

**મલેશિયા ૨૦૧૪**

મલેશિયન એરલાઈન્સની ફ્લાઈટ MH17 એ ૧૭ જુલાઈ, ૨૦૧૪ના રોજ એમ્સ્ટરડેમથી કુઆલા લંપુર માટે રવાના થઈ હતી, અને રશિયાન અને યુક્રેનિયન સૈન્ય વચ્ચેની લડાઈને કારણે પૂર્વી યુક્રેન પર તેને ઠાર કરવામાં આવી હતી. તેમાં સવાર તમામ ૨૯૮ મુસાફરો માર્યા ગયા હતા.

મલેશિયન એરલાઈન્સની ફ્લાઈટ MH370 ૮ માર્ચ, ૨૦૧૪ ના રોજ કુઆલાલંપુરથી બેઈજિંગ જતી વખતે ગુમ થઈ ગઈ હતી. બોઈંગ ૭૭૭ અને ૨૩૯ લોકોના અવશેષો હજુ સુધી મળ્યા નથી.

૩૦ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ દક્ષિણ કોરિયાના મુઆનમાં મુઆન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર રનવે પરથી ઉતરી ગયેલા અને ક્રેશ થયેલા જેજુ એર વિમાનના કાટમાળ પાસે બચાવકર્તાઓ કામ કરી રહ્યા છે. — રોઈટર્સ/ફાઈલ

# ગુજરાત હાઇકોર્ટે વિમાન દુર્ઘટનાના દિવંગતોને શ્રદ્ધાંજલિ આપવા મૌન પાળ્યું

## ગુજરાત હાઇકોર્ટનાં મુખ્ય ન્યાયાધીશ શ્રીમતી જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને વરિષ્ઠ ન્યાયાધીશશ્રીઓ સહિત ઉપસ્થિતોએ કોર્ટની કાર્યવાહી શરૂ થતા પહેલાં બે મિનિટનું મૌન પાળ્યું

| અમદાવાદ, તા.૧૩ |

અમદાવાદ શહેરમાં ૧૨ જૂનના રોજ થયેલી પ્લેનક્રેશની અત્યંત દુ:ખદ અને આઘાતજનક કરુણાંતિકામાં ભોગ બનેલા નિર્દોષ પીડિતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા અને તેમના દિવંગત આત્માની શાંતિ માટે, ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ શ્રીમતી જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને સાથી ન્યાયાધીશશ્રીઓ, રજિસ્ટ્રીના અધિકારીઓ તથા વકીલશ્રીઓએ સાથે મળીને કોર્ટની કાર્યવાહી શરૂ થતા પહેલાં બે મિનિટનું મૌન પાળ્યું હતું. હાઈકોર્ટે તેની અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આ કપરા સમયે, અમારા વિચારો અને પ્રાર્થનાઓ મૃતકોના પરિવારો અને આ ભયાનક ઘટનામાં ઘાયલ થયેલા લોકોની સાથે છે. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે હૃદયપૂર્વકની સંવેદના વ્યક્ત કરીએ છીએ અને ઈજાગ્રસ્તો ઝડપથી સ્વસ્થ થાય તે માટે પ્રાર્થના કરીએ છીએ.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. પરિવારના સભ્યો સાથે વિતાવવા માટે તમને ખાસ્સો સમય મળશે. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે-આ એકલવાયા વિશ્વમાં મને એકલો-એકલી ન મુકતા.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે કશુંક કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. જીવનસાથી તમારી સંભાળ લેશે. પ્રપોઝ કર્યા બાદ તમને કદાચ જબરજસ્ત અનુભૂતિ થશે કેમ કે તેનાથી તમારા પરનો બોજો ઉતરી ગયાનું તમે અનુભવશો. કામના સ્થળે તમારી કાર્યકુશળતા વધારવા માટે તમારી આવડતનું સ્તર ઊંચું લાવો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમને મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. તમારી અપેક્ષા કરતાં મિત્રો વધુ સહકાર આપશે. તમારી વાણી પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો કેમ કે તમારા કઠોર શબ્દો તમારા પ્રિયપાત્ર અને તમારા વચ્ચેની શાંતિ તથા સંબંધની સરળ ગતિને અસર કરી શકે છે.

**કર્ક (ડ,હ) :**
આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. તમારૂં કામ ઓછી મહત્વતા પ્રાપ્ત કરશે-કેમ કે તમને તમારા પ્રિયપાત્રની બાહોંમાં રાહત, આનંદ તથા અત્યંત લાગણીનો તરંગ મળ્યો છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરીને-તમે તમારા ધ્યેયોને આસાનીથી પ્રાપ્ત કરી શકશો. તળાવમાંની સૌથી સુંદર માછલી સાથે આજે મુલાકાત થવાની ઊંચી શક્યતા છે. વધારે પડતા કામ છતાંય કાર્યક્ષેત્ર માં તમારી અંદર ઉર્જા જોઈ શકાય છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધોને બગાડી શકે તેવા મુદ્દાને ઉખેડવાથી દૂર રહેવું જ તમારી માટે શ્રેષ્ઠ છે. પ્રેમ જીવનમાં થોડીક મુશ્કેલી આવી શકે છે. તમે જો એક દિવસની રજા પર જતા હો તો તમારે ચિંતા કરવાની જરૂર નથી.

**તુલા (ર,ત) :**
આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે। તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. આજે રૉમેન્ટિક લાગણીનો એવો જ બદલો મળશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારો ગુસ્સો રાઈમાંથી પર્વત સર્જી શકે છે-જે તમારા પરિવારના સભ્યોને નારાજ કરશે. એ મહાન આત્માઓ ખરેખર નસીબદાર છે જેમની બુદ્ધિ ગુસ્સાને અંકુશ હેઠળ રાખે છે. ગુસ્સો તમને બાળે તે પહેલા તેને બાળો. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તાણભર્યો સમય પ્રર્વતશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે. સામાજિક અંતરાયો પાર નહીં કરી શકો. તમારી યોજનાઓને વળગી રહેવા તમારા ભાગીદારોને સમજાવવામાં તમને મુશ્કેલી પડશે. આ રાશિ ના વિદ્યાર્થીઓ ને આજે અધ્યયન માં ધ્યાન કેન્દ્રિત કરવા માં સમસ્યાઓ નો સામનો કરવો પડી શકે છે.

**મકર (ખ,જ) :**
આજે ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમને વધુ સારા બનાવતા તમારી સુધારણાને લગતા પ્રૉજેક્ટ્સમાં શક્તિ લગાડો. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. રસોડા માટે જરૂરી ચીજની ખરીદી સાંજે તમને વ્યસ્ત રાખશે. આજે તમે કુદરતી સૌદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે ઉચ્ચ કૅલેરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. આખા બ્રહ્માંડની તમામ ખુશીઓ એ બે વ્યક્તિઓ વચ્ચે હોય છે જેઓ એકમેકના પ્રેમમાં હોય છે. હા, તમે જ એ નસીબવંત છો.

# અમદાવાદ વિમાન દુર્ઘટનાના પીડિતો અને તેમના પરિવારને વહીવટીતંત્રની મદદ



હોસ્પિટલમાં એર ઈન્ડિયા ફ્લાઇટ AI-171 દુર્ઘટનાના પીડિતોને તબીબી સ્ટાફ સહાય



દુર્ઘટનાના પીડિતોને સ્ટાફ દ્વારા તબીબી સહાય



એર ઈન્ડિયા ફ્લાઇટ AI-171 દુર્ઘટનાના ભોગ બનેલા લોકોના સંબંધીઓ



દુર્ઘટનાનો ભોગ બનેલા મુસાફરોના સંબંધીઓને એક મહિલા પોલીસ કર્મચારી સહાય



કેબિન ક્રૂ મેમ્બર એનગાન્થોઈ શર્મા કોંગરાઈલટપામના પરિવારના સભ્યો શોકમાં

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક ખાતે સરકારી હેલ્પ ડેસ્ક સેન્ટર ખાતે ઘટનાનો ભોગ બનેલા મુસાફરોના સંબંધીઓએ મૃતકોના પાસપોર્ટ અને અન્ય દસ્તાવેજો સબમિટ કર્યા.

### સેંકડો દેખાવકારોની અટકાયત

## અમેરિકામાં હિંસક વિરોધ યથાવત ઠેર-ઠેર આગચંપી-તોડફોડના દ્રશ્યો

### નવા ઈમિગ્રેશન કાયદાનો વ્યાપક વિરોધઃ પ્રમુખ ટ્રમ્પે સૈન્યને મેદાને ઉતાર્યા પછી તોફાનોએ આગ પકડી



। (એજન્સી) લોસ એન્જેલસ, તા.૧૩ ।

યુએસ પ્રમુખ ટ્રમ્પે નવા ઈમિગ્રેશન કાયદાના સખત અમલ માટે દરોડા શરૂ કર્યા પછી અમેરિકામાં ઠેર-ઠેર વિરોધ પ્રદર્શનો ચાલી રહ્યા છે. લોસ એન્જેલસથી શરૂ થયેલા વિરોધ પ્રદર્શને અમેરિકાના અનેક વિસ્તારોને ભરડો લીધો છે. શાંત વિરોધ સાથે શરૂ થયેલા પ્રદર્શને હિંસક સ્વરૂપ ધારણ કરતાં ટ્રમ્પે સૈન્યને મેદાને ઉતાર્યુ છે. તોફાનો કડક હાથે ડામી દેવાના ટ્રમ્પના દાવાને પડકારતા પ્રદર્શનકારીઓની સંખ્યા અને ઉગ્રતામાં સતત વધારો થઈ રહ્યો છે. જેના કારણે અનેક સ્થળે આગચંપી, પથ્થરમારો અને તોડફોડ શરૂ થઈ છે અને સેંકડો પ્રદર્શનકારીઓની અટકાયત કરવામાં આવી છે. ગત શુક્રવારે લોસ એન્જેલસથી ઈમિગ્રેશન નીતિના વિરોધમાં પ્રદર્શન શરૂ થયા હતા. એક અઠવાડિયામાં જ વિરોધ પ્રદર્શન સમગ્ર દેશમાં ફેલાઈ ગયા છે. હાથમાં બેનર અને સૂત્રોચ્ચારો સાથે સેંકડો લોકોની રેલીના દ્રશ્ય અમેરિકામાં હવે નવા નથી રહ્યાં. ઘણાં સ્થળે વાહનોને આગચંપી, ઈમારતોમાં તોડફોડ, સલામતી દળો પર હુમલા જેવી ઘટનાઓ બનતાં પ્રદર્શનકારીઓ પર બળપ્રયોગ કરવામાં આવી રહ્યો છે. ટેક્સાસના ગવર્નગર ગ્રેગ એબોટ્ટે સોશિયલ મીડિયા પર જણાવ્યુ હતું કે, રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા મોટી સંખ્યામાં નેશનલ ગાર્ડ્સની ટુકડીઓ તૈનાત થશે. વોશિંગ્ટન ડીસીમાં શનિવારે ટ્રમ્પની ઉપસ્થિતિમાં મિલિટરી પરેડ યોજાવાની છે. આ જ દિવસે પ્રદર્શનકારીઓએ વોશિંગ્ટન ડીસીમાં 'નો કિંગ્સ'ને સૂત્ર સાથે વિશાળ દેખાવાનું એલાન કર્યુ છે. સીએટલમાં પ્રદર્શનકારીઓએ જાહેર કચરાપેટીઓને આગ લગાડી સલામતીદળો પર પથ્થરમારો કર્યો હતો. ન્યૂયોર્કમાં સલામતી દળો પર પથ્થરમારો કરી રહેલા ૮૦થી વધુ પ્રદર્શકારીઓની અટકાયત કરાઈ હતી. ફિલા ડેલ્ફિયા, સેન ફ્રાન્સિસ્કોમાં સેંકોડો લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. પથ્થરમારા સાથે વાહનોમાં આગચંપી અને તોડફોડ શરૂ થતાં પોલીસે બળપ્રયોગ કર્યો હતો અને સેંકડોની ધરપકડ કરી હતી. શિકાગો, ડેનવર સ્પોકને સહિત અમેરિકાના મોટા શહેરોમાં દેખાવકારો રસ્તા પર ઉતરી આવ્યા છે.

### ઈઝરાયલે ઈરાન પર શરૂ કર્યા હુમલા

# ઈઝરાયલે તહેરાનમાં પરમાણુ અને સૈન્ય મથકોને નિશાન બનાવ્યાં

### આ હવાઈ હુમલા એવા સમયે કરવામાં આવ્યા છે જ્યારે ઈરાન પણ ખુદ પરમાણુ બોમ્બ બનાવવાની નજીક પહોંચી જ ગયું છે

। (એજન્સી) તહેરાન, તા.૧૩ ।

મધ્યપૂર્વના દેશોમાં વધુ એક યુદ્ધ છંછેડાઈ જવાની આશંકાઓ વધી ગઈ છે. ઈઝરાયલે ઈરાનની રાજધાની તહેરાનમાં હુમલો કરતાં ઠેર ઠેર બ્લાસ્ટના અવાજો સંભળાયા હતા. ઈઝરાયલે આ હુમલાની પુષ્ટી કરતાં કહ્યું કે અમે ઈરાનમાં પરમાણુ અને સૈન્ય મથકોને નિશાન બનાવીને હુમલા કર્યા છે. ઉલ્લેખનીય છે કે આ હવાઈ હુમલા એવા સમયે કરવામાં આવ્યા છે જ્યારે ઈરાન ખુદ પરમાણુ બોમ્બ બનાવવાની નજીક પહોંચી ગયું છે. ૨૦ વર્ષમાં પહેલી વાર આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સીના બોર્ડ ઓફ ગવર્નર્સે ગુરુવારે નિરીક્ષકો સાથે કામ ન કરવા બદલ ઈરાનની આકરી ટીકા કરી હતી. ઈરાને તરત જ જાહેરાત કરી કે તે દેશમાં ત્રીજી સંવર્ધન સાઈટ સ્થાપિત કરશે અને કેટલાક સેન્ટ્રીફ્યુજને વધુ અદ્યતન સેન્ટ્રીફ્યુજથી બદલી નાખશે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણાં વર્ષોથી ઈઝરાયલ ઈરાનને પરમાણુ બોમ્બ બનાવતા અટકાવવા પ્રયાસ કરી રહ્યું છે. તેણે આ મામલે ઘણીવાર તેને ચેતવણી પણ આપી હતી. જ્યારે અમેરિકાએ પણ આ મામલે ઈરાનને ચેતવણી આપતાં ગઈકાલે જ તેમના નાગરિકોને મધ્યપૂર્વના દેશોને છોડીને વતન પરત કરવા આદેશ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે આ સાથે ઈરાન પણ હવે ઈઝરાયલના આ હુમલાનો જડબાતોડ જવાબ આપી શકે છે. તેને ધ્યાનમાં રાખીને ઈઝરાયલમાં ઈમરજન્સી જાહેર કરી દેવામાં આવી છે અને શાળાઓ અને ઓફિસો બંધ રાખવા કહેવાયું છે. લોકોને બંકરોમાં છુપાવા કહેવામાં આવ્યું છે. ઈઝરાયલ અગાઉ બે વખતની જેમ ભયાનક રીતે મિસાઈલ હુમલા કરી શકે છે. ઈઝરાયલે શુક્રવારે સવારે જ કહ્યું કે અમે ઈરાન પર હુમલો કરી દીધો છે. ઈરાનના તહેરાનમાં ઠેર ઠેર વિસ્ફોટના અવાજો સંભળાઈ રહ્યા છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું કે ઈઝરાયલે ઈરાન માટે પરમાણુ બોમ્બ બનાવતા વિજ્ઞાનીઓ ઉપર પણ હુમલો કર્યો હતો. જયારે ઈઝરાયલી સંરક્ષણમંત્રીએ જણાવ્યું કે, 'ખતરો આવે એ પહેલા જ પ્રતિક્રિયા આપવી જરૂરી હતી. આથી આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું. કારણ કે, ઈરાનનો પરમાણુ કાર્યક્રમ ઈઝરાયલ માટે સીધો ખતરો બની રહ્યો હતો અને તેથી જ આ લશ્કરી પગલું ભરવું જરૂરી બન્યું છે.'

### ભારત સરકારે ઈરાનમાં રહેતા ભારતીય નાગરિકો માટે જાહેર કરી એડવાઇઝરી

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા તણાવ અને લશ્કરી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ભારતીય દૂતાવાસે ઈરાનમાં રહેતા તમામ ભારતીય નાગરિકો માટે એક એડવાઈઝરી જારી કરી છે. ભારતીય દૂતાવાસે કહ્યું છે કે, 'વર્તમાન પ્રાદેશિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, બધા ભારતીય નાગરિકોએ સતર્ક રહેવું. તેમજ ઈઝરાયલી અધિકારીઓ અને હોમ ફ્રન્ટ કમાન્ડ દ્વારા જારી કરાયેલ સુરક્ષા માર્ગદર્શિકાનું સંપૂર્ણ પાલન કરવું.' આ સાથે, ભારતીયોને બિનજરૂરી મુસાફરી ટાળવા અને નજીકના સલામતી આશ્રયસ્થાનોની નજીક રહેવાની સલાહ આપવામાં આવી છે. દૂતાવાસે દરેકને પરિસ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી સાવચેત રહેવા અને જરૂર પડે તો તાત્કાલિક સહાય માટે દૂતાવાસનો સંપર્ક કરવાની અપીલ કરી છે. આ સાથે જ ઈઝરાયલમાં ભારતીય દૂતાવાસે પણ ભારતીય મૂળના લોકો માટે એડવાઈઝરી જારી કરી છે કે, 'વર્તમાન સ્થિતિને ધ્યાને રાખતાં ઈઝરાયલમાં રહેતા બધા ભારતીય નાગરિકોને સતર્ક રહેવા અને સુરક્ષા નિયમોનું પાલન કરવા સુચના. તેમજ બિનજરૂરી પ્રવાસ ટાળવો અને ઈઝરાયલની ઓથોરીટીની સુચનાઓનું પાલન કરવું.'ગુરુવારે મોડી રાત્રે ઈઝરાયલે ઈરાન વિરુદ્ધ એક મોટું લશ્કરી ઓપરેશન 'રાઈઝિંગ લાયન' શરૂ કર્યું. ઈરાનના મીડિયાએ પણ આ હુમલાની પુષ્ટિ કરી છે.

## ભારત સજ્જ હશે પરંતુ અમારે કેવી રીતે રમવું તે જાણીએ છીએઃ મેક્કુલમ



। (એજન્સી) લંડન, તા.૧૩ ।

ભારતીય ક્રિકેટ ટીમ શુભમન ગિલની આગેવાની હેઠળ ઈંગ્લેન્ડ પહોંચી ગઈ છે અને ત્યાં તે ગૃહટીમ સામે પાંચ ટેસ્ટની સિરીઝ રમવા માટે સજ્જ છે પરંતુ હરીફ ટીમના ચીફ કોચ અને ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર બ્રેન્ડન મેક્કુલમનું કહેવું છે કે ભારત સજ્જ છે પરંતુ તેની સામે કેવી રીતે રમવું તે અંગે અમે સ્પષ્ટ છીએ અને તે બાબત સારી રીતે જાણીએ છીએ. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પાંચ ટેસ્ટની સિરીઝની પ્રથમ ટેસ્ટ ૨૦મી જૂનથી લીડ્ઝ ખાતે શરૂ થનારી છે. આ અગાઉ શુક્રવારથી ભારત તેના અંદરોઅંદરના ખેલાડીઓની એક પ્રેક્ટિસ મેચ રમશે. લીડ્ઝ ટેસ્ટ સાથે ભારત તેની આગામી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સાઈકલનો પણ પ્રારંભ કરશે. બ્રેન્ડન મેક્કુલમે જણાવ્યું હતું કે ભારત અત્યારે સર્વશ્રેષ્ઠ ટીમ છે અને તેઓ ઘણી મોટી આશા સાથે આવ્યા છે. અમે તેમની સામે રમવા આતુર છીએ. આ તરફ ઈંગ્લેન્ડે તાજેતરમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની લિમિટેડ ઓવરની (ત્રણ વન-ડે અને ત્રણ ટી૨૦) સિરીઝ રમી હતી જેમાં તેમણે કેરેબિયન ટીમનો વ્હાઈટવોશ કર્યો હતો. જોકે ઈંગ્લેન્ડનું ફોકસ હવે રેડ બોલ ક્રિકેટ પર રહેશે. હાલમાં તેઓ ભારત સામેની સિરીઝ અને ત્યાર બાદ આ જ વર્ષે રમાનારી એશિઝ માટે તૈયારી કરી રહ્યા છે.મેકક્લુમે જણાવ્યું હતું કે મહત્વની બાબત એ છે કે ટીમના ખેલાડીઓ હવે ળેશ થઈ રહ્યા છે. અમે એ બાબત સારી રીતે જાણીએ છીએ કે ટેસ્ટ મેચમાં રમવા માટે અમારે શું કરવું જોઈએ.

### સુપ્રિમ કોર્ટ દ્વારા નિર્ણય લેવાશે

## ડબલ મર્ડરના આરોપીને સળંગ બે વાર આજીવન કેદ આપી શકાય?

### હાઈકોર્ટે આઈપીસીની કલમ ૩૦૨ હેઠળ હત્યાના ગુના માટે દોષિતને બે વાર આજીવન કેદની સજા ફટકારી હતી

।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩।

સુપ્રીમ કોર્ટે હત્યાના ગુના માટે બે વાર દોષિત ઠરેલા વ્યક્તિને બે વાર સળંગ આજીવન કેદની સજા આપી શકાય કે નહી તે કાનૂની મુદ્દાની ચકાસણી કરવા ગુરુવારે સંમત થઈ હતી. ૨૦૧૦ના ડબલ મર્ડર કેસમાં પંજાબ એન્ડ હરિયાણા હાઈકોર્ટના ૨૦૧૫ના ચુકાદાની પગલે થયેલી અરજી પર સુપ્રીમ કોર્ટ સુનાવણી કરી રહી હતી ત્યારે આ મુદ્દો ઉભો થયો હતો. ન્યાયાધીશ પ્રશાંત કુમાર મિશ્રા અને મનમોહનની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે જુલાઈ ૨૦૧૬માં સર્વોચ્ચ અદાલતની પાંચ ન્યાયાધીશોની બંધારણીય ખંડપીઠે ચુકાદો આપ્યો હતો કે બહુવિધ હત્યાઓ અથવા આજીવન કેદની સજાપાત્ર અન્ય ગુનાઓ માટે આજીવન કેદની અનેક સજાઓ આપી શપકાય છે, પરંતુ આવી સજાઓને સળંગ ચલાવવાનો આદેશ આપી શકાતો નથી.સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે બંધારણીય ખંડપીઠના ચુકાદામાં કરાયેલા અવલોકનોને ધ્યાનમાં રાખીને કલમ ૩૦૨ (બે વાર) હેઠળ સજાપાત્ર ગુના માટે દોષિત ઠેરવવા બદલ સળંગ આજીવન કેદની સજા કાયદેસર છે કે નહીં તે નક્કી કરવાના પ્રશ્ન સુધી મર્યાદિત નોટિસ જારી કરો. તેનો જવાબ આઠ સપ્તાહમાં આપવાનો રહેશે.

### સનફ્લાવર ઓઈલની આયાત રશિયા અને યુક્રેનમાંથી થાય છે

# વેજિટેબલ ઓઈલની આયાત મે મહિનામાં સતત છઠ્ઠા મહિને ઘટી

### કુલ આયાતમાં પામ ઓઈલનો હિસ્સો સાત મહિનામાં ૫૮ ટકાથી ઘટીને ૪૨ ટકા થયો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।



દેશમાં વેજિટેબલ ઓઈલની આયાત સતત છઠ્ઠા મહિને ઘટી છે. મે મહિનામાં આયાત ૨૨.૩૬ ટકા ઘટીને ૧૧.૮૭ લાખ ટન થઈ હતી. સોલ્વન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિએશનંએ ગુરુવારે કહ્યું હતું. તેણે કહ્યું કે તાજેતરમાં આયાત ડ્યૂટીમાં ઘટાડો કરાયો તેનાથી કુલ વોલ્યૂમ પર ખાસ અસર નહીં થાય. ખાદ્યતેલ અને બિનખાદ્યતેલ બન્ને મળીને કુલ વેજિટેબલ ઓઈલની આયાત મે મહિનામાં ૧૧.૮૭ લાખ ટન થઈ હતી, જે ગત વર્ષે આ ગાળામાં ૧૫.૨૯ લાખ ટન હતી. ઓઈલ માર્કેટિંગ વર્ષ (નવેમ્બરથી ઓક્ટોબર)ના પ્રથમ સાત મહિનામાં વેજિટેબલ ઓઈલની કુલ આયાત ઘટીને ૭૮.૮૪ લાખ ટન થઈ હતી, જે ગત વર્ષે આ ગાળામાં ૮૬.૭૮ લાખ ટન હતી. એસોસિએશનના ડેટ અનુસાર પામ ઓઈલની આયાત મે મહિનામાં ૨૨.૩૨ ટકા ઘટીને ૫.૯૨ લાખ ટન થઈ હતી, જે ગત વર્ષે આ ગાળામાં ૭.૬૩ લાખ ટન હતી. ક્રૂડ પામ ઓઈલપની આયાત ૫.૦૩ ટકા ઘટીને ૫.૦૫ લાખ ટન થઈ હતી. સોફ્ટ ઓઈલમાં સોયાબીન ઓઈલની આયાત ૨૩ ટકા ઘટીને ૩.૯૮ લાખ ટન થઈ હતી, જ્યારે સનફ્લાવર ઓઈલની આયાત ૫૫.૩૦ ટકા ઘટીને ૧.૮૩ લાખ ટન થઈ હતી. કુલ આયાતમાં પામ ઓઈલનો હિસ્સો સાત મહિનામાં ૫૮ ટકાથી ઘટીને ૪૨ ટકા થયો છે, જ્યારે સોફ્ટ ઓઈલનો હિસ્સો ૪૨ ટકાથી વધીને ૫૭ ટકા થયો છે. ૧ જૂનના રોજ દેશમાં ખાદ્યતેલનો ૧૩.૩૩ લાખ ટન સ્ટોક હતો.

### રિલાયન્સે શેરદીઠ સરેરાશ રૂ.૨૨૦૧ના ભાવથી ૩.૫૦ કરોડ શેર વેચ્યા

## રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે એશિયન પેઈન્ટ્સમાં ૩.૬૪ ટકા હિસ્સો રૂ.૭૭૦૩ કરોડમાં વેચ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૧૩ ।

બિલિયોનેર મુકેશ અંબાણીની કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે ગુરુવારે એશિયન પેઈન્ટ્સમાં ૩.૬૪%હિસ્સો વેચ્યો છે જેનું મૂલ્ય રૂ.૭૭૦૩ કરોડ થાય છે. એસબીઆઈ મ્યુચ્યુઅલ ફંડે આ હિસ્સો ખરીદ્યો છે.

ઓપન માર્કેટ ટ્રાન્ઝેક્શનથી આ લે-વેચ થઈ હતી. નેશનલ સ્ટોક એક્સચેન્જના બ્લોક ડીલ ડેટા મુજબ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે તેની એફિલિયેટ સિદ્ધાંત કોમર્શિયલ્સ પ્રાઈવેટ લિમિટેડ મારતે એશિયન પેઈન્ટ્સના ૩.૫૦ કરોડ શેર (૩.૬૪%) વેચ્યા હતા. સરેરાશ શેરદીઠ રૂ.૨૨૦૧ના ભાવથી રિલાયન્સે આ શેર વેચ્યા છે જેનું મૂલ્ય રૂ.૭૭૦૩.૫૦ કરોડ થાય છે.આ હિસ્સો વેચ્યા બાદ સિદ્ધાંત કોમર્શિયલ્સનું એશિયન પેઈન્ટ્સમાં હોલ્ડિંગ ઘટીને ૧.૨૬% રહ્યું છે, જે અગાઉ ૪.૯૦% હતું. હવે તેની પાસે ૮૭ લાખ શેર છે. બીજી તરફ આ તમામ શેર એસબીઆઈ મ્યુચ્યુઅલ ફંડે ખરીદ્યા છે અને હવે એશિયન પેઈન્ટ્સમાં તેનું હોલ્ડિંગ ૧.૫૧ ટકાથી વધીને ૫.૧૫% થયું છે. એશિયન પેઈન્ટ્સના શેરનો ભાવ ૦.૭૩% વધીને રૂ.૨૨૨૫ પર બંધ રહ્યો હતો.એશિયન પેઈન્ટ્સનો નેટ પ્રોફિટ ૪૫ ટકા ઘટીને રૂ.૭૦૧ કરોડ થયો હતો, જે ગત વર્ષે આ ગાળામાં રૂ.૧૨૭૫ કરોડ હતો. આવક ૪.૨૫ ટકા ઘટીને રૂ.૮૩૫૯ કરોડ થઈ હતી, જે ગત વર્ષે આ ગાળામાં રૂ.૮૭૩૧ કરોડ હતી. કંપનીના બોર્ડે શેરદીઠ રૂ.૨૦.૫૫નું ડિવિડન્ડ જાહેર કર્યું હતું.

# રથયાત્રામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે એક્શન પ્લાન તૈયાર

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।**

અમદાવાદમાં ગઈકાલે ભગવાન જગન્નાથજીની રથયાત્રા પહેલા જળયાત્રા નીકળી હતી. હવે આગામી ૨૭મી જૂને શહેરમાં ધૂમધામથી રથયાત્રા નીકળશે. રથયાત્રામાં ગુજરાતભરમાંથી શ્રદ્ધાળુઓ આવતા હોય છે ત્યારે રથયાત્રાને લઈને પોલીસ કમિશનર જી.એસ મલિકની અધ્યક્ષતામાં આજે એક મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં વ્યવસ્થાને સહિત અનેક મુદ્દા પર ચર્ચા થઈ હતી. અમદાવાદમાં દર વર્ષે રથયાત્રા યોજાઈ છે જે દેશમાં જગન્નાથપુરી બાદ બીજી સૌથી મોટી રથયાત્રા છે. ત્યારે અમદવાદમાં શ્રદ્ધાળોઓની ભારે ભીડ જોવા મળે છે. આજે પોલીસ કમિશનર જી. એસ મલિકની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં સુરક્ષા વ્યવસ્થા તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારવા સૂચના આપવામાં આવી છે. એટલું જ નહીં પણ ગુનેગારો તેમજ અસામાજિક તત્વો પર કાર્યવાહી થશે. આ ઉપરાંત રથયાત્રામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. તેમજ જે રૂટ પરથી રથયાત્રા પસાર થવાની છે ત્યાના રહીસોની ટીમો બનાવવામાં આવી છે. આ વખતે રથયાત્રામાં આગ, ભાગદોડ કે કોઈ અન્ય દુર્ઘટનાને પહોંચી વળવા માટે છૈં ટેક્નોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલા બેંગલુરુમાં ભાગદોડની ઘટના બની હતી જેમાં કેટલાક લોકોએ જીવ ગુમાવ્યા હતા. ત્યારે આવી ઘટના ન બને તે માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે અને શ્રદ્ધાળુઓને કોઈ તકલીફ ન થાય તે માટે પણ પોલીસને સૂચના અપાઈ છે.

રથયાત્રાની તેયારી અંગે પોલીસ કમિશનર જી.એસ મલીકે જણાવ્યું હતું કે, પોલીસે આ રથયાત્રાને લઈને બે મહિના પહેલા જે તૈયારી શરૂ કરી દીધી છે જેમાં શાંતી સમિતિની મિટિંગ, મહોલ્લા સમિતિની મિટિંગ, ફૂટ પ્રેટ્રોલિંગ જેવા મુદ્દાઓ પર કામ કર્યુ છે. આ ઉપરાંત હોટલ, ગેસ્ટ હાઉસની તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત આ વખતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)થી ક્રાઉડ મેનેજમેન્ટ એટલે કે ક્યાં વધુ ભીડ થાય છે એનું ધ્યાન રાખવામાં આવશે એટલે બેંગલુરુ જેવી ઘટના ન બને આ સિવાય આગની ઘટના પણ ન બને તની છૈં દ્વારા ધ્યાન રાખવામાં આવશે. રથયાત્રામાં ચાંપતી નજર રાખવા માટે લોકોના સહયોગથી લગભગ ૨૨,૦૦૦ સીસીટીવી લગાડવામાં આવ્યા છે.'' અમદાવાદમાં ભગવાન જગન્નાથની રથયાત્રા પહેલા જળયાત્રા નીકળી હતી. ભગવાન જગન્નાથ મંદિરથી સાબરમતી નદીના ઘાટ સુધી જળયાત્રા યોજાઈ. આ જળયાત્રા રથયાત્રાના પૂર્વ તબક્કા તરીકે જાણીતી છે. જળયાત્રા ભગવાન જગન્નાથજીની ૧૨ યાત્રાઓમાં મુખ્ય યાત્રા ગણાય છે.

ભગવાન જગન્નાથ મંદિરથી જળયાત્રા નીકળીને સાબરમતી નદીના ઘાટ પર પહોંચી હતી, સોમનાથ ભુદરના આરેથી પરંપરાગત ગંગાપૂજા કરીને ૧૦૮ કળશ જળના ભરાયા હતા.૧૦૮ કળશના જળથી ભગવાનનો શાસ્ત્રોક્ત વિધિથી જળાભિષેક કરવામાં આવ્યો. જળાભિષેક પછી ભગવાન જગન્નાથજીના ગજવેશનો ખાસ શણગાર કરવામાં આવ્યો. જળયાત્રામાં ગજરાજો પણ સુશોભિત થઈને જોડાયા. ભગવાન આજથી મામાના ઘરે સરસપુર જશે. જળયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો હરખ સાથે જોડાયા. મહિલાઓ માથે કળશ લઈને જળયાત્રામાં સહભાગી થઈ. રથયાત્રા પૂર્વે ભગવાન જગન્નાથ, બલરામ અને બહેન સુભદ્રાજીના ત્રણેય રથના કલરની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. જળયાત્રા માત્ર એક ધાર્મિક કાર્યક્રમ નથી, પણ ભક્તિ, સંસ્કૃતિ અને પરંપરાનું જીવંત ચિહ્ન છે. ભગવાન જગન્નાથજીના આશીર્વાદ મેળવવા માટે ભક્તો દ્વારા શ્રદ્ધાપૂર્વક ભાગ લેવાય છે અને સમગ્ર યાત્રા દરમિયાન શહેરમાં ભક્તિનો માહોલ છવાઈ જાય છે. અમદાવાદમાં ત્રણ દિવસ પહેલા જ બુલેટ માર્ચ યોજાઈ હતી. જેમાં પીઆઈ, પીએસઆઈ સહિત ૧૦૦થી વધુ પોલીસકર્મીઓએ બુલેટ પર રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ જગન્નાથ મંદિરથી રથયાત્રાના માર્ગ પર પેટ્રોલિંગ કર્યું હતું.

## મારા ઉતર્યાના દોઢ કલાકમાં ફ્લાઈટ ક્રેશ થઈ, ફ્લાઇટમાં ઘણી ખામી હતી

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।**

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં કોણ જવાબદાર, પાયલોટ કે ટેક્નિકલ ખામી? જાણો કઈ ભૂલના કારણે થાય છે પ્લેન ક્રેશ? તે હજી જાણી શકાયુ નથી. પરંતુ જાણવા મળ્યું છે કે, આ પ્લેન વર્ષો જૂનું છે. અનેક વખત ટેકનિકલ ખામી છતાં પ્લેન ઉડાવવાનું ચાલુ જ રાખ્યું હતું. એક મહિના પહેલા જ આ ફ્લાઈટમાં ખામી સર્જાઈ હતી, ત્યારે ફ્લાઈટ કેન્સલ કરવી પડી હતી. ત્યારે પ્લેન ક્રેશના કલાક પહેલા આ પ્લેનમાં મુસાફરી કરીને આવેલા મુસાફરે પ્લેનની સ્થિતિ વિશે ચોંકાવનારી માહિતી આપી. ગઈકાલે જે એર ઈન્ડિયાના જે પ્લેનને અમદાવાદમાં અકસ્માત નડ્યો હતો, સુરતના એક મુસાફર લંડનથી એ જ પ્લેનમાં અમદાવાદ આવી પહોંચ્યા હતા. સુરતના એક મુસાફર હીનાબેન કાલરિયા ગઈકાલે લંડનથી અમદાવાદ ફ્લાઈટમાં આવ્યા હતા. તેઓ એર ઈન્ડિયા AI-172 ફ્લાઈટમાં બપોરે ૧૨ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર ઉતર્યા હતા. સુરતના હીનાબેન કલારિયા એરપોર્ટ પર ઉતરાણ કર્યાના દોઢ કલાક પછી જ ફ્લાઈટ ક્રેશ થઈ ગઈ. પરંતુ આ વિમાનની સ્થિતિ વિશે હીનાબેને જે માહિતી આપી તે અત્યંત ચોંકાવનારી છે. હીનાબેને જણાવ્યું કે, ફ્લાઈટમાં ઘણી ખામીઓ હતી. લંડનથી ફ્લાઈટના ટેકઓફની શરૂઆતમાં વિમાનનું એસી બંધ હતું. વિમાનની અંદર મૂકવામાં આવેલા બધા ડિસ્પ્લે પણ બંધ હતા. એર હોસ્ટેસને ફરિયાદ કરતાં, તેણીએ મોબાઈલ અપડેટ કરવાનું કહ્યું અને કહ્યું કે ટેકનિકલ ખામીને કારણે ડિસ્પ્લે બંધ છે. તેમણે આગળ કહ્યું કે, અમદાવાદમાં વિમાનના લેન્ડિંગ દરમિયાન ટકરાવાનો અવાજ પણ આવી રહ્યો હતો. ઈજિપ્ત જતી ફ્લાઈટમાં કોઈ સમસ્યા કે ભય નહોતો. ફ્લાઈટ અમદાવાદમાં ઉતરી ત્યારે હું ખૂબ ડરી ગઈ હતી. જ્યારે હું અમદાવાદમાં હતી, ત્યારે લોકોએ વિમાન દુર્ઘટનાના સમાચાર સાંભળવા શરૂ કર્યા. આ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકો માટે મને ખૂબ જ દુઃખ થઈ રહ્યું છે. આ દ્રશ્ય જોયા પછી હું આખી રાત ઊંઘી શકી નહીં. પ્લેન ક્રેશની ઘટનામાં ૧૦૮ ઈમરજન્સીની મહત્વપૂર્ણ કામગીરી રહી. મેઘાણીનગરમાં ૈૹ્ર કમ્પાઉન્ડ ખાતે એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થયું હતું. ઘટનામાં ૨૫૦થી વધારે લોકોના મોત નિપજ્યા છે. જ્યારે ૪૦ લોકો સારવાર હેઠળ દાખલ છે. સમગ્ર ઘટનામાં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સમાં ૧૭૬ લોકોને સ્થળ પરથી ટ્રાન્સફર કરવામાં આવ્યા. ૧૭૬ માંથી પ્લેનમાં સવાર બચનાર એક મુસાફર પણ હતો જેને પણ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો. ૧૭૬ સિવાય અન્ય લોકોને ખાનગી એમ્બ્યુલન્સ અને વાહનોમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

## વિમાનમાં વિસ્ફોટ થયો અને હું સીટ સાથે ફ્લાઇટમાંથી નીચે પડ્યો હતો : વિશ્વાસ કુમાર

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શુક્રવારે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં ઘાયલોને મળ્યા. તેમણે ગુરુવારે વિમાનમાં સવાર ૨૪૧ લોકોના મોત નિપજેલા એકમાત્ર બચી ગયેલા વિશ્વાસ કુમાર રમેશને પણ મળ્યા. પીએમ મોદીએ હોસ્પિટલના C7 વોર્ડની મુલાકાત લીધી, જ્યાં ૨૫ ઘાયલોની સારવાર ચાલી રહી છે. જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હોસ્પિટલમાં એકમાત્ર બચી ગયેલા મુસાફર વિશ્વાસ કુમાર રમેશને તેમની તબિયત જાણવા માટે મળ્યા, ત્યારે મુસાફરે જવાબ આપ્યો, "વિમાનમાં વિસ્ફોટ થયો અને હું વિમાનમાંથી કૂદી પડ્યો નહોતા પણ સીટ સાથે ફ્લાઈટમાંથી નીચે પડ્યો હતો." અકસ્માતની ભયાનકતાને યાદ કરતાં વિશ્વાસે પહેલાથી જ તેના વિશે માહિતી આપી દીધી છે. તેમણે કહ્યું હતું કે ટેકઓફ કર્યાના ૩૦ સેકન્ડ પછી એક જોરદાર અવાજ આવ્યો અને પછી વિમાન ક્રેશ થયું. વિશ્વાસે કહ્યું, "બધું ખૂબ જ ઝડપથી થયું. જ્યારે હું ભાનમાં આવ્યો ત્યારે ચારે બાજુ મૃતદેહો હતા. હું ડરી ગયો. પછી હું ઊભો થયો અને દોડ્યો. વિમાનના ટુકડા ચારે બાજુ વિખરાયેલા હતા. કોઈએ મને ઉપાડ્યો અને એમ્બ્યુલન્સમાં બેસાડીને હોસ્પિટલ લઈ ગયો." રિપોર્ટ મુજબ વિશ્વાસ રમેશ છેલ્લા ૨૦ વર્ષથી લંડનમાં રહે છે. તેની પત્ની અને બાળક પણ ત્યાં રહે છે. તે ભારતમાં તેના પરિવારને મળવા આવ્યો હતો અને તેના મોટા ભાઈ અજય કુમાર રમેશ (૪૫) સાથે યુકે પરત ફરી રહ્યો હતો. બંનેએ દીવની મુલાકાત લેવાની યોજના બનાવી હતી અને અજય વિમાનમાં અલગ સીટ પર બેઠો હતો.

## અમદાવાદ વિમાન દુર્ઘટના
## સેવા કાર્ય માટે સર્વ સમાજ એક જૂથ





સ્વજન ગુમાવનાર પરિવારજનો માટે સિવિલ હોસ્પિટલ ખાતે સેવાકાર્યમાં દરેક સમાજના લોકો એક જૂથ થઈને આગળ આવ્યા છે.

## અમદાવાદમાં થયેલા પ્લેન ક્રેશમાં મહારાષ્ટ્રની રોશનીએ ગુમાવ્યો જીવ

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।**

મહારાષ્ટ્રના ડોમ્બિવલીની રહેવાસી રોશની સોંઘરે બાળપણથી જ એર હોસ્ટેસ બનવા માંગતી હતી અને તેના માટે ખૂબ જ મહેનત કરી હતી. તેણે બાળપણનું સપનું પૂર્ણ તો કર્યું, પરંતુ ઘાતક સાબિત થયું હતું. એર હોસ્ટેસ રોશની સોંઘરે અમદાવાદમાં વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવ્યો છે. મહારાષ્ટ્ર ભાજપના કાર્યકારી પ્રમુખ રવિન્દ્ર ચૌહાણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર રોશની સોંઘરેના મૃત્યુની માહિતી આપી છે. તેમણે લખ્યું છે કે, અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ડોમ્બિવલીની રોશની સોંઘરેના દુઃખદ અવસાનથી અમે ખૂબ જ દુઃખી છીએ. એક સમર્પિત ફ્લાઈટ ક્રૂ સભ્ય તરીકે, તેમનું અવસાન એક હૃદયદ્રાવક દુર્ઘટના છે. તેમના આત્માને શાંતિ મળે. અહેવાલો અનુસાર, રોશની સોંઘરેના પિતા એક ટેકનિશિયન છે, પરંતુ તેમણે પુત્રીના સપનાઓને પાંખો આપવામાં કોઈ કસર છોડી નહીં. અંતે બે વર્ષ પહેલાં રોશની સોંઘરે એર હોસ્ટેસ બની અને સ્પાઈસજેટમાં બે વર્ષ કામ કર્યા પછી, તેમણે એર ઈન્ડિયામાં જોડાઈ હતી. અમદાવાદ વિમાન દુર્ઘટનાના બે દિવસ પહેલા રોશની સોંઘરે માદરે વતન ગઈ હતી. ત્યા તેમણે પરિવાર સાથે ગામના મંદિરમાં કુળદેવતાના દર્શન કર્યા હતા. ત્યારબાદ રોશની સોંઘરે અમદાવાદથી લંડન માટે ફ્લાઈટ પકડી હતી અને વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવ્યો છે. રોશનીના પિતા રાજેન્દ્ર સોંઘરેના જણાવ્યાનુસાર, એર ઈન્ડિયા તરફથી કોઈ સત્તાવરા એર ઈન્ડિયા તરફથી કોઈને સત્તાવાર ફોન આવ્યો નથી.

### અમેરિકાથી આવશે પુત્ર
## રાજકોટમાં થશે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અંતિમ સંસ્કાર

**। (એજન્સી) રાજકોટ, તા.૧૩ ।**

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી નિધન સમાચાર બાદ રાજકીય શોકનો માહોલ છે. રાજકીય નેતાઓ ગાંધીનગર ખાતે આવેલા તેમના બંગલે પહોંચી રહ્યા છે. જ્યાં વિજય રૂપાણીના પત્ની અંજલી રૂપાણીને સાંત્વના પાઠવી શોક વ્યક્ત કરી રહ્યા છે. ત્યારે દિવંગત વિજય રૂપાણીના અંતિમ સંસ્કાર રાજકોટમાં કરવામાં આવશે. વિજય રૂપાણીના પુત્ર ઋષભ અમેરિકામાં રહે છે, તે ત્યાંથી અમદાવાદ આવવા નીકળી ગયા છે અને આવતીકાલે (૧૪ જૂને) સવારે ૪ વાગે અમદાવાદ એરપોર્ટ પહોંચશે. જ્યારે તેમના પત્ની અંજલિબહેન રૂપાણી આજે (૧૩ જૂને) લંડનથી સ્પેશિયલ ચાર્ટડ પ્લેન મારફતે અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા હતા અને ત્યાંથી ગાંધીનગર તેમના નિવાસ સ્થાને પહોંચ્યા છે. ભારતીય જનતા પાર્ટીના નેતાઓ પૂર્વ સીએમ વિજય રૂપાણીના ગાંધીનગર નિવાસસ્થાને પહોંચવા લાગ્યા છે. જેમાં કેબિનેટ મંત્રી મૂળુભાઈ બેરા સહિત ભાજપના નેતા કુંવરજી બાવળિયા, કુબેર ડીંડોર અને ભાનુબહેન બાબરિયા, પુરુષોત્તમ રૂપાલા સહિત સરકારી અધિકારીઓ ગાંધીનગર પહોંચ્યા હતા અને પત્ની અંજલિ રૂપાણીને સાંત્વના પાઠવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અંજલિબેન રૂપાણી અને પરિવારને મળ્યા હતી. દિવંગત વિજય રૂપાણીના પરિવારજનોને મળીને સાંત્વના પાઠવી હતી. આ ઉપરાંત તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર લખ્યું કે, વિજયભાઈ આપણી વચ્ચે નથી એ વાત મન માનવા તૈયાર નથી. વર્ષોથી મારે તેમની સાથે નાતો રહ્યો છે. કંઈ કેટલાય પડકારજનક સમયમાં અમે ખભે ખભા મિલાવીને કામ કર્યું છે.

### બે ડોક્ટર દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી
## મૃતક ડોક્ટર્સ-સ્ટાફના પરિજનો માટે વળતર તથા તપાસની માગ

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।**

અમદાવાદમાં ગઈકાલે ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ એર ઈન્ડિયા ફ્લાઈટ છૈં ૧૭૧ દુર્ઘટનાની તપાસ અને વળતર મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી છે. બે ડોક્ટર દ્વારા સુપ્રીમ કોર્ટમાં આ દુર્ઘટનામાં મોતને ભેટેલા બીજે મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ, સ્ટાફ, રેસિડન્ટ ડોક્ટર્સના પરિવારજનોને રૂ. ૫૦ લાખનું વચગાળાનું વળતર આપવાની માગ સાથે અપીલ થઈ છે.

અપીલમાં માગ કરી છે કે, સુપ્રીમ કોર્ટ પ્રત્યેક મૃતકના પરિવારજનો (બીજે મેડિકલ કોલેજ હોસ્ટેલ)ને રૂ. ૫૦ લાખ સુધીનું વચગાળાનું વળતર ચૂકવવા કેન્દ્ર સરકારને આદેશ આપે. કેન્દ્ર સરકારને આ મામલે એક ઉચ્ચ સ્તરીય નિષ્ણાતની સમિતિ રચવા પણ ફરજ પાડે. જેમાં સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટના રિટાયર્ડ જજ, વિમાન તજજ્ઞ, અર્થશાસ્ત્રી અને વીમા નિષ્ણાત સામેલ થાય. આ સમિતિ પીડિત પરિવારોને વળતર આપવાનો નિર્ણય લે. આ નિર્ણય લેવા માટે તેઓ ત્રિવેણી કોડકની ફજ એર ઈન્ડિયા લિ. કેસમાં સુપ્રીમ કોર્ટના સ્થાપિત સિદ્ધાંતોનું અનુસરણ કરે. અપીલમાં પીડિતો માટે ઝડપથી વળતર નિર્ધારિત કરવાની પણ માગ થઈ છે. જેથી પીડિત પરિવારોએ લાંબી કાયદાકીય પ્રક્રિયાનો સામનો કરવો પડે નહીં. બિલ્ડિંગ અને રહેણાંક વિસ્તારના મૃતકોના પરિવારજનોના પુનર્વસન સહાયતા અને રોજગારીની તકો પ્રદાન કરે. અરજદારોએ સુપ્રીમ કોર્ટ સમક્ષ અપીલ કરી છે કે, આ દુર્ઘટનાના કારણોની ઊંડી અને સચોટ તપાસ માટે સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપે તેમજ ભવિષ્યમાં આ પ્રકારની દુર્ઘટના ન બને તે માટે આવશ્યક પગલાં લે. અમદાવાદમાં ગઈકાલે થયેલા પ્લેન ક્રેશમાં ૨૬૫ લોકોએ જીવ ગુમાવ્યા છે.

